દૈનિક
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૫ વર્ષ
# મુંબઈ સમાચાર
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 183 ■ વિક્રમ સંવત ૨૦૮૨
આષાઢ વદ -૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 4 August 2026, Tuesday ■ REGD.No. MCS/058/2018-20
મંગળવાર, ૪ ઑગસ્ટ ૨૦૨૬, (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ ૫ ૬ ૭ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# પ્રશાંત કિશોરનો કરિશ્મા, બાંકીપુરની બેઠક જીત્યા

## નીતિન નબીને ખાલી કરેલી અને ૧૯૯૫થી ભાજપનો ગઢ એવી બિહારની બેઠક પ્રશાંત કિશોરે કબજે કરી: મધ્ય પ્રદેશની દતિયા બેઠક કૉંગ્રેસને ફાળે: વડોદરાના માંજલપુર પર ભગવો

પટણા: વર્ષ ૧૯૯૫થી ભાજપની અજય ગણાતી બિહારની બાંકીપુર વિધાનસભા બેઠક પર જન સૂરાજ પક્ષના સ્થાપક પ્રશાંત કિશોરનો વિજય થયો હતો. આ બેઠક વર્ષ ૧૯૯૫થી ભાજપનો ગઢ ગણાતી હતી. મધ્ય પ્રદેશમાં કૉંગ્રેસે સોમવારે દતિયા વિધાનસભા બેઠક જાળવી રાખી હતી. કોંગ્રેસના ઉમેદવાર ઘનશ્યામ સિંહે તેના નજીકના હરીફ ભાજપના આશુતોષ તિવારીને ૬,૦૧૬ મતોથી હરાવ્યા હતા. આ પેટાચૂંટણી ઉમેદવારની પસંદગીને લઇને ભાજપ છાવણીમાં મતભેદો વચ્ચે યોજાઇ હતી. જોકે દેશમાં થયેલી પેટાચૂંટણીઓમાંની ત્રીજી વડોદરાની માંજલપુર બેઠક ભાજપે જાળવી રાખી હતી અને એના પર ભાજપની સતીશ પટેલે કોંગ્રેસના ઉમેદવાર ભીખાભાઈ રબારીને હરાવ્યા હતા.

પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીને ખાલી કર્યા બાદ આ બેઠક પર પેટાચૂંટણી યોજવાનું જરૂરી બન્યું હતું.

પ્રશાંત કિશોરે ભાજપના નિકટના પ્રતિસ્પર્ધી નીરજકુમારને ૧૯,૩૨૪ મતથી પરાજય આપ્યો હતો.

જાણીતા ચૂંટણી વ્યૂહકાર પ્રશાંત કિશોરે પ્રથમ જ વખત ચૂંટણી લડતાં ભાજપના કુમાર વિરુદ્ધ ૬૪,૧૫૧ મત મેળવતા જ ઈતિહાસ રચ્યો હતો.

પારિવારિક કારણ આગળ ધરી પક્ષના ઉમેદવાર અભિષેક 'બન્ટી'એ છેલ્લી ઘડીએ ઉમેદવારી પાછી ખેંચી લેતાં ભાજપે પક્ષની યુવા પાંખના ઓછા જાણીતા ઉમદવાર કુમારનું નામાંકન કર્યું હતું.

ભાજપના રાજ્ય એકમના પ્રમુખ સંજય સરોગીએ કહ્યું હતું તે અમે લોકોના ચુકાદા સામે શીશ ઝુકાવીએ છીએ. દરેક પરાજય બાદ અમારા પ્રતિસ્પધઓની જેમ પરાજય માટે ઈવેએમ અને ચૂંટણી પંચને દોષ દેવાને બદલે આ પરાજય પરથી અમારે બોધપાઠ લેવાનો છે, એમ તેમણે કહ્યું હતું.

પ્રશાંત કિશોરે આ વિજયને વડા પ્રધાન નરેન્દ્ર મોદી માટે વૅક અપ કૉલ લેખાવ્યો હતો અને કહ્યું હતું કે ગુનાહિત ઈતિહાસ ધરાવતા સમ્રાટ ચૌધરીને સ્થાને તેમણે નવા મુખ્ય પ્રધાનની નિમણૂક કરવી જોઈએ.

દરમ્યાન, જિલ્લા ચૂંટણી અધિકારી અને દતિયા જિલ્લા મેજિસ્ટ્રેટ સ્વપિનલ વાનખેડેના જણાવ્યા અનુસાર મતગણતરીના તમામ ૧૫ રાઉન્ડ પછી સિંહને ૬૬,૭૫૭ મત મળ્યા હતા, જ્યારે તિવારીને ૬૦,૭૪૧ મત મળ્યા હતા. આઝાદ સમાજ પાર્ટીના ઉમેદવાર દામોદર યાદવ ૨૨,૫૨૭ મતો સાથે ત્રીજા ક્રમે રહ્યા હતા.

આ ચૂંટણીમાં ઘનશ્યામ સિંહ અને આશુતોષ તિવારી સહિત કુલ ૨૧

(જુઓ પાનું ૨) ▸▸



**વિજયની ઉજવણી:** વિધાનસભાની પેટા ચૂંટણીમાં બાંકીપુરની બેઠક પર ભાજપના પ્રતિસ્પર્ધી સામે જીત મેળવ્યા બાદ વિજયની ઉજવણી કરી રહેલા જાણીતા ચૂંટણી વ્યૂહકાર પ્રશાંત કિશોર. (એજન્સી)

## કચ્છમાં ૧૮ હજારથી વધુ ઘાસકાર્ડ ધારકોને રાહતદરે ઘાસનું વિતરણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં જૂન માસ બાદ જુલાઈના પ્રથમ પખવાડિયા સુધી વરસાદ ખેંચાતાં રાજ્ય સરકારે પશુપાલકોની વહારે આવી ખાસ કિસ્સામાં રૂ. ૨ના રાહતદરે ઘાસ વિતરણ કરવાની જાહેરાત કરી હતી. આ યોજના હેઠળ ૩૧ જુલાઈ સુધીમાં કચ્છ જિલ્લાના ૧૬૦ ગામોના ૧૮,૨૬૫ જેટલા ઘાસકાર્ડ ધારક પશુપાલકોને કુલ ૧૧,૫૦,૪૭૨ કિલો રાહતદરના ઘાસનું વિતરણ કરવામાં આવ્યું છે.

સરકારી યોજના મુજબ પશુપાલકોને પાંચ પશુ દીઠ રોજનું ચાર કિલો ઘાસ મેળવવા માટે તલાટી સમક્ષ ફોર્મ ભરવાની જોગવાઈ કરવામાં આવી હતી. આ યોજનાનો લાભ આગામી ૩૧ ઑગસ્ટ ૨૦૨૬ સુધી

(જુઓ પાનું ૨) ▸▸

### નીટ-વિરોધના ૨,૭૦૦ અપરાધીઓ સામે કાર્યવાહી ચાલુ રહેશે પણ...

## વિદ્યાર્થીઓ સામેના એફઆઈઆર રાજ્યો પાછી ખેંચી શકે છે: સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી: 'નીટ'ના પ્રદર્શનકર્તા વિદ્યાર્થીઓને મુક્ત કરવા અંગેના અગાઉના આદેશમાં વપરાયેલા 'ગુનાહિત પૂર્વ ઈતિહાસ' શબ્દોનો પ્રયોગ માત્ર ગંભીર અને જઘન્ય ગુનાઓમાં સંડોવાયેલા લોકોને જ લાગુ પડે છે અને બાકીના વિદ્યાર્થીઓ સામેના એફઆઈઆર સંબંધિત રાજ્યો કાયદાનુસાર પાછા ખેંચી શકશે એવી સ્પષ્ટતા સુપ્રીમ કોર્ટે સોમવારે કરી હતી.

સરકાર વતી ઉપસ્થિત રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું હતું કે સરકાર 'ગંભીર ગુના અને ગુનાહિત પૂર્વ ઇતિહાસ' ધરાવતાઓ વિરુદ્ધના એફઆઈઆર પાછા ખેંચી લેવા સહમત નથી.

સરકારના જણાવ્યા અનુસાર ૨,૭૦૦ કરતાં પણ વધુ પ્રદર્શનકર્તા ગંભીર ગુનામાં સંડોવાયેલા હોવા ઉપરાંત ગુનાઇત ઈતિહાસ પણ ધરાવે

(જુઓ પાનું ૨) ▸▸

### જામનગરમાં ફૂડ સેફ્ટી વિભાગની મેગા ડ્રાઈવ

## ૩૮ સ્થળની તપાસ, ૧૧૧ કિલો વાસી ખાદ્ય પદાર્થોનો નાશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગર: મહાનગરપાલિકા દ્વારા કમિશનર દીપેશ કેડિયા અને આરોગ્ય વિભાગના માર્ગદર્શન હેઠળ શહેરમાં ફૂડ સેફ્ટી અંગે સઘન ચકાસણી હાથ ધરવામાં આવી હતી. શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી હૉટેલ, રેસ્ટૉરન્ટ, ફરસાણની દુકાનો, બેકરી, ફૂડ ફેક્ટરી અને આઈસ ફેક્ટરીઓમાં તપાસ કરી વાસી ખાદ્યપદાર્થો તેમ જ સ્વચ્છતાના ધોરણોની ચકાસણી કરવામાં આવી હતી. ફૂડ સેફ્ટી ઓફિસરની ટીમે ગુલાબનગર, જકાતનાકા, હરિયા કૉલેજ રોડ, ડી.કે.વી. કોલોની, ગ્રીન માર્કેટ, માધાપર ભુંગા, જોડિયા ભુંગા, હીરડા રોડ સહિત શહેરના વિવિધ વિસ્તારોમાં કુલ ૩૮ સ્થળની તપાસ કરી હતી. આ દરમિયાન ૧૧૧ કિલોગ્રામ વાસી અને અનહાઇજેનિક

(જુઓ પાનું ૨) ▸▸



એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# નીતિન નબીનનો ગઢ છીનવી પી. કે.એ ભાજપનું નાક વાઢ્યું

**દેશના** રાજકારણ માટે જરાય મહત્ત્વની ના કહેવાય એવી ત્રણ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણીનાં પરિણામ આવી ગયાં અને આ પરિણામ ભાજપ માટે આંચકાજનક છે. બિહારની બાંકીપુર, ગુજરાતની માંજલપુર અને મધ્ય પ્રદેશની દતિયા આ ત્રણ વિધાનસભા બેઠકોમાંથી બાંકીપુર અને માંજલપુર એ બે બેઠકો ભાજપ પાસે હતી પણ ભાજપ તેમાંથી માંજલપુર બેઠક જ જાળવી શક્યો છે જ્યારે બાંકીપુર બેઠક હારી ગયો છે. મધ્ય પ્રદેશની દતિયા બેઠક ૨૦૨૩માં કૉંગ્રેસે જીતેલી પણ એ પહેલાં ભાજપનો ગઢ હતી. ૨૦૨૩માં કૉંગ્રેસે આ ગઢના કાંગરા ખેરવી નાખ્યા પછી આ વખતે ભાજપે દતિયા જીતવા માટે પૂરી તાકાત લગાવી દીધેલી પણ ભાજપ કૉંગ્રેસને ના હરાવી શક્યો. ગુજરાત, બિહાર અને મધ્ય પ્રદેશ ત્રણેય રાજ્યોમાં ભાજપની સરકારો છે. સામાન્ય રીતે પેટાચૂંટણીમાં સત્તાધારી પક્ષ જીતતો હોય છે પણ ભાજપ બે રાજ્યોમાં પોતાની સત્તા હોવા છતાં જીતી ના શક્યો એ મોટી નાલેશી કહેવાય. તેમાં પણ બિહારની બાંકીપુરની હાર તો ભાજપ માટે બે રીતે આબરૂનો ફજેતો છે. આ બેઠક ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ નીતિન નબીનનો ગઢ છે. નીતિન નબિન રાષ્ટ્રીય પ્રમુખ બનતાં ભાજપે તેમને રાજ્યસભામાં મોકલ્યા તેથી આ બેઠક ખાલી પડેલી.

નીતિન નબીન છેલ્લી ૪ ટર્મથી આ બેઠક પર જીતતા હતા તેથી આ વખતે પણ ભાજપ સરળતાથી જીતી જશે એવું લાગતું હતું પણ આશ્ચર્યજનક રીતે ભાજપ હારી ગયો. ભાજપના ઘા પર મીઠું ભભરાવવા જેવી વાત પાછી એ છે કે, બાંકીપુરમાંથી ચૂંટણી વ્યૂહરચનાકારમાંથી રાજકારણી બનેલા પ્રશાંત કિશોર ઉર્ફે પી. કે. જીતી ગયા છે. હજુ બે વરસ પહેલાં જ થયેલી બિહાર વિધાનસભાની ચૂંટણીમાં પી. કે.ની જન સુરાજ પાર્ટીનું સાવ પડીકું થઈ ગયું પછી ભાજપના નેતા પી. કે.ની હાંસી ઉડાવતા હતા. એ જ પી. કે. ભાજપના રાષ્ટ્રીય પ્રમુખની બેઠક આંચકી ગયા એ ભાજપ માટે આંચકાજનક તો કહેવાય જ.

પી. કે.ની જીતના પિષ્ટપિંજણમાં શું બહાર આવે છે એ જોઈએ પણ આ પરિણામો દેશના મતદારોનો મિજાજ બદલાઈ રહ્યો છે કે શું એ સવાલ પેદા કરે છે. તેનું કારણ એ કે, લોકોએ માત્ર ભાજપને નથી નકાર્યો પણ બિહારમાં ફરી બેઠા થવા માગતા તેજસ્વી યાદવની રાષ્ટ્રીય જનતા દળને પણ નકારી છે. આરજેડીનાં મહિલા ઉમેદવાર રેખા કુમારીને પૂરા ૧૫ હજાર મત પણ મળ્યા નથી તેના પરથી એવું લાગે કે, આરજેડી જેવા જ્ઞાતિવાદને પોષનારા પક્ષોના દાડા તો સાવ જ ભરાઈ ગયા છે.

એક મત એવો છે કે, જેન-ઝી ભાજપથી નારાજ છે તેનો ફાયદો પી. કે.ને મળી ગયો. નીટ પેપર લીક થયું તેમાં ભાજપની સરકારે પાપીઓને છાવરવાનાં ફાંફાં માર્યાં તેથી નારાજ જેન-ઝીએ પી. કે. જેવા શિક્ષિતને મત આપવાનું પસંદ કર્યું હોય એ શક્ય છે. બિહારમાં ભાજપે પક્ષપલટુ સમ્રાટ ચૌધરીને ગાદી પર બેસાડી દીધા તેના કારણે ભાજપના કાર્યકરો નારાજ હોય ને સક્રિય ના રહ્યા હોય તેના કારણે પી. કે.ને ફાયદો થયો હોય એ પણ શક્ય છે પણ આ જીતે પી. કે.ની રાજકીય કારકિર્દીને જીવતદાન આપી દીધું છે તેમાં શંકા નથી. પી. કે. મોટા ચૂંટણી વ્યૂહરચનાકાર ગણાતા હોવા છતાં પોતાની જન સુરાજ પાર્ટીને એક પણ બેઠક ના જીતાડી શક્યા એ કલંક આ જીતથી થોડું ભૂંસાશે.

મધ્ય પ્રદેશમાં પણ દતિયા બેઠકની હાર ભાજપ માટે લપડાક સમાન છે. દતિયા એક જમાનામાં મધ્ય પ્રદેશ ભાજપના દિગ્ગજ બ્રાહ્મણ નેતા નરોત્તમ મિશ્રાનો ગઢ હતો. મધ્ય પ્રદેશના ભૂતપૂર્વ ગૃહમંત્રી નરોત્તમ મિશ્રા આ બેઠક પરથી ત્રણ વાર જીત્યા હતા પણ ૨૦૨૩માં કૉંગ્રેસના રાજેન્દ્ર કુમાર ભારતીને મિશ્રાએ હરાવીને તેમના પ્રભુત્વનો અંત આણ્યો હતો. ૩ એપ્રિલ ૨૦૨૬ના રોજ, દિલ્હીની એક વિશેષ અદાલતે ૨૦૧૫ના કેસમાં બેંક સાથે છેતરપિંડી કરવા બદલ રાજેન્દ્ર ભારતીને ૩ વર્ષની જેલની સજા ફટકારતાં આ બેઠક ખાલી પડેલી.

મિશ્રાએ ફરી ટિકિટ માટે ભારે ધમપછાડા કર્યા પણ ભાજપે તેમના બદલે આશુતોષ તિવારીને ટિકિટ આપી દીધેલી. મિશ્રાએ રીતસરની બગાવત કરી નાખેલી પણ હાઈકમાન્ડે લાલ આંખ કરતાં છેવટે મિશ્રા ઠંડા પડી ગયેલા. જો કે અંદરખાને નારાજ મિશ્રાએ તિવારીનું તપેલું ચઢાવીને કૉંગ્રેસના ઘનશ્યામસિંહને જીતવામાં મદદ કરી હોવાની શક્યતા નકારી ના શકાય. મુખ્યમંત્રી મોહન યાદવ ભ્રષ્ટાચારના કારણે વગોવાયેલા છે તેની પણ અસર પડી હશે. કારણ ગમે તે હોય, દતિયામાં ભાજપનું નાક વઢાયું જ છે.

ગુજરાતમાં ભૂતપૂર્વ મંત્રી યોગેશ પટેલનાં નિધનથી ખાલી પડેલી વડોદરાની માંજલપુર વિધાનસભા બેઠક ભાજપે જાળવી છે. ભાજપના સતેન્દ્રભાઈ ઉર્ફે સતિષ પટેલે કૉંગ્રેસના ભીખાભાઈ રબારીને હરાવ્યા છે પણ તેમની લીડ બહુ ઘટી છે. અલબત્ત લીડ આંકડાની રીતે ઓછી થઈ પણ મતદાનની ટકાવારીને જોતાં બહુ નથી ઘટી તેથી ભાજપ માટે ચિંતાનું કારણ નથી.

યોગેશ પટેલ ૨૦૨૨માં માંજલપુરમાંથી ૧ લાખ કરતાં વધારે મતે જીતેલા જ્યારે સતિષ પટેલની લીડ માંડ માંડ ૩૦ હજારને પાર થઈ છે તેનું કારણ સાવ ઓછું મતદાન છે. પેટાચૂંટણી હોવાથી મતદારોને તો ઝાઝો રસ નહોતો જ પણ ભાજપ અને કૉંગ્રેસના કાર્યકરોને પણ રસ નહોતો તેથી માંડ ૩૭ ટકા મતદાન થયેલું. ૨૦૦૨માં ૬૧ ટકા મતદાન થયેલું તેની સરખામણીમાં ૨૪ ટકા ઓછું મતદાન થયું ને બધા મળીને માંડ ૮૨ હજાર મત પડેલા એ જોતાં લીડ ઘટવાની હતી જ.

યોગેશ પટેલ સામે ૨૦૨૨માં કૉંગ્રેસ અને આમ આદમી પાર્ટી બંનેના ઉમેદવાર હતા. બંને ભેગા મળીને લગભગ ૩૧ હજાર મત લઈ ગયેલાં પણ મતો વહેંચાઈ ગયેલા તેથી લીડ લાખને પાર થઈ ગઈ. સતિષ પટેલની સામે કૉંગ્રેસના ભીખાભાઈ રબારી જ હતા તેથી સીધાં જંગમાં લીડ ઓછી લાગે, બાકી ભાજપ વિરોધી મતોને ધ્યાનમાં લઈને ગણતરી કરો તો યોગેશ પટેલની લીડ સતિષ પટેલ કરતાં કંઈ બહુ વધારે નહોતી. ટકાવારીની રીતે ૨૦૨૨માં યોગેશ પટેલને કુલ પડેલા ૧.૩૦ લાખ મતમાંથી ૧. ૨૦ લાખની આસપાસ એટલે કે લગભગ ૮૦ ટકા મત મળેલા જ્યારે સતિષ પટેલને ૮૨ હજારમાંથી ૫૬ હજાર એટલે કે લગભગ ૭૦ ટકા મત મળ્યા છે. યોગેશ પટેલ ધુરંધર નેતા હતા ને ૧૯૯૦થી જીતતા હતા તેના કારણે આટલો ફરક તો રહે જ ને!

ટૂંકમાં ભાજપે ગુજરાતમાં કંઈ ચિંતા કરવા જેવું નથી પણ મધ્ય પ્રદેશ અને બિહારનાં પરિણામો ચોક્કસ ચિંતાજનક છે. વિધાનસભાની એકાદ બેઠકની પેટાચૂંટણીની હારથી કોઈ રાજ્યનાં રાજકીય સમીકરણો બદલાઈ જતાં નથી પણ લોકોના મિજાજની ઝલક ચોક્કસ જોવા મળી જાય છે. ભાજપ તો આ બધું પારખવામાં ને તરત તેની દવા કરવામાં બહુ પાવરધો છે એ જોતાં બિહાર ને મધ્ય પ્રદેશમાં નવાજૂની થાય તો નવાઈ ના પામતા. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ, મંગળવાર, તા. ૪–૮–૨૦૨૬, ભદ્રા પ્રારંભ

- ભારતીય દ્દિનાંક ૧૩, માહે શ્રાવણ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, આષાઢ વદ –૬
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે આષાઢ, તિથિ વદ –૬
- પારસી શહેનશાહી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૦મો બહેરામ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૧૭મો સરોશ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૨૦મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૨૧મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- નક્ષત્ર રેવતી રાત્રે ક. ૨૧–૫૩ સુધી, પછી અશ્વિની
- ચંદ્ર મીનમાં રાત્રે ક. ૨૧–૫૩ સુધી, પછી મેષમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ), મેષ (અ, લ, ઈ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૭, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૩, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૧, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૮, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : બપોરે ક. ૧૫–૧૪. મધ્યરાત્રિ પછી ક. ૦૪–૦૧ (તા. ૫)
- ઓટઃ ક. ૦૮–૧૩, રાત્રે ક. ૨૧–૩૬
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, આષાઢ કૃષ્ણ – ષષ્ઠી. કેરપૂજા (ત્રિપુરા), ભદ્રા પ્રારંભ સાંજે ક. ૧૮–૧૮. સૂર્ય મહાનક્ષત્ર આશ્લેષા, વાહન હાથી.
- શુભાશુભ દ્દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ હનુમાન ચાલીસા, સુંદરકાંડ પાઠ વાંચન, નિત્ય થતાં દુકાન–વેપાર, પશુ લે–વેંચના કામકાજ, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, મંગળ–બુધ ગ્રહદેવતાનું પૂજન વિશેષરૂપે, મહુડાના ઔષધીય પ્રયોગો, પૂષા દેવતાનું પૂજન, લાલ વસ્ત્ર, આભૂષણ, હજામત, માલ લેવો, બી વાવવું, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન. આચમનઃ ચંદ્ર–બુધ ચતુષ્કોણ ગપ્પા મારવાની આદત, ચંદ્ર–ગુરુ ચતુષ્કોણ સટ્ટો કરવાનો શોખ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–બુધ ચતુષ્કોણ, ચંદ્ર–ગુરુ ચતુષ્કોણ
- ગ્રહગોચરઃ સૂર્ય–કર્ક, મંગળ–મિથુન, માર્ગી બુધ–મિથુન, માર્ગી ગુરુ–કર્ક, શુક્ર–કન્યા, વક્રી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, વક્રી નેપ્ચ્યુન–મીન, વક્રી પ્લુટો–મકર. ■

# મોદીની પોસ્ટ હટાવવાની ભૂલ માટે મેટાએ માફી માગી લીધી

### જોકે સંસદીય સમિતિના સભ્યો માગ કરી રહ્યા છે કે ઝકરબર્ગે જાતે પીએમની માફી માગવી જોઈએ

નવી દિલ્હીઃ સોશ્યલ મીડિયા જાયન્ટ મેટાએ સસંદીય સમિતિ સમક્ષ સોમવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ફેસબુકની પોસ્ટ પર ટૂંકા ગાળાના અંકુશો મૂકવા બદલ માફી માગી હતી. સમિતિના સભ્યોએ કાનૂની પગલાં અને પ્રતિબદ્ધતા નક્કી કરવાની માગણી કરી હતી. સ્થાયી સમિતિના વડા નિશિકાંત દુબેએ સોમવારે માહિતી આપી હતી કે મેટાના વડા માર્ક ઝકરબર્ગે જાતે ફેસબુકમાંથી મોદીના વીડિયો દૂર કરવા માટે માફી માગવી જોઈએ અનેક સભ્યોએ પ્રતિબદ્ધતા નક્કી કરીને કાનૂની પગલાં લેવાની માગણી કરી હતી. સૂત્રોના જણાવ્યા પ્રમાણે સમિતિના વિરોધ પક્ષના સભ્યોએ કહ્યું હતું કે સોશ્યલ મીડિયામાં વિરોધી સૂરને સરકારવિરોધી સામગ્રી ન ગણવામાં આવે અને એને અવકાશ આપવો જોઈએ.

ખાતા સંબધિત સ્ટેન્ડિંગ કમિટિની બેઠકમાં સભ્યોએ નિર્દેશ કર્યો હતો કે મેટા ભારતમાંથી મોટી આવક રળે છે, પરંતુ તે ભારતના નિયમોનું પાલન કરતું નથી. અલગોરિધમિક પક્ષપાત બાબતે મેટાના અધિકારીઓ સોમવારે સમિતિ સમક્ષ હાજર થયા હતા અને સભ્યોએ તેમનો ઊધડો લીધો હતો. સભ્યોએ કહ્યું હતું કે પ્લેટફોર્મ પર અશ્લીલ સાહિત્ય મુક્ત રીતે જોવા મળે છે, પરંતુ 'અણીશુદ્ધ' સામગ્રી દૂર કરાય છે.

એક સસંદસભ્યે મેટાના પ્રતિનિધિઓને પૂછ્યું હતું કે ફેસબુકે અનેક વાંધાજનક સામગ્રી કાઢી નથી, પરંતુ મોદીના વીડિયોને પ્લેટફોર્મ પરથી દૂર કર્યો હતો.

સૂત્રોએ સભ્યને એ કહેતા ટાંક્યા હતા કે આની અંતિમ જવાબદારી કોણ લેશે.

આ પૂછપરછ સરકારે મેટાના ટોચના એક્ઝિક્યુટિવને સમન્સ મોકલ્યા હોવાથી સંભવ બનવી હતી. મોદીએ ભારતના યુવાનોને સંબોધતા અને તાજેતરમાં પેપર લીક સામે કડક પગલાં લેવાનું કહેતા વીડિયો પર અંકુશ મૂક્યો હતો.

અમેરિકામાં વડું મથક ધરાવતા મેટાએ આને ટેક્નિકલ અડચણ ગણાવી માફી માગી હતી. જો કે, ઇલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટૅક્નોલોજીના ખાતાએ આ ખુલાસને અપૂરતો ગણાવ્યો હતો. કંપનીએ કહ્યું હતું કે વીડિયો ભૂલને લીધે દૂર કરાયો હતો અને તેને તરત જ પ્લેટફોર્મ પર પાછો મુકાયો હતો.

પેનલના બીજા સભ્યોએ કહ્યું હતું કે લોકશાહીમાં વડા પ્રધાનનો વીડિયો સલામત નથી, આની પ્રતિબદ્ધતા નક્કી થવી જ જોઈએ. (એજન્સી)■

# સંબંધમાં ક્રૂરતાની ૪૯૮-એ કલમ લિવ-ઇન પાર્ટનરને લાગુ પડશેઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે ઇન્ડિયન પીનલ કોડની ૪૯૮-એની કલમનો અવકાશ વિસ્તારિત કરીને સોમવારે ચુકાદો આપ્યો હતો કે પતિ કે તેમના કુટુંબીજનોના જુલમ સંબંધિત આ કલમ હવે લિવ-ઇન રિલેશનશિપમાં રહેલા પાર્ટનરને લાગુ પડશે

જસ્ટિસ સંજય કારોલ અને જસ્ટિસ એન. કોટિશ્વર સિંહની બેન્ચે કહ્યું હતું કે લિવ-ઇન રિલેશનશિપમાં રહેલા સંબંધો લગ્ન જેવા હોય અને પુરુષ મહિલા પર જુલમ ગુજારે તો તેના પર તો ૪૯૮એની કલમ હેઠળ કામ લઈ શકાશે.

કલમ ૪૯૮એ મહિલાના પતિ કે તેના કુટુંબીજનો માટે જે મહિલા પર જુલમ કરે છે.

બેન્ચે કહ્યું હતું કે જો લિવ-ઇન રિલેશનશિપનો હેતુ લગ્ન પ્રકારના સંબંધો હોય તો કલમ ૪૯૮એ લિવ-ઇન રિલેશનશિપના પણ વ્યક્તિને પણ લાગુ પડે છે.

બેન્ચે વધુમાં કહ્યું હતું કે લિવ-ઇન રિલેશનશિપને કલમ ૪૯૮નું સંરક્ષણ પ્રાપ્ત છે. આ કલમ સંમતિથી રહેતી બે વયસ્ક વ્યક્તિ વચ્ચેની લિવ-ઇન રિલેશનશિપને લાગુ પડશે. બેન્ચે સ્પષ્ટ કર્યું હતું કે લિવ-ઇન રિલેશનશિપને કલમ ૪૯૮-એ લાગુ પડશે, પરંતુ વિસ્તારીત અર્થઘટન કાયદાની બીજી કોઈ જોગવાઈમાં અસર નહીં પાડે.

સર્વોચ્ચ અદાલતે કહ્યું હતું કે ધરપકડ સામેનું રક્ષણ અને બીજા પરિબળોનો ચુસ્તપણે અમલ થવો જોઈએ અને લગ્ન જેવી લિવ-ઇન રિલેશનશિપમાં મહિલા પર અત્યાચાર કરનાર પાર્ટનર કે તેના સગવહાલાની પ્રાથમિક તપાસ કર્યા વિના ધરપકડ થવી જોઈએ.

સર્વોચ્ચ અદાલતે કહ્યું હતું કે લિવ-ઇન-રિલેશનશિપમાં જનાર કોઈ પણ વ્યક્તિ એમ ઈચ્છતી નથી કે તેમની સાથે જુલમ થવો જોઈ એ. પછીથી અમુક સંબંધો તોફાની બની જાય છે અને તો તેને કાયદાનું સંરક્ષણ મળવું જોઇએ. (એજન્સી)■

# રોડ સાથે અતિક્રમણ - મુક્ત ફૂટપાથ હોય એ નિશ્ચિત કરે સરકારઃ કેન્દ્ર

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે સોમવારે કેન્દ્રને નિર્દેશ આપ્યો હતો કે જ્યાં પણ રસ્તો હોય ત્યાં રાહદારીઓ માટે યોગ્ય રીતે સીમાંકિત, અતિક્રમણ મુક્ત જગ્યા હોય.

ન્યાયાધીશ પી.એસ. નરસિંહા અને આલોક આરાધેની બેન્ચે કેન્દ્ર વતી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ કેએમ નરરાજને સંબંધિત અધિકારીઓને સૂચના આપવા કહ્યું કે ચાલવા માટેની જગ્યા પર અતિક્રમણ ન થાય અને એને વાહનની લેનથી યોગ્ય રીતે અલગ કરવામાં આવે.

બેન્ચે નટરાજને કહ્યું કે કોઈપણ મોટા રોકાણ અને બાંધકામ વિના, ફક્ત ખાતરી કરો કે ચાલનારાઓ માટે યોગ્ય સીમાંકન કરવામાં આવે. જ્યાં પણ રસ્તો હોય ત્યાં ચાલનારાઓ માટે જગ્યા હોવી જોઈએ. દોરડા અથવા કોઈપણ વસ્તુથી કરો અને ખાતરી કરો કે તે પર અતિક્રમણ ન થાય.

બેન્ચે તેમને અધિકારીઓને સૂચના આપવા માટે બે અઠવાડિયાનો સમય આપ્યો હતો, સાથે જ ભાર મૂક્યો હતો કે રાહદારીઓને વિશ્વાસ હોવો જોઈએ કે આ જગ્યા તેમના માટે છે અને તેઓ વાહનોના કોઈપણ ભય વિના મુક્તપણે ત્યાં ચાલી શકે છે.

સર્વોચ્ચ અદાલતે આ મામલાની વધુ સુનાવણી બે અઠવાડિયા પછી મુલતવી રાખી છે.

૧૯ જૂનના રોજ, એક મહત્વપૂર્ણ ચુકાદામાં, સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું હતું કે સીમાંકિત ફૂટપાથ પર ચાલવાનો અધિકાર મૂળભૂત અધિકાર છે.

તેણે ઠરાવ્યું હતું કે સીમાંકિત રસ્તાઓ પર મોટરચાલિત વાહનો કરતાં આ અધિકારને પ્રાથમિકતા આપવામાં આવશે અને તે કલમ ૧૯ (૧) (ડી) અને કલમ ૨૧ (જીવન અને સ્વતંત્રતાનો અધિકાર) સહિત અન્ય મૂળભૂત અધિકારો હેઠળ ગેરંટી આપવામાં આવેલા અધિકારનો ભાગ બને છે. ■

# મહિલા રેસલર સાથે દુરાચારઃ બ્રિજભૂષણ સિંહ નિર્દોષ જાહેર

### પીડિતો આદેશ સામે અપીલ કરશેઃ વિનેશ ફોગાટ

નવી દિલ્હી : દિલ્હી કોર્ટે પુરાવાના અભાવ અને વિરોધાભાસી જુબાનીનું કારણ આપીને વર્લ્ડ ચેમ્પિયનશિપનાં ચંદ્રકવિજેતા વિનેશ ફોગાટ સહિત છ મહિલા કુસ્તીબાજોએ નોંધાવેલા જાતીય કનડગત કેસમાં રેસ્ટર્લિંગ ફેડરેશન ઑફ ઇન્ડિયાના ભૂતપૂર્વ વડા બ્રિજભૂષણ શરણ સિંહને દોષમુક્ત જાહેર કર્યા છે. એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ અશ્વિની પનવરે ભાજપના સંસદસભ્ય બ્રિજભૂષણ ઉપરાંત ફેડરેશનના ભૂતપૂર્વ આસિસ્ટન્ટ સેક્રેટરી વિનોદ તોમરને ૨૦૨૩ના હાઈ પ્રોફાઈલ

કેસમાં નિર્દોષ જાહેર કર્યા હતા.

ફોગાટે કહ્યું હતું કે મહિલા કુસ્તીબાજોએ તેમના વકીલોને આ ચુકાદા સામે બને એટલી વહેલી અપીલ કરવાની સૂચના આપી છે.

જજે બંધબારણે ચુકાદો જાહેર કરતા પુરાવાના અભાવ તથા સાક્ષીઓની વિરોધાભાસી અને સાતત્યવિહોણી જુબાનીનાં કારણો આપીને આરોપીને છોડી મૂક્યા હતા, એમ બે આરોપીના વકીલે કહ્યું હતું.

રાજીવ મોહને કહ્યું હતું કે અદાલતે સાક્ષીઓએની સાતત્યવિહોણી, અવિશ્વસનીય અને વિરોધાભાસી જુબાની અને આરોપી અન્યત્ર હોવાનો આધાર સ્વીકાર્યો હતો.

આ કેસમાં આરોપીએ એવો દાવો કર્યો હતો કે તે બીજે હતો અને આ ગુનો કરવો તેને માટે શારીરિક રીતે સંભવ નહોતો.

મહિલા કુસ્તીબાજો માટે સિનિયર ઍડવોકેટ રેબેકા જોને દલીલ કરી હતી. વિગતવાર ચુકાદો હજી આવ્યો નથી.

બ્રિજભૂષણ સિંહે કહ્યું હતું કે અદાલતે મને બાઈજ્જત બરી કર્યો છે. મેં પહેલા દિવસે જ કહ્યું હતું કે આ આક્ષેપો સાચા હશે તો હું ફાંસીએ ચડવા તૈયાર છું. મને આનંદ છે કે મને આજે નિર્દોષ છોડી મુકાયો છે. આ મારા અને મારા ટેકેદારો માટે સારા સમાચાર છે.

હું આનાથી વિશેષ કશું કહીશ નહીં. અદાલતના વિગતવાર ચુકાદાને તપાસ્યા બાદ હું વધુ ટિપ્પણી કરીશ.

અદાલતની બંધબારણે ભરાયેલી કાર્યવાહીમાં પત્રકારોને હાજર રહેવા દેવાયા નહોતા.

૨૦૨૩ના એપ્રિલ-મેમાં મહિલા કુસ્તીબાજોએ દિલ્હીના જંતર મંતરમાં પ્રોટેસ્ટ ક્ર્યો હતો. ૩૬ દિવસ કુસ્તીબાજોએ ધરણાં કર્યાં હતા. સાક્ષી મલિક અને બજરંગ પુનીયા આ આંદોલનના ચહેરા હતા. (એજન્સી) ■

પહેલા પાનાનું ચાલુ

## પ્રશાંત કિશોરનો

ઉમેદવારો મેદાનમાં હતા. આ વર્ષે એપ્રિલમાં દિલ્હીની એક કોર્ટે કોંગ્રેસના વર્તમાન ધારાસભ્ય રાજેન્દ્ર ભારતીને છેતરપિંડીના કેસમાં ત્રણ વર્ષની સજા ફટકારી હોવાથી આ પેટાચૂંટણી યોજવાની ફરજ પડી હતી. જેના કારણે તેમનું વિધાનસભા સભ્યપદ સમાપ્ત થઇ ગયું હતું.આ અંગે ઘનશ્યામ સિંહે પત્રકારોને જણાવ્યું કે આ પરિણામ ભાજપના અંતની શરૂઆત છે. ભોપાલમાં પ્રદેશ કોંગ્રેસ મુખ્યાલયમાં ઉજવણી કરવામાં આવી હતી અને પક્ષના કાર્યકરોએ મીઠાઇઓ વહેંચી હતી. આ પેટાચૂંટણીમાં કુલ ૨૧ ઉમેદવારો મેદાનમાં હતા અને ૭૧.૪૪ ટકા મતદાન થયું હતું. જો કે મુખ્ય હરીફાઇ કોંગ્રેસના સિંહ અને શાસક ભાજપના તિવારી વચ્ચે હતી.

૨૦૨૩ની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર ભારતીએ દતિયામાં ભાજપના ઉમેદવાર અને રાજ્યના ભૂતપૂર્વ ગૃહ પ્રધાન નરોત્તમ મિશ્રાને ૭,૭૦૦ કરતાં વધુ મતોથી હરાવ્યા હતા. ભાજપે પેટાચૂંટણી માટે મિશ્રાને ટિકિટ આપી નહીં અને તેની જગ્યાએ તિવારીને મેદાનમાં ઉતાર્યા હતા. (એજન્સી) ■

## વિદ્યાર્થીઓ સામેના

છે. દરમિયાન એફઆઈઆરને મામલે સુપ્રીમ કોર્ટ દ્વારા કરવામાં આવેલી સ્પષ્ટતાને સીજેપીએ આવકારી હતી અને આશા વ્યક્ત કરી હતી કે પ્રદર્શનકર્તા વિદ્યાર્થીઓને બાંયધરી આપતા પચીસ જુલાઈએ કરવામાં આવેલા કરારનો કેન્દ્ર સરકાર અને ભાજપ-એનડીએ શાસિત રાજ્યો દ્વારા તાત્કાલિક અમલ કરવામાં આવશે.

૨૦ જુલાઈએ દિલ્હીમાં સંસદ સુધીની માર્ચ સહિત 'નીટ' પેપર લીકને મામલે યોજાયેલા વિરોધપ્રદર્શનમાં ભાગ લેનારાં વિદ્યાર્થીઓ સામે નોંધાયેલા એફઆઈઆરની કાર્યવાહી આગળ ન વધારવા (જો તેઓ કોઈ ગંભીર ગુનાહિત ઈતિહાસ ધરાવતા ન હોય તો)ને મામલે સરકાર ગંભીર હોવાનું કેન્દ્ર સરકારે કોર્ટને જણાવ્યું હતું.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્ત, ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી અને ન્યાયાધીશ વી. મોહન્નાની બનેલી ખંડપીઠે સીજેપીના વડપણ હેઠળ કરવામાં આવેલા વિરોધપ્રદર્શન દરમિયાન પોલીસ દ્વારા વિદ્યાર્થીઓ પર કરવામાં આવેલા લાઠીચાર્જ અને અત્યાચારો સંબંધિત અરજીઓની સુનાવણી કરી રહી હતી. 'ગુનાહિત પૂર્વ ઈતિહાસ' શબ્દોનો અર્થ માત્ર ગંભીર અને જઘન્ય ગુનાઓ પૂરતો જ મર્યાદિત હોવાનું કોર્ટે કહ્યું હતું.

કોર્ટે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે દિલ્હી એનસીએલટી સહિત અન્ય કોઈપણ રાજ્યને વિદ્યાર્થીઓ વિરુદ્ધના એફઆઈઆર પાછા ખેંચી લેવાની છૂટ રહેશે.

સરકારની આ સ્પષ્ટતા બાદ રાજ્ય સરકારોને વિરોધપ્રદર્શન સંબંધિત કેસને મામલે નિર્ણય લેવાની સત્તા રહેશે. જોકે ગંભીર ગુના અને ગુનાઇત પૂર્વ ઈતિહાસ ધરાવનારાંઓને કોઈપણ પ્રકારની રાહત આપવામાં નહીં આવે. (એજન્સી) ■

## ૩૮ સ્થળની તપાસ

સ્થિતિમાં રાખવામાં આવેલા ખાદ્યપદાર્થોનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. ઉપરાંત ૭૬ પેકેટ એક્સપાયરી ડેટ ધરાવતા ખાદ્યપદાર્થો તથા ૫૩ કિલોગ્રામ પ્લાસ્ટિક કેરીબેગનો પણ નાશ કરવામાં આવ્યો હતો.

તપાસ દરમિયાન વેપારીઓને રસોડામાં સ્વચ્છતા જાળવવા, હાઇજિનિક કન્ડિશન જાળવવા, ગ્રાહકોને પીરસવામાં આવતા પનીર, ચીઝ, બટર સહિતના ખાદ્યપદાર્થોની સ્પષ્ટ માહિતી દર્શાવવા તેમ જ સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ નહીં કરવા સૂચના આપવામાં આવી હતી.

ગુલાબનગર વિસ્તારમાં રહેણાક મકાનમાં ગેરકાયદેસર રીતે મટનનું વેચાણ કરતા અને એફએસએસએઆઈ લાઇસન્સ વિના ધંધો ચલાવતા વેપારી સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સંબંધિત મટનના નમૂના લેવામાં આવ્યા હતા તેમ જ ફૂડ સેફ્ટી ઍન્ડ સ્ટાન્ડર્ડ્સ ઍક્ટની કલમ ૩૧ અને ૩૨ હેઠળ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

હિંમતનગર વિસ્તારમાં આવેલી એક પેઢીમાં ઓનલાઈન ફરિયાદના આધારે તપાસ કરતાં રસોડામાં હાઇજિનિક કન્ડિશન જાળવવામાં આવતી ન હોવાનું સામે આવ્યું હતું. અહીંથી ૧૫ કિલોગ્રામ તૈયાર અનહાઇજેનિક ખાદ્યપદાર્થોનો નાશ કરવામાં આવ્યો હતો અને વેપારીને સ્વચ્છતા જાળવવા, કલરનો ઉપયોગ ન કરવા તેમ જ એફએસએસએઆઈના નિયમોનું પાલન કરવા સૂચના આપવામાં આવી હતી.

ફરિયાદના આધારે અન્ય એક પેઢીમાં ખરાબ તેલનો ઉપયોગ થતો હોવાનું સામે આવતાં તેલનો યોગ્ય નિકાલ કરવા તેમ જ એફએસએસએઆઈના ૧૨ નિયમનું બોર્ડ ફરજિયાત પ્રદર્શિત કરવા સૂચના આપવામાં આવી હતી.

ફૂડ સેફ્ટી વિભાગે વધુ એક સ્થળેથી મરચું પાવડર અને ધાણાજીરું પાઉડરના નમૂનાઓ લઈ વડોદરા સ્થિત ફૂડ એન્ડ ડ્રગ લેબોરેટરીમાં પરીક્ષણ માટે મોકલ્યા છે.

આ ઉપરાંત બેડી બંદર રોડ, માધાપર ભુંગા, બેડેશ્વર અને જોડિયા ભુંગા રોડ વિસ્તારમાંથી કુલ આઠ નમૂનાઓ લેવામાં આવ્યા, જેમાં બે પાણીના નમૂનાઓ રાજકોટ લેબોરેટરી અને સાત ખાદ્યપદાર્થોના નમૂનાઓ વડોદરા લેબોરેટરી ખાતે તપાસ માટે મોકલવામાં આવ્યા છે.

મહાનગરપાલિકાએ નાગરિકોને અનુરોધ કર્યો હતો કે ખાદ્યપદાર્થોની ગુણવત્તા અંગે કોઈપણ ફરિયાદ હોય તો ઓનલાઈન, ઓફલાઈન અથવા ટેલિફોનિક માધ્યમથી ફૂડ સેફ્ટી વિભાગને જાણ કરે, જેથી તાત્કાલિક તપાસ અને જરૂરી કાર્યવાહી કરી શકાય.■

## કચ્છમાં

મળવાપાત્ર છે. વહીવટી તંત્રના સત્તાવાર આંકડા અનુસાર જિલ્લામાં ૧૮,૨૬૫ ઘાસકાર્ડ થકી ૭૨,૩૩૧ પશુ માટે ઘાસ અપાયું છે અને તંત્ર પાસે હજુ પણ ૧૬,૧૬,૩૧૩ કિલો ઘાસનો જથ્થો અનામત ઉપલબ્ધ છે. જોકે, સરકારી કામગીરીની ધીમી ગતિને કારણે ફોર્મ ભરવાથી લઈને તલાટીના સર્વે સુધીની પ્રક્રિયામાં ૮થી ૧૦ દિવસનો સમય નીકળી ગયો હતો. આ વિલંબ દરમિયાન વાગડ સહિત સમગ્ર કચ્છ જિલ્લામાં સાર્વત્રિક અને વાવણીલાયક સારો વરસાદ નોંધાતાં પશુપાલકોની ઘાસ માટેની આતુરતા ઘટી ગઈ હતી. વરસાદી માહોલ જામતાં જ કેટલીક જગ્યાએથી ઘાસકાર્ડ માટે અરજીઓ આવતી બંધ થઈ ગઈ હતી. સત્તાવાર વિગતો મુજબ અબડાસા, ભચાઉ, લખપત અને અંજાર તાલુકામાંથી ઘાસકાર્ડ માટે એક પણ અરજી નોંધાઈ ન હતી. બીજી તરફ, જિલ્લામાં સૌથી વધુ ભુજ તાલુકામાં ૫,૯૨૭ ઘાસકાર્ડ બનાવીને ૪,૦૯,૨૩૨ કિલો ઘાસનું વિતરણ કરાયું હતું, જ્યારે રાપર તાલુકામાં ૫,૨૧,૯૨૦ કિલો ઘાસ પશુપાલકો સુધી પહોંચાડવામાં આવ્યું હતું.■

# ગુજરાતમાં એઆઈનો દુરુપયોગ કરી ઓડિયો-વીડિયો અને ઈમેજ બનાવવાના કેસમાં ઉછાળો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને ટેક્નોલોજીની ક્ષેત્રમાં ચમત્કાર માની તેનો ઉપયોગ કરનારો એક મોટો વર્ગ છે, પરંતુ ઘણા નિષ્ણાતો વારંવાર ચેતવી રહ્યા છે કે એઆઈનો દુરુપયોગ મોટી સમસ્યાઓને નોતરી શકે છે. હાલમાં ગુજરાતના ડિરેક્ટોરેટ ઓફ ફોરેન્સિક સાયન્સ(ડીએફએસ)ને આનો અનુભવ થઈ રહ્યો છે. વીડિયોને એનાલાઈઝ કરનારી ડિજિટલ ફોરેન્સિક એક્સપર્ટ્સની ટીમ પાસે આવા ઢગલાબંધ કેસ આવે છે.

એઆઈ એ ઑડિઓ, વિડિયો અને ઈમેજ બનાવવાનું ભલે સરળ બનાવ્યું હોય, પરંતુ બીજી બાજુ તેનો દુરુપયોગ કોઈને બદનામ કરવા કે રમૂજના નામે તેની છબિ ખરડવા માટે થઈ રહ્યો હોવાનું નિષ્ણાતો જણાવી રહ્યા છે. એક અહેવાલ અનુસાર ડીએફએસ પાસે આવા કેસોની ભરમાર છે. ૨૦૨૩ દરમિયાન આવા ૮૧૫ કેસોની સરખામણીમાં, ફક્ત ૨૦૨૬ના પહેલા છ મહિનામાં ૬૮૭ કેસ અહીં નોંધાયા છે. મહિના પ્રમાણે, ૨૦૨૩માં ૬૮ કેસ નોંધાયા હતા, જે ૨૦૨૬માં વધીને ૧૧૫ થયા છે, ડીએફએસ ડેટા અનુસાર જાન્યુઆરીથી જૂન ૨૦૨૬ સુધીમાં ૬૮૭ કેસમાંથી પચાસ ટકા કેસ પોલીસ એજન્સી ખરાઈ માટે મોકલવામાં આવેલી ઓડિયો ક્લિપ્સ છે, ત્યારબાદ ઈમેજ સંબંધિત કેસ ૩૬% અને વિડિઓ સંબંધિત કેસ ૧૪% છે.

જોકે નિષ્ણાતોના કહેવા અનુસાર એઆઈ આરોપીને પણ બક્ષતું નથી. આધુનિક ટેક્નોલોજી મોટાભાગના કેસમાં આરોપી વિરુદ્ધ પુરાવા મેળવી લે છે. જોકે આ પ્રકારના કેસમાં વધારો થયો હોવાનું નિષ્ણાતો સ્વીકારે છે.

૨૦૨૫ અને ૨૦૨૬માં ઘણા કેસમાં એઆઈનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું. તેઓ તપાસ માટે આવતી ફાઈલના અલગ અલગ લેયર્સને તપાસે છે. આ આધુનિક સાધનો વીડિયો કે ઓડિયો કૃત્રિમ છે કે ઓરિજિનલ છે તે જણાવે છે. આ સાથે એ આઈનો ઉપયોગ થયો છે કે નહીં તે પણ જણાવે છે. આ સાથે વાંધાજનક ફાઈલો માટે ક્યા સોફ્ટવેરનો ઉપયોગ થાય છે તે પણ જણાવે છે, તેવી માહિતી નિષ્ણાતોએ આપી હતી. ડીએફએસના સૂત્રો સાથે સીધી વાત થઈ શકી ન હતી.■



સૌરઊર્જાથી સમૃદ્ધિ : એક સમય એવો હતો જ્યારે નર્મદાના ડુંગરાળ અને જંગલ વિસ્તારના ખેડૂતો આકાશ તરફ જોઈ વરસાદની રાહ જોતા હતા. આજે એ જ ખેડૂતો સૂર્યોદયની રાહ જુએ છે. કારણ કે હવે સૂર્યપ્રકાશ માત્ર ઉજાસ નથી લાવતો, પરંતુ ખેતરમાં પાણી, ભરપૂર પાક અને આર્થિક સમૃદ્ધિ પણ લાવે છે. પ્રધાનમંત્રી કિસાન ઊર્જા સુરક્ષા અને ઉત્થાન મહાભિયાન પીએમ-કુસુમ યોજનાએ નર્મદા જિલ્લાના હજારો આદિવાસી પરિવારોના જીવનમાં આશા, આત્મવિશ્વાસ અને આત્મનિર્ભરતાનો નવો અધ્યાય લખ્યો છે. ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષ દરમિયાન ૨૨,૭૯૨ સોલાર કૃષિ પંપ મંજૂર થયા હતા, જેમાંથી ૨૨,૭૮૭ ખેડૂતોને લાભ મળી ચૂક્યો છે.આમાંથી માત્ર નર્મદા જિલ્લામાં જ ૧૪,૯૮૯ ખેડૂતોને ઓફ-ગ્રીડ સોલાર પંપ મળ્યા છે, જેના માટે અંદાજે ૬૧૮.૪૧ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.આ સિદ્ધિ સાથે નર્મદા જિલ્લો સમગ્ર ગુજરાતમાં પીએમ-કુસુમ યોજનાના અમલમાં અગ્રેસર બન્યો છે.

# વડોદરામાં એસટી બસની અડફેટે વિદ્યાર્થીનું મોત, બે મિત્રોની હાલત ગંભીર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરાના મકરપુરા ડેપો પાસે બસ ડેપો નજીક બસની ટક્કરે ધો.૧૦માં અભ્યાસ કરતા ૧૫ વર્ષીય વિદ્યાર્થીનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત થયું હતું. જ્યારે તેના અન્ય બે મિત્રો ગંભીર રીતે ઘાયલ થતા તેમને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. વડોદરા શહેરના એક વ્યસ્ત માર્ગ પર મૃતક વિદ્યાર્થી તેના બે મિત્રો સાથે જઈ રહ્યો હતો ત્યારે પૂરપાટ વેગે આવી રહેલી એસટી બસના ચાલકે વાહન પરથી કાબૂ ગુમાવતા ત્રણેય વિદ્યાર્થીઓ તેની અડફેટે આવી ગયા હતા. અકસ્માતની જાણ થતા જ આસપાસના સ્થાનિક લોકો અને રાહદારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ગંભીર રીતે ઘાયલ થયેલા બંને મિત્રોને ત્વરિત એમ્બ્યુલન્સ દ્વારા હોસ્પિટલના ઇમરજન્સી વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું હતું. ■

# રાજ્યમાં અત્યાર સુધીમાં બાવીસ બાળક ચાંદીપુરા વાઈરસનો ભોગ બન્યા, આરોગ્ય પ્રધાને સમીક્ષા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : રાજ્યમાં ચાંદીપુરા વાયરસની પરિસ્થિતિ અંગે માહિતી આપતાં આરોગ્ય પ્રધાન પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, રાજ્યમાં સામે આવેલા તમામ શંકાસ્પદ કેસ ચાંદીપુરાના નથી. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૧૮૪ શંકાસ્પદ કેસ નોંધાયા છે, જેમાંથી ૩૫ ચાંદીપુરા કેસ પોઝિટિવ આવ્યા છે. જ્યારે ૧૧ સેમ્પલના ટેસ્ટ પરિણામો હજુ બાકી છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, અત્યાર સુધીમાં નોંધાયેલા શંકાસ્પદ કેસોમાંથી ૨૨ બાળકોના ચાંદીપુરા વાયરસથી મૃત્યુ થયા છે. હાલ રાજ્યની વિવિધ સિવિલ હોસ્પિટલોમાં ૭ પોઝિટિવ દર્દીઓ સારવાર હેઠળ છે, જ્યારે ૬ પોઝિટિવ દર્દીઓની તબિયતમાં સુધારો થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. હાલ ગાંધીનગર, સાબરકાંઠા -હિંમતનગર, પાટણ, રાજકોટ અને ભાવનગરની સિવિલ હોસ્પિટલોમાં દાખલ તમામ બાળકોને શ્રેષ્ઠ અને સુપર-સ્પેશિયાલિસ્ટ સારવાર પૂરી પાડવામાં આવી રહી છે. દર્દીઓની સ્થિતિ પર તબીબો દ્વારા સતત દેખરેખ રાખવામાં આવી રહી છે.

પ્રફુલ પાનશેરીયાએ વધુમાં ઉમેર્યું હતું કે, રાજ્યમાં કોઈ એક ચોક્કસ સ્થળે કે ગામમાંથી જ તમામ કેસ નોંધાયા નથી, પરંતુ વિવિધ વિસ્તારોમાંથી કેસો સામે આવી રહ્યા છે.

જેને પગલે આરોગ્ય વિભાગની ટીમો ગ્રાઉન્ડ લેવલે સતત સક્રિય રહીને કામગીરી કરી રહી છે. આરોગ્ય વિભાગ દ્વારા માટી કે કાચા મકાનોની તિરાડો પૂરવા માટે સલાહ આપેલ છે. તેમજ પશુપાલન ધરાવતા વિસ્તારોમાં જંતુનાશક દવાઓનો સઘન છંટકાવ કરવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત, તમામ સરકારી અને ખાનગી ચાઇલ્ડ સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલોને સ્પષ્ટ સૂચના આપવામાં આવી છેકે, વાયરસના લક્ષણો ધરાવતા દર્દીઓને તાત્કાલિક ઓક્સિજન અને વેન્ટિલેટર સુવિધા ધરાવતા આઈસીયુ બેડમાં દાખલ કરીને સારવાર શરૂ કરવી, જેથી મલ્ટિપલ ઓર્ગન ફેલ્યોર જેવી ગંભીર સ્થિતિ અટકાવી શકાય. પાનશેરીયાએ વધુમાં જણાવ્યું હતું કે, હાલમાં ચાંદીપુરા વાયરસ સામે કોઈ ચોક્કસ રસી કે ચોક્કસ દવા ઉપલબ્ધ નથી. જેને ધ્યાને રાખીને તબીબો અને સંશોધકોની વિશેષ ટીમ દ્વારા વૈજ્ઞાનિક ઢબે આ વાયરસ માટેની રસી અને અસરકારક દવાની શોધ માટે સઘન સંશોધન કરવામાં આવી રહ્યું છે.■

# વડોદરાની માંજલપુર બેઠક પર ભાજપની જીત

અમદાવાદ વડોદરા શહેરની માંજલપુર વિધાનસભાની પેટાચૂંટણીનું પરિણામ સોમવારે જાહેર થયું હતું. ભાજપનો ગઢ ગણાતી બેઠક પર ભાજપના ઉમેદવારની જીત થઈ હતી. માંજલપુર વિધાનસભા મતવિસ્તારની પેટાચૂંટણી માટે ૩૦ જુલાઇના રોજ મતદાન થયું હતું. આ બેઠક પર ભાજપ તરફથી સતીશ પટેલ અને કોંગ્રેસના ભીખાભાઈ રબારી એમ કુલ બે જ ઉમેદવાર વચ્ચે જ હરીફાઈ હતી. બેઠકના પરિણામ જાહેર થઈ ગયા છે, જેમાં ભાજપનો વિજય થયો છે. ભાજપના ઉમેદવાર સતીશ પટેલને ૫૫,૪૮૧ મતો મળ્યા છે, જ્યારે કોંગ્રેસના ઉમેદવાર ભીખાભાઇ રબારીને ૨૪,૮૫૧ મતો મળ્યા છે. આમ ભાજપના ઉમેદવારનો ૩૦,૬૩૦ મતોની સરસાઈથી વિજય થયો છે. જોકે ૨૦૨૨ની સરખામણીમાં ભાજની લીડ ઘટી એક લાખમાંથી ૩૦,૦૦૦ મત પર આવી હતી. ઉલ્લેખનીય છે કે માંજલપુર વિધાનસભા બેઠક પેટાચૂંટણીમાં ભાજપના ઉમેદવારની ૩૦,૪૯૯ની લીડથી જીત થઈ છે. જ્યારે કોંગ્રેસના ઉમેદવારના ખાતામાં ૨૪,૫૮૫ મત પડ્યા છે. જો કે નોંધવા જેવી વાત એ છે કે બે ઉમેદવારો વચ્ચેની સ્પર્ધામાં નોટામાં ૨,૨૨૩ મત પડ્યા હતા.

આ જીત પર ભાજપના ઉમેદવાર સતિષ પટેલે જણાવ્યું હતું કે માંજલપુરની જનતાએ યોગેશ કાકાને સહકાર આપ્યો તે જ રીતે મને પણ આપ્યો છે. ઉલ્લેખનીય છે કે માંજલપુર વિધાનસભા બેઠક પર ૩૦ જુલાઈએ પેટાચૂંટણી યોજાઈ હતી, જેમાં ૩૭.૦૫ ટકા મતદાન બાદ આજે ૧૯ રાઉન્ડની મતગણતરી કરાઈ હતી.

વર્ષ ૨૦૨૨માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં માંજલપુર બેઠક પર યોગેશ પટેલનો જંગી બહુમતીથી વિજય થયો હતો. તેમને ૧,૨૦,૧૩૩ મત મળ્યા હતા જ્યારે તેમના કૉંગ્રેસના પ્રતિસ્પર્ધકને ૧૯,૩૭૯ મત મળ્યા હતા. યોગેશ પટેલનું નિધન થતા આ બેઠક પર પેટાચૂંટણી યોજવામાં આવી હતી. ■

# મ્યુલ અકાઉન્ટ દ્વારા ૪૨ કરોડની હેરાફેરી કરનારા ત્રણ સામે અમદાવાદમાં ગુનો નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ શહેરની નવરંગપુરા પોલીસ દ્વારા ત્રણ જણ સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. આ આરોપીઓ દ્વારા કથિત રીતે ઉપયોગમાં લેવાતા બેંક ખાતામાંથી દેશભરમાં નોંધાયેલા સાયબર છેતરપિંડી સાથે જોડાયેલા રૂ. ૪૧.૭ કરોડની રકમ ટ્રાન્સફર કરવામાં આવી હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. પોલીસે ઑપરેશન મ્યુલ હેઠળ નિકોલના રહેવાસી સહિત ત્રણ સામે ગુનો નોંધ્યો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. એફઆઈઆર મુજબ, પોલીસે ભારતીય સાયબર ક્રાઇમ કોઓર્ડિનેશન સેન્ટરના સમન્વય પોર્ટલ દ્વારા શંકાસ્પદ બેંક ખાતાઓનું વિશ્લેષણ કર્યું હતું અને જાણવા મળ્યું હતું કે જાણીતી બેંકની નવરંગપુરા શાખામાં ખોલવામાં આવેલા કરન્ટ અકાઉન્ટ ગુજરાત, મહારાષ્ટ્ર, દિલ્હી, કર્ણાટક, તેલંગાણા અને તમિલનાડુ સહિત વિવિધ રાજ્યોમાં નોંધાયેલી ૧૧૮ સાયબર ક્રાઇમ ફરિયાદોમાં ઉપયોગમાં લેવામાં આવ્યા છે. એફઆઈઆરમાં વિજય સોલંકી અને બે અજાણ્યા વ્યક્તિઓના નામ છે. પોલીસના જણાવ્યા અનુસાર, પૂછપરછ દરમિયાન સોલંકીએ પોલીસને જણાવ્યું હતું કે લગભગ એક વર્ષ પહેલા જ્યારે તે લોન લેવા માંગતો હતો ત્યારે એક પરિચિતે તેને બંને સાથે પરિચય કરાવ્યો હતો. ત્રણેય કથિત રીતે તેને બેંકમાં લઈ ગયા હતા, એક ટ્રેડિંગ ફર્મના નામે ખાતું ખોલાવ્યું હતું અને ચેક બુક, એટીએમકાર્ડ, પાસબુક અને ઇન્ટરનેટ બેંકિંગ ઓળખપત્રો રાખ્યા હતા, તેવી માહિતી સૂત્રો પાસેથી મળી હતી. ■

# અમદાવાદમાં પતિના અન્ય સ્ત્રી સાથેના સંબંધોનો ભોગ બની બે સંતાનની માતા, પોલીસે કેસ નોંધ્યો

અમદાવાદ લગ્નબાહ્ય સંબંધોને લીધે ઘણા સંસારમાં આગ લાગી જાય છે. અમદાવાદના ચાંદખેડામાં પણ આવો એક કેસ પોલીસ ચોપડે નોંધાયો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. અહીં રહેતી ૪૩ વર્ષીય મહિલાના લગ્ન ૨૦૧૨માં થયા હતા અને તેને સંતાનમાં બે દીકરી છે. વર્ષ ૨૦૨૨માં તેને વૉટ્સ એપ ચેટ દ્વારા ખબર પડી કે તેનાં પતિને અન્ય સ્ત્રી સાથે સંબંધો છે. આ મામલે બન્ને વચ્ચે ઝગડા શરૂ થયા હતા. પતિએ તે મહિલા માત્ર સાથે કામ કરતી હોવાનો દાવો કર્યો હતો, પરંતુ મહિલાએ ૨૦૨૪માં બન્નેને એક ગાર્ડનમાં રંગેહાથ પકડી લીધા હતા. ત્યારબાદ ઘાટલોડિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જોકે પરિવારના હસ્તક્ષેપ બાદ પતિએ સંબંધો પૂરા કરવાની ખાતરી આપી હતી, પરંતુ સ્થિતિમાં કોઈ ફેરફાર થયો ન હતો. પતિ આ મહિલા સાથે મુંબઈ ફરવા પણ ગયો હોવાનું મહિલાએ ફરિયાદમાં નોંધાવ્યું હતું. મહિલાએ પતિને જ્યારે આ મામલે સવાલો કર્યા ત્યારે પતિએ મહિલાને માર માર્યો હતો અને તેની મરજી વિરુદ્ધ તેની સાથે શારીરિક સંબંધો બાંધવાની કોશિશ કરી હતી. મહિલાએ જ્યારે સાસુને આ મામલે જણાવ્યું ત્યારે તેણે તેને ઘરમાંથી બહાર કાઢી મૂકી હતી. હાલમાં મહિલા અલગ રહેવા મજબૂર થઈ છે. પોલીસે પતિ અને સાસુ સામે ભારતીય ન્યાય સંહિતા હેઠળ ફરિયાદ નોંધી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ■

# દિલ્હીમાં છાત્રો ઉપર લાઠીચાર્જ-અશ્રુગેસ-ગોળીબાર માટે આદેશ આપનાર ગૃહ પ્રધાન અમિત શાહ રાજીનામું આપે : અમિત ચાવડા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ દેશભરના લાખો વિદ્યાર્થીઓ અને યુવાનોના ભવિષ્ય સાથે સતત થઈ રહેલા ખિલવાડ અને નીટ સહિતની પરીક્ષાઓમાં વારંવાર થતા પેપર લીક, શિક્ષણના વધતા વેપારીકરણ અને ભ્રષ્ટાચાર સામે આજે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ તથા અમદાવાદ શહેર કોંગ્રેસ દ્વારા અમદાવાદના નેહરુ બ્રિજ, પતંગ હોટેલથી સરદાર બાગ સુધી રેલી સ્વરૂપે 'છાત્ર ગુંજ' ધરણા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.




ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાએ કેન્દ્રની મોદી સરકાર પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે આજે દેશનો વિદ્યાર્થી, યુવાન અને તેમના વાલીઓ ભારે આક્રોશમાં છે.

સરકાર શિક્ષણ વ્યવસ્થાને સુધારવાને બદલે તેનું વેપારીકરણ કરી રહી છેઅને વારંવારના પેપર લીક દ્વારા લાખો યુવાનોના સપનાઓ સાથે વિશ્વાસઘાત કરી રહી છે. જ્યારે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી દેશના વિદ્યાર્થીઓના અવાજને બુલંદ કરવા માટે તેમની સાથે ઉભા રહે છેઅને જંતર-મંતર ખાતે શાંતિપૂર્ણ વિરોધ થાય છે, ત્યારે કેન્દ્ર સરકાર વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરવાને બદલે તેમના પર પોલીસ દમન ઉતારે છે. વિદ્યાર્થીઓ પર બેફામ લાઠીચાર્જ કરવામાં આવે છે, ટીયર ગેસ છોડવામાં આવે છે અને બહેન-દીકરીઓ સાથે પણ અત્યંત બર્બર વર્તન કરવામાં આવે છે. આ લોકશાહી નહીં પરંતુ તાનાશાહીનું જીવંત ઉદાહરણ છે.તેમણે વધુમાં આરોપ મૂક્યો હતો કે બિહારમાં એ.કે.-૪૭થી ગોળીબાર અને દિલ્હીમાં પેલેટ ગન જેવા બનાવો સરકારના દમનકારી ચહેરાને ઉજાગર કરે છે. છતાં વિદ્યાર્થીઓ પર અત્યાચાર કરનારાઓ સામે કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી.

તેમણે ગૃહ પ્રધાનના રાજીનામાની માગણી કરી હતી. આ સાથે ગુજરાત કોંગ્રેસે ચેતવણી આપી કે જ્યાં સુધી વિદ્યાર્થીઓ પર થયેલા અત્યાચારના જવાબદારો સામે કડક કાર્યવાહી નહીં થાય અને યુવાનોને ન્યાય નહીં મળે, ત્યાં સુધી કોંગ્રેસનો એક-એક કાર્યકર વિદ્યાર્થીઓની સાથે રસ્તા પર સંઘર્ષ ચાલુ રાખશે. દેશની જેન-ઝી પેઢી હવે ભ્રષ્ટાચાર, પેપર લીક, બેરોજગારી અને શિક્ષણના વેપારીકરણ સામે મૌન રહેવાની નથી. યુવાનો પરિવર્તનનો સંકલ્પ લઈને આગળ વધી રહ્યા છે અને કોંગ્રેસ પક્ષ રાહુલ ગાંધીના નેતૃત્વમાં દેશના દરેક વિદ્યાર્થી અને યુવાનના અવાજને વધુ મજબૂત બનાવવાનું કામ ચાલુ રાખશે.આ કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડા, પૂર્વ કેન્દ્રીય પ્રધાન ભરતસિંહ સોલંકી, અમદાવાદ શહેર કોંગ્રેસ પ્રમુખ શ્રીમતી સોનલબેન પટેલ સહિતના નેતા જોડાયા હતા. ■

# વલસાડ એસઓજીએ વાપીમાંથી ₹ ૨૧.૦૯ લાખની કિંમતનો ૪૨.૧૮૦ કિલોગ્રામ ગાંજાનો જથ્થો ઝડપ્યો

અમદાવાદ: વલસાડ જિલ્લામાં પોલીસ દ્વારા નશાકારક પદાર્થો અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે ચલાવવામાં આવી રહેલા સઘન અભિયાન હેઠળ એસ.ઓ.જી. ની ટીમને મોટી સફળતા મળી હતી. વલસાડ એસઓજીની ટીમે રાજસ્થાનના મૂળ વતની અને હાલ સેલવાસમાં રહેતા ૨૬ વર્ષીય યુવકની ધરપકડ કરી હતી. બાતમીના આધારે એસઓજીની ટીમે વાપીમાંથી અંદાજે રૂપિયા ૨૧.૦૯ લાખની કિંમતનો ૪૨.૧૮૦ કિલોગ્રામ શંકાસ્પદ ગાંજાનો જથ્થો કબજે કર્યો હતો. વાપી ટાઉન પોલીસ મથકે ગાંજાના આ જથ્થાની તસ્કરી સાથે સંડોવાયેલા શખ્સ સામે નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટેન્સ (એનડીપીએસ) એક્ટ મુજબ ગુનો નોંધી કડક કાર્યવાહી હાથ ધરી છે. આ ગાંજાનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને કઈ જગ્યાએ પહોંચાડવાનો હતો તે અંગે પોલીસે ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરી છે. આ ગેરકાયદેસર નેટવર્કના મુખ્ય સૂત્રધાર સુધી પહોંચવા માટે પકડાયેલા આરોપીઓની સઘન પૂછપરછ કરવામાં આવી રહી છે. ■

# ટૅકનોલોજીની મદદથી વરસાદી આંકડા પર રિઅલ-ટાઈમ મોનિટરિંગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમાદવાદ આબોહવા પરિવર્તન વધી રહ્યું છે. ઓછા સમયમાં જ ભારેથી અતિભારે વરસાદની ઘટનાઓનું પ્રમાણ વધ્યું છે, ત્યારે ટૅકનોલોજીની મદદથી આપત્તિ વ્યવસ્થાપન એ પ્રાથમિકતા બન્યું છે. ગુજરાતમાં, જળ સંપત્તિ વિભાગ હેઠળ ગાંધીનગર કાર્યરત ફ્લડ કન્ટ્રોલ સેલ આ વાતનું સરસ ઉદાહરણ છે. આ સેલ દર્શાવે છે કે કેવી રીતે એન્જિનિયરિંગમાં નવીનતા, ડિજિટલ ગવર્નન્સ અને રિયલ-ટાઇમ સંકલન દ્વારા પૂરની તૈયારીઓ અને જળ સંસાધન વ્યવસ્થાપનમાં નોંધપાત્ર સુધારો લાવી શકાય છે. જળ સંપત્તિ અને પાણી પુરવઠા પ્રધાન ઈશ્વરસિંહ પટેલના માર્ગદર્શનમાં ગુજરાતમાં ચોમાસા દરમિયાન પૂરની પરિસ્થિતિને પહોંચી વળવા અને જળાશયોમાં પાણીની આવક-જાવક પર સુચારુ દેખરેખ રાખવા માટે જળ સંપત્તિ વિભાગ હસ્તકનું મધ્યસ્થ પૂર નિયંત્રણ એકમ, ગાંધીનગર સજ્જ થયું છે. ચોમાસા પૂર્વે ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન અને ટેલિફોન ડિરેક્ટરી અદ્યતન કરી માહિતી પોર્ટલ પર અપલોડ કરવામાં આવી છે. ચોમાસા દરમિયાન ૧ જૂનથી ૩૧ ઓક્ટોબર સુધી મધ્યસ્થ પૂર નિયંત્રણ એકમ, ગાંધીનગર સહિત રાજ્યના ૧૨ પ્રાદેશિક પૂર નિયંત્રણ એકમો ૨૪૭ કાર્યરત રહે છે, તેવી માહિતી રાજ્ય સરકારે આપી હતી. રાજ્યમાં ઉકાઈ, સુરત, દમણગંગા, વડોદરા, નડિયાદ, ગોધરા, અમદાવાદ, હિંમતનગર, વિસનગર, ભાવનગર, રાજકોટ અને ભુજ ખાતે ૧૨ પ્રાદેશિક પૂર નિયંત્રણ એકમો કાર્યરત કરવામાં આવ્યા છે. આ એકમ દ્વારા સરદાર સરોવર સહિત રાજ્યના મુખ્ય ૨૦૭ જળાશયો જેમાં ૧૮ મોટા, ૮૬ મધ્યમ અને ૧૦૩ નાના જળાશયોના જળસ્તર-લેવલ તેમજ પાણીની આવક અને જાવકનું રિઅલ-ટાઇમ મોનિટરિંગ કરવામાં આવે છે.

મોટા ડેમોની દર કલાકે અદ્યતન માહિતી મેળવવામાં આવે છે. આ ઉપરાંત, દરરોજ સવારે ૮:૦૦ કલાકે અને બપોરે ૪:૦૦ કલાકે તમામ વિગતો મેળવીને સંયુક્ત અહેવાલ ઉચ્ચ અધિકારીઓ અને સંબંધિત વિભાગોને મોકલવામાં આવે છે. આ માટે સંચાર વ્યવસ્થા અને સેન્ટ્રલ વોટર કમિશન-સીડબલ્યુસી ફોરકાસ્ટ કોમ્યુનિકેશન સુદ્રઢ બનાવવા માટે રાજ્યના પ્રાદેશિક પૂર નિયંત્રણ એકમો સાથે ૧૨ હોટલાઈન કનેક્શન જોડવામાં આવ્યા છે. ઉપરાંત ૧૪ મુખ્ય જળાશયો ખાતે સેટેલાઈટ ફોન ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. ■

# વલસાડના ઘડોઈ ગામે દીપડાઓનું ટોળું જોવા મળતા ગ્રામજનોમાં ફફડાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વલસાડ જિલ્લામાં વન્યજીવોના વસ્તીવાળા વિસ્તારોમાં દીપડાના આટાફેરા વધતા લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. જેમ કે વલસાડ તાલુકામાં આવેલા ઘડોઈ ગામમાં એકસાથે દીપડાઓનું ટોળું નજરે પડતા સ્થાનિક ગ્રામજનોમાં ભારે ભય અને ફફડાટ ફેલાઈ ગયો હતો. લોકોએ સુરક્ષાના ભાગરૂપે રાત્રે ઘરની બહાર નીકળવાનું ટાળી દીધું છે. આ બનાવની જાણ થતાં જ વન વિભાગની ટીમ તાત્કાલિક હરકતમાં આવી ગઈ છે અને વિસ્તારમાં સઘન તપાસ શરૂ કરી છે. વન વિભાગ દ્વારા ગામની આસપાસના વિસ્તારમાં પિંજરા ગોઠવવાની તેમજ નાઈટ વિઝન કેમેરા લગાવીને દીપડાઓની મૂવમેન્ટ પર નજર રાખવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. વન વિભાગ દ્વારા ગ્રામજનોને સાવચેતીનાં પગલાં રૂપે રાત્રે કે વહેલી સવારે એકલા બહાર ન નીકળવા, ખેતરોમાં જતા સમયે અવાજ કરતા રહેવા અને ખાસ કરીને નાના બાળકો તથા પાલતુ પશુઓની વિશેષ કાળજી રાખવા સૂચના આપવામાં આવી છે. ■

# વિશ્વામિત્રીમાં મગર ખેંચી ગયાના ૨૪ કલાક બાદ કિશોરીનો મૃતદેહ મળ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના મેઢાદ ગામે વિશ્વામિત્રી નદી પાસે બેઠેલી ૧૨ વર્ષીય કિશોરીને મગર તાણી ગયાની કરૂણ ઘટના ઘટ્યાના ૨૪ કલાક બાદ કિશોરીનો મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો. ફાયર બ્રિગેડ અને એસડીઆરએફની ટીમ દ્વારા સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી, જોકે ભારે જહેમત બાદ મૃતદેહ મળ્યો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

મેઢાદ ગામના રહેવાસી રાઠોડિયા પરિવારની દીકરી દાદા, ભાઈ અને બહેન સાથે વિશ્વામિત્રી નદીકિનારે ગઈ હતી. ભારે વરસાદ બાદ નદીમાં આવેલા નવા નીરને જોવા ગામના લોકો જતા હોય છે. નદીની પાસે ઊભેલી હેતલ રાઠોડિયાને અચાનક એક મગર ખેંચી ગયો હતો. ઘટના બાદફાયર બ્રિગેડ અને એસડીઆરએફની ટીમે સર્ચ ઑપરેશન હાથ ધર્યું હતું. રવિવારે ઘટનાના દિવસે હેતલ ન મળતા મોડી રાત્રે ઑપરેશન બંધ કરવામાં આવ્યું હતું. સોમવારે ફરી સર્ચ ઑપરેશન શરૂ કાયું હતું. હેતલનો મૃતદેહ સામે કિનારેથી મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી. પરિવાર સાથે ગયેલી દીકરીનું આ રીતે મોત થતાં સમગ્ર ગામમાં ગમગીની છવાઈ ગઈ હતી.

# રાજ્યનું આગામી ચોમાસું સત્ર આઠથી દસ સપ્ટેમ્બર સુધી યોજાશે

અમદાવાદ રાજ્યનનું આગામી વિધાનસભાનું ચોમાસું સત્ર ૮મી સપ્ટેમ્બર, ૨૦૨૬થી ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન યોજાશે. આ સત્ર ત્રણ દિવસનું રહેશે. સત્રના પ્રથમ દિવસે દિવંગત થયેલા વર્તમાન અને પૂર્વ ધારાસભ્યોના શોકદર્શક ઉલ્લેખ કરવામાં આવશે. આ સત્ર દરમિયાન તારાંકિત પ્રસ્નોત્તરી, સરકારી વિધેયક અને સરકારી કામકાજો તેમ જ છેલ્લા દિવસના પ્રસ્તાવનું મુખ્ય કામકાજ હાથ ધરવામાં આવશે. તમામ સભ્યને સત્રનું આહવાન આપવામાં આવશે. આ સાથે ૧૧મી ઑગસ્ટ સુધી તારાંકિત પ્રશ્નોની સૂચનાઓ આપી શકાશે.

# મહારાષ્ટ્રમાં ૯૩%થી વધુ એસઆઇઆર ફોર્મનું વિતરણ, ૭૨.૮૯% નું ડિજિટાઇઝેશન

મુંબઈ : મહારાષ્ટ્રમાં મતદાર યાદીની ચાલી રહેલી વિશેષ સઘન સુધારણા પ્રક્રિયા અંતર્ગત ૯૩% થી વધુ ગણતરીના ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું છે અને લગભગ ૭૩% ફોર્મનું ડિજિટાઈઝેશન કરવામાં આવ્યું છે. એસઆઇઆર ગણતરી પ્રક્રિયા ૩૦ જૂને શરૂ થઈ હતી,જે ૮ ઓગસ્ટે પૂર્ણ થનાર છે, તેમ રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીએ સોમવારે જણાવ્યું હતું.

સત્તાવાર બુલેટિન અનુસાર, મરાઠવાડાના વર્ધા અને હિંગોલી જિલ્લામાં ૧૦૦% ફોર્મ વિતરણ નોંધાયું છે, ૯૦.૪૭ ટકા સાથે સૌથી વધુ ડિજિટાઇઝેશન નોંધાયું છે .જ્યારે પુણે, થાણે અને મુંબઈ સબર્બન સહિતના મુખ્ય શહેરો વિતરણ અને ડિજિટાઈઝેશનમાં પાછળ છે. મહારાષ્ટ્રમાં ૯.૭૯ કરોડ મતદારો છે, જેની સામે કુલ ૯.૧૮ કરોડ (૯૩.૭૯ %) ગણતરીના ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું છે, જ્યારે ૭.૧૩ કરોડથી વધુ (૭૨.૮૯%) ફોર્મનું ડિજિટાઇઝેશન કરવામાં આવ્યું છે. રાજ્યભરમાં આ પ્રક્રિયામાં કુલ ૧,૦૦,૨૫૩ બૂથ-લેવલ ઓફિસર્સ કાર્યરત છે. સીઈઓએ જણાવ્યું હતું કે, સુધારણાની કામગીરી હાથ ધરવા માટે દરેક વિધાનસભા મતવિસ્તારના ચૂંટણી નોંધણી અધિકારીઓએ જિલ્લાચૂંટણી અધિકારીઓની મંજૂરી બાદ બીએલઓની નિમણૂક કરી છે.

# રોહિત પવાર હૉસ્પિટલમાં દાખલ

મુંબઈઃ એનસીપી (એસપી) નેતા રોહિત પવારને નબળાઈ અને ચક્કર આવવાની ફરિયાદ બાદ સોમવારે દક્ષિણ મુંબઈની બ્રીચકેન્ડી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પવારને છેલ્લા કેટલાક દિવસોથી તાવ હતો અને તેમને કેટલાક ટેસ્ટ કરાવવાની સલાહ આપવામાં આવી હતી, જેના માટે તેમને દાખલ કરવામાં આવ્યા છે. પવાર નેશનાલિસ્ટ કૉંગ્રેસ પાર્ટીના જનરલ સેક્રેટરી અને કર્જત-જામખેડના ધારાસભ્ય છે.

# ઈન્સ્ટાગ્રામ પર બૅટિંગ ઍપના વિરોધમાં રીલ્સ પોસ્ટ કરનારા યુવકનું અપહરણ

મુંબઈઃ ઈન્સ્ટાગ્રામ પર બૅટિંગ ઍપ (ચાઈનીઝ ઍપ)ના વિરોધમાં જનજાગૃતિ માટે કાઉન્ટર રીલ બનાવીને પોસ્ટ કરનારા યુવકનું ચાકુની ધાકે પવઈથી કથિત અપહરણ કરવામાં આવ્યું હતું. કારમાં અપહરણ કરાયેલા યુવકને બામ્બુથી ફટકાર્યા પછી નવી મુંબઈના કળંબોલી ખાતે છોડવામાં આવતાં પોલીસે રીલસ્ટાર સહિત ચારની ધરપકડ કરી હતી.

પવઈ પોલીસે પકડી પાડેલા આરોપીઓની ઓળખ પ્રતીક રામ શિંદે, યશ રણધીર બાબરે, અનિકેત રામ ગોડસે અને સમીર સુનીલ કુચેકર ઉર્ફે એસ. કે. તરીકે થઈ હતી. પોલીસ આરોપીઓના ત્રણ સાથીની શોધ ચલાવી રહી છે. પોલીસના જણાવ્યા મુજબ અપહરણની ફરિયાદ વિક્રોલીના સૂર્યાનગરમાં રહેતા ચેતન દેવલકરે (૨૮) નોંધાવી હતી. ઈન્સ્ટાગ્રામ પર રીલ બનાવીને પોસ્ટ કરનારા ફ્રીલાન્સર દેવલકરે બૅટિંગ ઍપના વિરોધમાં રીલ્સ અને કન્ટેન્ટ પોસ્ટ કરી હતી, જેને કારણે આરોપી ઉશ્કેરાયા હતા.

ફરિયાદ અનુસાર છેલ્લા આઠેક મહિનાથી ઈન્સ્ટાગ્રામ પરના કેટલાક રીલ ક્રિયેટર બૅટિંગ ઍપ ડાઉનલૉડ કરવા માટે લોકોને પ્રોત્સાહિત કરતા હતા, જે યોગ્ય ન હોવાથી ફરિયાદી કાઉન્ટર રીલ બનાવીને પોતાના એકાઉન્ટ પર પોસ્ટ કરતો હતો.

અધિકારીએ જણાવ્યું હતું કે આ બૅટિંગ ઍપનું પ્રમોશન આરોપી પ્રતીક શિંદે તેના એકાઉન્ટ પરથી કરતો હતો. તેની પ્રમોશનવાળી રીલ્સ અને સ્ટોરીને ફરિયાદી રોસ્ટ કરતો હતો. પાંચેક મહિના અગાઉ અનિકેતે શિંદેની રીલ્સનો વિરોધ ન કરવા ફરિયાદીને ઈન્સ્ટાગ્રામ કૉલ કરી ધમકી આપી હતી. તેમ છતાં ફરિયાદી આવી ઍપના વિરોધમાં રીલ અને સ્ટોરી સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતો હતો.

ફરિયાદ અનુસાર ૨૬ જુલાઈની સાંજે ૭.૩૦ વાગ્યાની આસપાસ પવઈના પંચકુટિર વિસ્તારમાંથી ચાકુની ધાકે ફરિયાદીનું સ્કોર્પિયો કારમાં અપહરણ કરવામાં આવ્યું હતું. કારમાં રીલસ્ટાર પ્રતીક શિંદે અને અનિકેત પણ હતા. મારપીટ પછી ફરિયાદીને બામ્બુથી ફટકારવામાં આવ્યો હતો. આ પીટાઈની આરોપીઓએ રીલ બનાવી હતી. હવે વિરોધમાં રીલ ન બનાવવાની ખાતરી આપ્યા પછી ફરિયાદીને કળંબોલીમાં છોડી આરોપી ફરાર થઈ ગયા હતા.

# મુંબઈગરા સંભાળજો! મૅલેરિયા, ડેન્ગ્યૂના કેસમાં ધરખમ વધારો

મુંબઈઃ જુલાઈ મહિનામાં પડેલા મુશળધાર વરસાદને પગલે પાણીજન્ય કહેવાતી બીમારીઓએ મુંબઈમાં માથું ઊંચક્યું છે. જૂન મહિનાની સરખામણીમાં મુંબઈમાં જુલાઈ મહિનામાં મૅલેરિયા અને ડેન્ગ્યૂના બમણા કેસ નોંધાયા છે. જુલાઈમાં મૅલેરિયાના ૧,૩૮૦, ડેન્ગ્યૂના ૪૬૬ કેસ તો ગૅસ્ટ્રોના ૮૫૧ કેસ નોંધાયા છે. ભારે વરસાદને પગલે અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા, તેને પગલે ચોમાસાજન્ય કહેવાતી બીમારીનું પ્રમાણ વધી ગયું હોવાનો પાલિકાના સાર્વજનિક આરોગ્ય વિભાગે દાવો કર્યો છે. જૂન મહિનાની સરખામણીમાં જુલાઈ મહિનામાં મૅલેરિયા, ડેન્ગ્યૂ, લેપ્ટો જેવી પાણીજન્ય બીમારી જ નહીં પણ સ્વાઈન ફ્લૂ અને કૉવિડ-૧૯ કેસમાં પણ મોટો વધારો નોંધાયો છે.

જૂન મહિનામાં મૅલેરિયાના ૬૫૫ દર્દી સામે જુલાઈમાં દર્દીનો આંકડો બમણો થઈને ૧,૩૮૦ કેસ નોંધાયા હતા. ડેન્ગ્યૂના જૂનમાં ૨૬૬ સામે જુલાઈમાં ૪૬૬, લેપ્ટોસ્પાયરોસિસના જૂનમાં ૩૩ સામે જુલાઈમાં ૭૮ કેસ નોંધાયા હતા. તો ગૅસ્ટ્રોના જૂનમાં ૬૦૩ કેસ સામે જુલાઈમાં ૮૫૧ અને કૉવિડ ૧૯ના જૂનમાં ૨૭ કેસ સામે જુલાઈમાં ૫૮ કેસ નોંધાયા હતા. સ્વાઈનફ્લૂના કેસ પણ જૂનમાં ૫૮ હતા, તેની સામે જુલાઈમાં આ આંકડો લગભગ બમણો એટલે કે ૧૦૫ દર્દી નોંધાયા હતા.

# બૅન્ગકોકથી આવેલો વડોદરાનો યુવાન ઍરપોર્ટ પર ગાંજા સાથે પકડાયો

મુંબઈઃ બૅન્ગકોકથી આવેલા ગુજરાતના વડોદરા શહેરમાં રહેતા યુવાનને કસ્ટમ્સના અધિકારીઓએ મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ પર ગાંજા સાથે પકડી પાડ્યો હતો.

કસ્ટમ્સના ઍર ઈન્ટેલિજન્સ યુનિટના (એઆઈયુ) અધિકારીઓએ સોમવારે ધરપકડ કરેલા આરોપીની ઓળખ પરેશ તુલસિયાની (૩૬) તરીકે થઈ હતી. પરેશ વડોદરાના પટેલ પાર્કનો રહેવાસી હોવાનું જાણવા મળ્યું હતું. અધિકારીઓએ રવિવારની રાતે ઍરપોર્ટ પર છટકું ગોઠવ્યું હતું. આરોપી બૅન્ગકોકથી ઈન્ડિગો ઍરલાઈનની ફ્લાઈટમાં મધરાતે બે વાગ્યાની આસપાસ ઍરપોર્ટ પર પહોંચ્યો હતો. શંકાને પગલે તાબામાં લઈ તેની તપાસ કરવામાં આવી હતી. અધિકારીએ જણાવ્યું હતું કે પ્રથમદર્શી આરોપીની પર્સનલ સર્ચ અને તેની ટ્રોલી બૅગમાંના સામાનની તપાસમાં કોઈ ડ્રગ્સ મળ્યું નહોતું. જોકે તેણે પહેરેલી જીન્સ પરનો બૅલ્ટ શંકાસ્પદ જણાયો હતો. ચકાસણી કરતાં કમરે પહેરેલા બૅલ્ટ સાથે પ્લાસ્ટિકનાં ત્રણ પાઉચ હોવાનું નજરે પડ્યું હતું. ફીલ્ડ ટેસ્ટિંગ કિટની મદદથી તપાસતાં પાઉચમાં ઉચ્ચ ગુણવત્તાવાળો ગાંજો હોવાનું જણાયું હતું. આરોપી પાસેથી અંદાજે ૨૩ લાખ રૂપિયાનો ગાંજો જપ્ત કરવામાં આવ્યો હતો. એનડીપીએસ ઍક્ટ હેઠળ તેની ધરપકડ કરી અધિકારીઓએ વધુ તપાસ હાથ ધરી હતી.

# ‘માતોશ્રી’ પર ઠાકરે સેનાના બે જૂથ વચ્ચે ઉગ્ર બોલાચાલીઃ ઉદ્ધવ ઠાકરે પણ ભડક્યા

મુંબઈઃ શિવસેના ઠાકરે જૂથના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેના નિવાસસ્થાન ‘માતોશ્રી’ ખાતે જૂથના પદાધિકારીઓના બે જૂથ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હોવાનું જાણવા મળ્યું છે. એને પગલે વાતાવરણ ખૂબ જ ગરમાયું હતું. આ બાધા બાધી અંગે ઉદ્ધવ ઠાકરેએ પણ તીવ્ર નારાજગી વ્યક્ત કરી બંને જૂથના પદાધિકારીઓને ઠપકો આપ્યો છે. મળેલી માહિતી અનુસાર સોમવારે ઉદ્ધવ ઠાકરેની હાજરીમાં થાણે અને કલ્યાણના પદાધિકારીઓની બેઠક બોલાવવામાં આવી ત્યારે આ ઘટના બની હતી. બંને જૂથના પદાધિકારીઓ વચ્ચે દલીલ થઈ હતી. ઉદ્ધવ ઠાકરેએ પદાધિકારીઓને ઠપકો આપ્યો હતો. આ સમયે ઉદ્ધવ ઠાકરેએ ઝઘડી રહેલા પદાધિકારીઓને કોક્રૉચ જનતા પાર્ટીના સ્થાપક અભિજિત દીપકેનું ઉદાહરણ આપતા કહ્યું હતું કે દેશનો એક યુવાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પડકાર ફેંકી રહ્યો છે અને તમે ઝઘડો કરી રહ્યા છો? તમે કેમ આ રીતે વર્તી રહ્યા છો?’ આ ઘટનાને કારણે સભામાં વાતાવરણ થોડા સમય માટે ખૂબ ગરમ થઈ ગયું.

## સાયબર ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ કેસમાં ત્રણની ધરપકડઃ

# ‘મ્યૂલ’ બૅંક ખાતાં દ્વારા ૨.૫ કરોડ રૂપિયાના વ્યવહારો શોધી કઢાયા

મુંબઈઃ શેરબજારમાં રોકાણ પર આકર્ષક વળતરની લાલચે ૬૨ વર્ષની સિનિયર સિટિઝન સાથે ૩૧.૫ લાખ રૂપિયાની છેતરપિંડી આચરવાના કેસમાં મુંબઈ પોલીસના સાયબર સેલે ત્રણ જણની ધરપકડ કરી હતી.

પોલીસની તપાસમાં છેતરપિંડીનો ફેલાવો ખૂબ જ વધુ હોવાનું સામે આવ્યું હતું. આરોપીઓના બૅંક ખાતાં દ્વારા અત્યાર સુધીમાં ૨.૫ કરોડ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. છેતરપિંડી આચરીને મેળવેલા રૂપિયા અન્ય ૩૬ બૅંક ખાતાંમાં ટ્રાન્સફર કરાયા હતા, જે દેશભરમાં નોંધાયેલા સાયબર ફ્રોડના ૩૮ કેસ સાથે જોડાયેલા છે, જેમાં મુંબઈના ૧૦ કેસનો સમાવેશ છે. આરોપીઓની ઓળખ જોશુઆ રતનામ કલાકુરી, યોગેશ દિલીપ સોલંકી અને કુણાલ કૈલાસ મસ્કે તરીકે થઇ હતી.

પોલીસે જણાવ્યું હતું કે ફરિયાદી ગેરેગામ વિસ્તારની રહેવાસી છે અને ખાનગી કંપનીની નિવૃત્ત સિનિયર વાઇસ પ્રેસિડન્ટ છે તથા એક અનુભવી શેરબજારમાં રોકાણકાર છે. સપ્ટેમ્બર, ૨૦૨૫માં તેને વ્હૉટ્સઍપ મેસેજ પ્રાપ્ત થયો હતો. મેસેજ મોકલનારી વ્યક્તિએ દાવો કર્યો હતો કે તે એક ઇન્વેસ્ટમેન્ટ કંપનીનું પ્રતિનિધિત્વ કરે છે, જે રોકાણ પર આકર્ષક વળતર અને પંદર દિવસની મફત મેમ્બરશિપ ઓફર કરે છે. પોતે છેતરાઇ હોવાનું ધ્યાનમાં આવતાં ફરિયાદીએ નોર્થ રિજન સાયબર પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધ્યો હતો. (પીટીઆઇ)■

# થાણેમાં રાણીબાગ જેવો ભવ્ય પ્રાણીસંગ્રહાલય ૧૦ કરોડને ખર્ચે

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણેમાં વધી રહેલા શહેરીકરણની પૃષ્ઠભૂમિમાં ભાયખલાના પ્રાણીસંગ્રહાલય જેવું ભવ્ય બોટનિકલ ગાર્ડન અને આધુનિક પ્રાણી સંગ્રહાલય થાણેમાં ઊભું કરવામાં આવવાનું છે, તે માટે રાજ્ય સરકાર દ્વારા ૧૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

અર્બન ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટે આ પહેલ માટે મંજૂરી આપી દીધી છે અને પહેલા તબક્કા માટે ૧૦ કરોડ રૂપિયાના નોંધપાત્ર ભંડોળની જાહેરાત કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ સાથે જ થાણેવાસીઓએ હવે વન્યજીવન અને જૈવ વિવિધતાનો આનંદ માણવા માટે મુંબઈ પર નિર્ભર રહેવું પડશે નહીં. શહેરમાં જ વિશ્વ કક્ષાનું પ્રવાસન કેન્દ્ર ઊભું કરવામાં આવશે. આ પ્રોજેક્ટ ટીકુજીની વાડી વિસ્તારમાં ૧૦ હેક્ટર જમીન પર અમલમાં આવશે. ચિતલસર-માનપાડા (ટીકુજીની વાડી) ખાતે ૧૦ હેક્ટરના અનામત પ્લોટ પર આ બહુપ્રતિક્ષિત પ્રોજેક્ટ વિકસાવવામાં આવશે. મહાનગરપાલિકાના વિકાસ કામો માટે મંજૂર થયેલા કુલ ૧૫૦ કરોડ રૂપિયાના ભંડોળમાંથી આ નેચર પાર્ક માટે પ્રારંભિક ભંડોળ ફાળવવામાં આવ્યું છે. આ સ્થળે માત્ર પ્રાણીઓ જ નહીં પરંતુ દુર્લભ છોડની જાળવણી, જૈવ વિવિધતા સંશોધન કેન્દ્ર અને નાગરિકો માટે વૉકિંગ ટ્રેક જેવી આધુનિક સુવિધાઓ બનાવવામાં આવશે.

# બે હાઉસિંગ સોસાયટી સામે કાર્યવાહી

મુંબઈઃ મુંબઈમાં વૃક્ષને નુકસાન પહોંચાડવા બદલ તેમ જ મંજૂરી વગર વધુ પ્રમાણમાં વૃક્ષની છટણી કરવા બદલ બે હાઉસિંગ સોસાયટી સામે મુંબઈ મહાનગરપાલિકાએ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધ્યો છે. વૃક્ષોનું રક્ષણ કરવા અને પર્યાવરણીય સંતુલન જાળવવા માટે પાલિકા દ્વારા વૃક્ષ સંરક્ષણ નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે કડક વલણ અપનાવ્યું છે. પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ દિંડોશી મેટ્રો સ્ટેશન નજીક આવેલી એક હાઉસિંગ સોસાયટીના કૉમ્પ્લેક્સની બહાર વૃક્ષોને નુકસાન પહોંચાડવા બદલ સંબંધિત હાઉસિંગ સોસાયટીના પદાધિકારીઓ અને ડેવલપર સામે કુરાર પોલીસ સ્ટેશનમાં બિન-દખલપાત્ર ગુનો નોંધવામાં આવ્યો છે. ઉપરાંત, ઘાટકોપર (પશ્ચિમ) માં પણ એક હાઉસિંગ સોસાયટીના પરિસરમાં પાલિકા દ્વારા આપવામાં આવેલી પરવાનગી કરતા વધુ વૃક્ષો કાપવામાં આવ્યાં હોવાનું જાણવા મળતાં સંબંધિત હાઉસિંગ સોસાયટી સામે કેસ નોંધવામાં આવ્યો છે.

પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું કે દિંડોશી મેટ્રો સ્ટેશન પાસે આવેલી હાઉસિંગ સોસાયટી બાબતે પાલિકાના પી નોર્થ વોર્ડને એક ઓનલાઈન ફરિયાદ મળી હતી કે આ હાઉસિંગ સોસાયટીની સામેનાં બે વૃક્ષોને ઝેરી ઇન્જેક્શન આપીને સુકાવી દેવામાં આવ્યાં છે. આ ફરિયાદને ધ્યાનમાં લેતા ઉદ્યાન વિભાગના અધિકારીઓએ સંબંધિત સ્થળનું ઈન્સ્પેકશન કર્યું હતું એ દરમ્યાન જણાઈ આવ્યું હતું હાઉસિંગ સોસાયટીના પ્રવેશદ્વાર સામેના રસ્તા પર આવેલા પેલ્ટોફોરમ પ્રજાતિના ઝાડના થડ પર જમીનની નજીક લગભગ વીસથી બાવીસ કાણા પાડવામાં આવ્યા હતા અને તેમાં ઝેરી ઇન્જેક્શન આપવામાં આવ્યા હતા.

# મહારાષ્ટ્રમાં એફડીએની તવાઈ, ₹ ૧૦ કરોડનો નકલી માલ જપ્ત

મુંબઈઃ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન દ્વારા જૂન-જુલાઈ ૨૦૨૬ દરમિયાન પુણે સહિત રાજ્યભરમાં નકલી દવાઓ, લાઇસન્સ વિનાના ઉત્પાદન અને ભ્રામક જાહેરાતો સામે ૮૮ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ કાર્યવાહીમાં લગભગ ૯.૫૦ કરોડ રૂપિયાની ગેરકાયદેસર દવાઓ અને કોસ્મેટિક્સ જપ્ત કરવામાં આવ્યા હતા, ૨૦ કેસ નોંધાયા હતા અને ૧૦ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી અને નિયમોનું ઉલ્લંઘન કરતી ત્રણ બ્લડ બેંકોના લાઇસન્સ કાયમી ધોરણે રદ કરવામાં આવ્યા હતા.

# કોલસા સાથે સોડિયમ નાઈટ્રેટ બાળી તેનો ધુમાડો શ્વાસમાં લઈને પરિવારનો આપઘાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પુણેમાં વસતા કેરલમના ઉચ્ચ શિક્ષિત પરિવારે આર્થિક તંગીથી કંટાળી જીવન ટૂંકાવવા માટે સોડિયમ નાઈટ્રેટ નામના અત્યંત ઝેરી રસાયણનો ઉપયોગ કર્યો હતો. ઑનલાઈન મગાવાયેલું આ રસાયણ સળગતા કોલસા પર નાખીને તેનો ધુમાડો શ્વાસમાં લીધો હતો, જેને પગલે માતા-પિતા અને દીકરીનાં મોત નીપજ્યાં હતાં.

સંત તુકારામ નગર પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર સુહાસ આવ્હાડે જણાવ્યું હતું કે ઘટના શનિવારે પ્રકાશમાં આવી હતી. મૃતકોની ઓળખ વિનોદ પિલ્લઈ (૫૦), તેની પત્ની શ્રીજા પિલ્લઈ (૪૫) અને દીકરી પૌર્ણિમા (૧૯) તરીકે થઈ હતી. મૂળ કેરલમનો આ પરિવાર છેલ્લાં ત્રણ વર્ષથી પુણેમાં રહેતો હતો.

મળતી માહિતી અનુસાર વિનોદે આઈઆઈએમ અમદાવાદમાંથી ડિગ્રી મેળવી હતી, જ્યારે પત્ની શ્રીજા પિંપરી વિસ્તારના મોરવાડી ખાતે આવેલી પ્રતિષ્ઠિત શાળામાં કોઑર્ડિનેટર તરીકે જોડાઈ હતી. દંપતીની દીકરી પૌર્ણિમા કમ્પ્યુટર સાયન્સમાં ડિગ્રીના બીજા વર્ષમાં અભ્યાસ કરતી હતી.

કેરલમથી પુણે આવેલો પિલ્લઈ પરિવાર પિંપરી ચિંચવડના નેહરુનગર વિસ્તારમાં માલિકીના ફ્લૅટમાં રહેતો હતો. આર્થિક તકલીફને કારણે એ ફ્લૅટ તેમણે વેચી દેવો પડ્યો હતો. ત્યારથી આ કુટુંબ મોરવાડીમાં ભાડેના ઘરમાં રહેતું હતું.

આવ્હાડે જણાવ્યું હતું કે શ્રીજા નોકરીએ ન જતાં શાળાના અધિકારીએ તેનો સંપર્ક સાધવાનો પ્રયાસ કર્યો હતો. જોકે વારંવાર ફોન કરવા છતાં શ્રીજાએ કૉલ રિસીવ કર્યા નહોતા. પરિણામે શાળા દ્વારા શ્રીજાનાં સગાંસંબંધીને જાણ કરાઈ હતી. નજીકના વિસ્તારમાં રહેતા એક સગા શનિવારે પિલ્લઈના ઘરે પહોંચ્યા ત્યારે ઘટના પ્રકાશમાં આવી હતી. ઘરનો દરવાજો ખુલ્લો હતો અને ત્રણેય જણ બેભાન પડ્યા હતા.

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ભાડેર નિવાસી હાલ બોરીવલી સ્વ. લાભુબેન તથા છોટાલાલ શામળજી દેસાઇના પુત્ર તથા ગુણવંતીબેનના પતિ ભુપતરાય (બાલુભાઇ)દેસાઇ (ઉં. વ. ૯૦) તે મનીષભાઇ, સાધનાબેન, પરીનાબેન, વીપાબેનના પિતાશ્રી. હીનાબેન, પ્રદીપભાઇ મહેતા, ભરતભાઇ ઘેલાણી, કેતનભાઇ માલાણીના સસરા. શાંતિભાઇ, હરીશભાઇ, લીલીબેન, ઉર્મિલાબેન, હંસાબેન, ધનલક્ષ્મીબેન, હીનાબહેનના વડીલ બંધુ. તથા સ્વ. હરખચંદભાઇ નરભેરામ સુતરીયાના જમાઇ. રવિવાર, તા. ૨ ઓગસ્ટ, ૨૦૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

બિલખા નિવાસી હાલ મુંબઇ સ્વ. મહેન્દ્રભાઇ અભયચંદ તુરખીયા (ઉં. વ. ૮૦) તા. ૧ ઓગસ્ટ ૨૦૨૬ મુંબઇ મુકામે અરિહંતશરણ પામેલ છે. તે માતુશ્રી સ્વ. જયાબેન તથા સ્વ.અભયચંદ વસનજી તુરખીયાના સુપુત્ર. ચંદનબેનના પતિ. સૌ. પલ્લવીબેન કલ્પેશભાઇ દેસાઇ તથા સૌ. અમિશાબેન રિષભભાઇ શાહના પિતાશ્રી. કિશોરભાઇ, રાજેશભાઇ તુરખીયા તથા રમાબેન, સ્વ. નિર્મળાબેન, લતાબેન તથા સ્વ. નિરુપમાબેનનાં ભાઇ. સુલતાનપુર નિવાસી હાલ કુઆલાલંપુર મલેશિયા સ્વ. ચુનીલાલ રૂગનાથ જસાણીના જમાઇ. પ્રાર્થનાસભા, મંગળવાર તા. ૪-૮-૨૬ના સાંજે ૪.૩૦થી ૬.૩૦. ઠે. ઋતંભરા બેન્કવેટ હોલ, જુહુ જે.વી.પી.ડી. સ્કીમ, મુંબઇ-૪૯.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

અમરેલી નિવાસી હાલ વિલેપાર્લે સ્વ. ચંદ્રિકાબેન ખારા (ઉં. વ. ૭૭) તે ચંદ્રકાન્તભાઇના પત્ની. સ્વ. કંચનબેન વિરચંદ ખારાના પુત્રવધૂ. સ્વ. લાભકુંવરબેન છબીલદાસ મોદીના સુપુત્રી. દર્શના, અની, જયના માતુશ્રી. પરાગભાઇ, સમીરભાઇ, કિંજલબેનના સાસુ. ધનીશના દાદી. રવિવાર, તા. ૨-૮-૨૬ના અરિહંતશરણ પામેલ છે. પ્રા. ખડાયતા ભવન, હનુમાન રોડ, વિલેપાર્લે, (ઇસ્ટ).તા. ૪-૮-૨૬ મંગળવારના બપોરે ૩.૩૦થી ૫.૩૦.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

પરબ વાવડી નિવાસી હાલ બોરીવલી સ્વ. અમૃતલાલ માધવજી રૈયાણીના સુપુત્ર દીલીપભાઇ (ઉં. વ. ૭૦) તે માલતીબેનના પતિ. તથા ઇશીતા અને અક્ષતના પિતાશ્રી. સ્વ. રમેશભાઇ, વીનુભાઇ, છબીલભાઇ, પ્રવીણભાઇ, મહેન્દ્રભાઇ તથા ભાવનાબેન પંકજભાઇ બોટાદરાના ભાઇ. સ્વ. શીવલાલ નરભેરામ દોશીના જમાઇ તા. ૨-૮-૨૬ રવિવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મૂળી નિવાસી હાલ કાંદિવલી સ્વ. ભુપતરાય વાડીલાલ શાહના ધર્મપત્ની પ્રફુલાબેન (ઉં. વ. ૮૩) તે હિતેશ, કૃપા, હેમાંગના માતા. પ્રીતિ, વિપુલના સાસુ. આયુષીના નાની. ભક્તિના દાદી. અરુણાબેન,કિશોરભાઇ શાહના દેરાણી. સ્વ. કાંતાબેન જગજીવનદાસ અદાણીના સુપુત્રી. સ્વ. પ્રવીણભાઇ, મહેશ, સ્વ.જયોત્સનાબેન, રેખા, મીતાના મોટાબહેન. રંજનબેન અને મીનાબેનના નણંદ તા. ૩-૮-૨૬ના અવસાન પામેલ છે.

## પારસી મરણ

**ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.**

લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પાટણ વિશા શ્રીમાળી જૈન**

સ્વ. પ્રભાવતીબેન તથા સ્વ. ત્રિભોવનદાસના સુપુત્ર હસમુખભાઈ ત્રિભોવનદાસ શાહ (ઉં. વ. ૯૦), કનાસાનો પાડો, પાટણ, મીરા રોડ હાલ, ૨૬/૦૭/૨૬ના અરિહંત શરણ પામ્યા છે. તેઓ સ્વ. વીણાબેન શાહના પતિ. મેઘના, હેતલ, સોના, મેહુલ, દીપક ના પિતાશ્રી. જીતેન્દ્ર, હર્ષદ, સ્વ. અરૂણા, સ્વ. રજનીકાંતભાઈ, સ્વ. હરેશભાઈના ભાઈ. ભાવેશકુમાર અને પ્રજ્ઞેશકુમારના સસરા. ત્રિશા તથા નિરિહાના નાના. લૌકિક વ્યવહાર બંધ છે. નિવાસસ્થાન :સી/૨, સેક્ટર-૬, નીલકમલ બિલ્ડિંગ, શાંતિ નગર, મીરા રોડ (ઈસ્ટ).

**પાટણ વિશા શ્રીમાળી જૈન**

સ્વ. પ્રભાવતીબેન તથા સ્વ. ત્રિભોવનદાસના સુપુત્ર જીતેન્દ્રભાઈ ત્રિભોવનદાસ શાહ (ઉં. વ. ૭૭) કનાસાનો પાડો, પાટણ, હાલ ભાયંદર, રવિવાર ૨/૮/૨૬ના અરિહંત શરણ પામ્યા છે. તે સ્વ. હસમુખભાઈ, સ્વ. અરૂણાબેન, સ્વ. રજનીકાંતભાઈ, હર્ષદભાઈ, સ્વ. હરેશભાઈના ભાઈ. લૌકિક વ્યવહાર બંધ છે. નિવાસસ્થાન બિ-૪, ગ્રાઉન્ડ ફ્લોર, રામેશ્વર પાર્ક બિલ્ડીંગ, કપોળ વાડીની નજીક, ગીતા નગર, ભાયંદર (વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

ગામ લીબડા હનુભાના નિવાસી હાલ ભાવનગર, સ્વ. શાંતિલાલ ચંપકલાલ કોઠારીના ધર્મપત્ની પ્રભાબેન (ઉં. વ. ૮૮) તા. ૨-૮-૨૬ને રવિવારના અરિહંતશરણ થયેલ છે. તે ચંદ્રિકાબેન જયંતીલાલ સંઘરાજકા, કંચનબેન કીર્તિભાઇ મગીયા, રમુભાઈ, હર્ષદભાઈના ભાભી. સોનલબેન ચિરાગભાઈ શાહ, નરેન્દ્ર તથા કિશોરના માતુશ્રી. આરતીબેનના સાસુ. દરેડ નિવાસી સ્વ. સંતોકબેન હરિચંદ વોરાના દીકરી. તેમની પ્રાર્થનાસભા તા. ૪-૮-૨૬ને મંગળવારના રોજ ભાવનગર મુકામે રાખેલ છે.

**ઝાલાવાડી દશાશ્રીમાળી દેરાવાસી જૈન**

વડોદ નિવાસી હાલ કાંદિવલી, અ.સૌ. સ્નેહલતા ધીરજલાલ કુવાડિયા (ઉં. વ. ૮૬) તે ધીરજલાલ કરસનદાસ કુવાડિયાના પત્ની. વીરેન્દ્ર, ધર્મેન્દ્ર, નીતિનના માતુશ્રી. બીના, પ્રીતિ નિશાના સાસુ. દર્શિત-નિશિકા, રાજ-શિખા, હર્ષ-નિધિ, મિરાયા, મેહેરના દાદી. સ્વ. જયંતીલાલ, ભરતભાઈ, મહેન્દ્રભાઈ તથા સ્વ. ચંદ્રાબેન, જયોત્સ્ના, ભારતીના ભાભી. નવીનચંદ્ર, શશીકાંત, વિનોદ તથા અરુણા અને હંસાના બેન. તા. ૩/૮/૨૬ના અરિહંતશરણ પામેલ છે લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બાડાના રતન નવીનચંદ્ર રાયશી શાહ (ગડા) (ઉં. વ. ૮૩) તા. ૨-૮-૨૬ના અવસાન પામેલ છે. સ્વ. નવીનચંદ્ર રાયશીના ધર્મપત્ની. મેઘબાઈ રાયશીના પુત્રવધૂ. અમીત, રોહિત, ભાવનાના માતા. કાંડાગરાના નાનબાઈ હેમરાજના પુત્રી, તલકશી, મોરારજી, ગાંગજી, લક્ષ્મી રાઘવજી, સાકર લાલજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. રોહિત શાહ, ૫૦૪-ગાલા બ્લોસમ, મામલતદાર વાડી રોડ નં: ૧, મલાડ (વે).

નાના ભાડિયા હાલે વાપી કેશરબેન મોરારજી રાંભિયા (ઉં. વ. ૯૦) તા. ૩૧.૦૭.૨૬ના અવસાન પામેલ છે. પાનબાઈ કાનજીના પુત્રવધૂ. મોરારજીના પત્ની. રમણીક, નેણબાઈ, ભીમશી, નાગજી, આ.કો.મો.પક્ષના અંજનાબાઈ મ.સ., ઝવેરના માતુશ્રી. બિદડાના લક્ષ્મીબેન ભીમશી વોરાના સુપુત્રી. કુંવરજી, શામજી, હીરબાઈ ખીમજી, મેઘબાઈ હીરજી, કુસુમબેન કલ્યાણજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. રમણીક રાંભિયા, એચ/૪, ગૌતમ એપા., ગુંજન રોડ, જી.આઈ.ડી.સી., વાપી-૩૯૬૧૯૫.

બાડાના ઍડ. નેહા (ડોલી) ગડા (ઉં. વ. ૪૮) તા. ૧-૮-૨૬ના અવસાન પામેલ છે. કસ્તુરબાઇ કુંવરજી જેઠા ગડાના પૌત્રી. દેવપુર / ગઢશીશા વસુબેન ડુંગરશી હંસરાજ ગાલાના દોહિત્રી. ઍડ. જ્યોત્સના નવીનના પુત્રી. પ્રાર્થના સભા રાખેલ નથી. નિવાસ : ઍડ. જ્યોત્સના નવીન ગડા, ૩૯૨ એ, હીરાબાઈ બિલ્ડીંગ, ૧લે માળે, ગણપતરાવ કદમ માર્ગ, વરલી નાકા, મુંબઇ-૪૦૦૦૧૮.

બિદડાના તુષાર જગશી શાહ (ગોગરી) (ઉં. વ. ૭૩) તા.૧-૮-૨૬ના અવસાન પામેલ છે. જયાબેન જગશીના પુત્ર. વર્ષા (વાસંતી)ના પતિ. મિતેશ, બીજલના પિતા. રેણુકા, તરલા, પ્રજ્ઞા, રીટાના ભાઈ. ઝવેરબેન બાબુભાઈ પોલડીયાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ.તુષાર જગશી શાહ. ડી-૪૩, ચોથે માળે, રામેશ્વર સોસાયટી, એસ.વી.રોડ, સાંતાક્રુઝ (વે).

ભોજાયના ગાંગજી લીલાધર દેઢિયા (ઉં. વ. ૮૭) તા.૧-૮-૨૬ અવસાન પામેલ છે. જેતબાઈ લીલાધર ખેરાજના પુત્ર. સુંદરબેનના પતિ. હસુમતી, હિરેનના પિતા. લક્ષ્મીચંદ, ઝવેરચંદ, હાંસબાઈ હરશી, લીલબાઈ મગનલાલ, લક્ષ્મીબાઈ દામજી, મંગળાબેન માવજીના ભાઈ. હીરબાઈ ચનાના જમાઈ. પ્રા.યોગી સભાગૃહ, પહેલે માળે, દાદર (સે.રે.) સ્ટેશનની સામે. ટા.૩ થી ૪.૩૦.

રતાડીયા ગણેશવાળાનાં શ્રી ધીરજ પોપટલાલ છેડા (ઉં. વ. ૬૬) તા. ૧-૮-૨૬નાં અરિહંતશરણ પામેલ છે. સ્વ. સાકરબેન પોપટલાલના પુત્ર. પ્રફુલાના પતિ. ખ્યાતિના પિતા. મુલચંદ કેતકી પ્રવિણ હંસા મનસુખના ભાઇ. વેલબાઇ પ્રેમજી ગોસરના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. પ્રફુલ્લા ધીરજ છેડા, હેમનગર, એ વિંગ, રૂમ ૨૦૧, આંબાવાડી, નાલાસોપારા (ઇ.) ૪૦૧૨૦૯.

લાખાપુરના (હાલે નાગપુર) માતુશ્રી હેમલતાબેન શાંતીલાલ સતરા (ઉં. વ. ૭૯) તા. ૧-૮-૨૬ના અવસાન પામેલ છે. સાકરબેન ખીમજી દેવજી સતરાના પુત્રવધૂ. શાંતીલાલના ધર્મપત્ની. લાખાપુરના લક્ષ્મીબેન લખમશી નથુ શેઠિયાના સુપુત્રી. શૈલેષ, જીગર, નીતા, પ્રીતીના માતુશ્રી. લાખાપુરના જગશી, તલકશી, રતાડીયાના જવેરબેન ચાંપશી, પત્રીના કેસરબેન ઠાકરશી, પાલનપુરના જયાબેન અમૃતલાલના બેન. પ્રાર્થના - મંગળવાર, ૪.૮.૨૬, સવારના ૧૦.૩૦, કચ્છી ભુવન, નાગપુર. ઍડ્રેસ : શૈલેષ સતરા, ૩૨૪, નવરાત્રા એપા., કવેટા કોલોની, નાગપુર-૪૪૦૦૦૮.

નાના રતડિયાના પુષ્પા તારાચંદ ગડા (ઉં. વ. ૬૯) તા. ૧-૮-૨૬ના અવસાન પામેલ છે. કસ્તુર રાયશીના પુત્રવધૂ. તારાચંદના પત્ની. હાંસબાઈ નેમચંદના પુત્રી. જેઠાલાલ, મણીલાલ, ભરતના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. તારાચંદ ગડા, વિસામો, જી-૩૮, નવનીતનગર, દેસલેપાડા, ડોંબિવલી (ઈ).

રતાડીયા (ગણેશ)ના રાજેશ નેમજી છેડા (ઉં. વ. ૫૬) તા. ૨-૮-૨૬ ના અવસાન પામેલ છે. વનિતાબેન નેમજીના સુપુત્ર. લીનાના પતિ. ગ્રિષ્માના પપ્પા. મનિષા, રૂપલ, પ્રિતલના ભાઈ. મણીબેન દામજી નાગડાના જમાઈ. પ્રા : શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં. : કરશન લધુભાઈ નિસર હોલ (દાદર). ટા. ૨ થી ૩.૩૦.

## હિન્દુ મરણ

તાપુભાઈ એસ. ચૌહાણ ઝવેરી તા. ૩૦.૦૭.૨૬ના રોજ અવસાન છે. પત્નીઃ સાવિત્રી ટી. ચૌહાણ ઝવેરી. સંતાનોઃ મનીષા, અલ્પા, તુષાર, સચિન. પુત્રવધૂઓઃ ફાલ્ગુની અને મીનલ. પૌત્રોઃ શ્રેય અને દીપ.

**કચ્છી લોહાણા**

હર્ષ પ્રવિણકુમાર રુખાના (ઉં. વ. ૨૯) કચ્છ તેરા ગામ તાલુકો અબડાસા પ્રવીણભાઇ અને રંજનબેનના પુત્ર. સ્વ. મૂળબાઇ લાલજી રૂખાના પૌત્ર. નરેશભાઇ લાલજી રૂખાના, નીતા નરેન્દ્ર રવાણી, મંગલા પ્રતાપ કટિરા અને હંસા પ્રકાશ સોમૈયાના ભત્રીજા. મહેન્દ્રભાઇ અને વિજયભાઇ કારીયાના ભાણેજ અવસાન તા. ૧ ઓગસ્ટ, ૨૦૨૬ના મુંબઇમાં થયેલ છે. પ્રાર્થનાસભા રાખવામાં આવેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી લોહાણા**

મૂળ ભાવનગર નિવાસી હાલ વસઇ તે સ્વ. મુક્તાબેન જગજીવનદાસ મજીઠીયાના સુપુત્ર રમેશચંદ્ર (ચીમનભાઇ) (ઉં. વ. ૮૧) તે કુંદનબેનના પતિ. તે સેજલ તેજસ ભૂપતાણી તથા હીરેનના પિતા. સ્વ. ઇન્દુબેન, કૈલાસબેન, જયોતિબેન, ભાનુબેન, સ્વ. અશોકભાઇ તથા ભરતભાઇના મોટાભાઇ. તે અવનીના સસરા. તે સ્વ. દયાબેન ગીરધરલાલ પુજારાના જમાઇ. રવિવાર, તા. ૨-૮-૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ**

ડો. જયદીપ અશોકભાઇ ઠાકર (ઉં. વ. ૫૫) તે શુક્રવાર તા. ૩૧-૭-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે ગામ બોરસદ હાલ મુંબઇ સાંતાક્રુઝ નિવાસી સ્વ. ઉર્વશીબેન અને ડો. અશોકભાઇ જીવણજી ઠાકરના સુપુત્ર. ડો. પલ્લવી ઠાકરના પતિ. રાજ અને બ્રિન્દાના પિતા. પ્રણવ અશોકભાઇ ઠાકરના મોટાભાઇ. અમરેલીના ચંદ્રિકાબેન અને ડો. વસંતરાય ઓધવજી શેઠના જમાઇ. બોરસદના કૌશિકભાઇ અને સ્વ. ચારૂદત્ત જયંતીભાઇ પટેલના ભાણા.

**કચ્છી લોહાણા**

મોથારા ગામનાં હાલ વડાલા મુંબઇ સ્વ. હરીરામ વાલજી ઠક્કરનાં ધર્મપત્ની સુશીલાબેન ઠક્કર (અઇયા) (ઉં. વ. ૯૨) શનિવાર, તા. ૧-૮-૨૬ના રામચરણ પામેલ છે. તે સ્વ. શશીકાંતભાઇ સોમૈયા, સ્વ. શંભુભાઇ સોમૈયા અને સ્વ. સરલાબેન રૂપારેલનાં બહેન. તે સ્વ. ઉષા બંકીમ ધોળકીયા, નરેશ અઇયા, પ્રતિમા નંદલાલ અનમ તથા રીટા અતુલ રૂપારેલનાં માતુશ્રી. તે ધ્રુવ, પારસ, સિદ્ધિ, નીધી, હેના, ગૌરવનાં નાની. પ્રાર્થનાસભા મંગળવાર તા. ૪-૮-૨૬ના સાંજે ૫.૩૦થી ૭. ઠે. રામબાગ, લક્ષ્મીનારાયણ લેન, માટુંગા (ઇસ્ટ), (સેન્ટ્રલ રેલવે).

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

મુળ તળાજા હાલ દહાણું રોડ નિવાસી માધવલાલ જાદવજી શાહના સુપુત્ર ચંદ્રેશભાઇ (ઉં.વ. ૬૨) તા. ૧-૮-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે નયનાબેનના પતિ. નિકિતાબેન રોહિતભાઇ દોશી, ચિ. ઉન્નતીના પિતા. તે સ્વ. વિજયાબેન સુરેશકુમાર મહેતા (મહુવા) નયનાબેન બિપીનકુમાર મહેતા (ભાવનગર), રાજશ્રી દિલીપકુમાર મોદી (મોટા લીલીયા) હર્ષાબેન પરેશકુમાર મહેતા (ભાવનગર) તથા સ્વ. નારાયણનાં મોટાભાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**શિ. સં. ઔ. અ. બ્રાહ્મણ**

સ્વ. ગીતાબેન મહેન્દ્રભાઈ ભટ્ટ (ઉં. વ. ૭૪) તે ભાવનગર નિવાસી હાલ ગોરેગાવ મહેન્દ્રભાઈ મહાસુખરાય ભટ્ટના ધર્મપત્ની. વૈશાલી તથા ખુશ્બુના માતા. મહેન્દ્ર તથા વિનયના સાસુ. ભૂમિ, રુદ્ર, પરી, પિહુના નાની. સ્વ. મનોરમા જયંતીલાલ દવેના દીકરી તા. ૧/૮/૨૬ના અવસાન પામેલ છે. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

નવી મુંબઈ નિવાસી, પંકજભાઈ જયંતીલાલ મગનલાલ રાચ્છ (ઉં. વ. ૬૪) ૨૯/૭/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. પ્રભાવતીબેન તથા સ્વ. જયંતીલાલ રાચ્છના પુત્ર. ભરત, મીના અજયકુમાર પુજારાના ભાઈ. દક્ષાબેનના દિયર. મનસ્વી મિહિરકુમાર દેસાઈના કાકા. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**વિશા સોરઠીયા વણિક**

બાલાગામવાળા હાલ બોરીવલી, સ્વ. લીલીબેન ત્રિભોવનદાસ દયાલના પુત્ર ધીરેન્દ્રભાઈ (ઉં. વ. ૬૮) મંગળવાર, તા. ૨૮.૦૭.૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે હીનાબેનના પતિ. ઈશિતાના પિતા. સરોજબેન, ભરતભાઈ, શૈલેષભાઈ, પારુલબેનના ભાઈ. સ્વ. ચંદ્રકાંત મોરારજી, રાજેશ પ્રતાપરાયના સાળા. કોચીનવાળા સ્વ. નિર્મલાબેન મનમોહનદાસ શાહના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પરજીયા પટ્ટણી સોની**

જેસરવાળા હાલ અંધેરી, સ્વ. જેન્તીલાલ મેરામભાઇ સાગરના પુત્ર સ્વ. ઘનશ્યામ જેન્તીલાલ સાગર (ઉં. વ. ૬૪) તા. ૨-૮-૨૬ને રવિવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. અનિલભાઈ, ભરતભાઇ, ગીતાબેન હર્ષદકુમાર સતિકુવર, જયશ્રીબેન કમલેશકુમાર ઘઘડાના ભાઇ. દર્શન, ભરત તથા નિકિતા વૈભવ ઠાકુરના મામા. જગજીવનભાઇ કાળાભાઇ ધકાણ બગસરાવાળાના ભાણેજ. લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ પાજોદ હાલ થાણા, સ્વ. સુરેશભાઈ મંગલજી કાનાણી (ઉં. વ. ૭૫) તા. ૦૧.૦૮.૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે દેવાંગનાબેનના પતિ. સંદીપ, અમિતના પિતાશ્રી. ધ્વનિ, મેઘાના સસરા. નિષ્કા અને આરવના દાદા. સ્વ. ચંદુભાઈ, સ્વ. ત્રંબકભાઈ, સ્વ. હિંમતભાઈ, સ્વ. હીરાલાલ, પ્રવીણભાઈ, સ્વ. નિર્મલાબેન, શારદાબેનના ભાઈ. ગિરધરલાલ માવાણીના જમાઈ. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૪.૮.૨૬ મંગળવારના ૪:૩૦ થી ૬. રઘુવંશી હોલ, શ્રી હાલાઈ લોહાણા મહાજનવાડી, ખારકરાળી, થાણા વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ભટ્ટમેવાડા બ્રાહ્મણ**

રાયગઢ નિવાસી, હાલ મુંબઈ, સ્વ. નિકુંજ પ્રવીણચંદ્ર જોશી તા. ૧-૮-૨૬ના રોજ એકલિંગજીશરણ થયેલ છે. લૌકિક પ્રથા બંધ રાખેલ છે. તેમની ઉત્તરક્રિયા ચાણોદ ખાતે તા. ૧૧ અને ૧૨ ઓગસ્ટ રાખેલ છે. તરલીકાબેન પ્રવીણચંદ્ર જોશી, ભાવિકા નિકુંજ જોશી, સૌ. સોનલ શશીકાંત કદમ, સૌ. નેહા વિશાલ પંડિત.

**શિહોર સંપ્રદાય અગિયારશે ઔદીચ્ય બ્રાહ્મણ**

ધાંધળીના વતની હાલ વિરાર, સ્વ. પદ્માબેન કાંતિભાઈ પંડ્યાના પુત્ર ઈંદ્રજિત (ઉં. વ. ૭૮) તે સ્વ. અરુણાબેનના પતિ. ગં.સ્વ. ઇન્દિરાબેન, સ્વ. હરિવદનભાઈ, જ્યોતિન્દ્રભાઈ, રેખાબેન, સ્વ. જનકભાઈના ભાઈ. વાંકાનેરના વતની સ્વ. પ્રભાબેન કેશવલાલ ભટ્ટના જમાઈ. સ્વ. વિમળાબેન, સ્વ. મહેન્દ્રભાઈ, સ્વ. જ્યોતિબેન, સ્વ. વિનોદભાઈ, આરાધનાબેનના બનેવી તા. ૧-૮-૨૦૨૬ને શનિવારે કૈલાસવાસી થયેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

તન મન ધનથી રહો તરોતાજા

# તમારા પોર્ટફોલિયોને ‘ચંપલ’ પહેરાવ્યા કે નહીં? પર્સનલ ફાઈનાન્સનું ખરું રહસ્ય...




અમિત ત્રિવેદી feedback@bombaysamachar.com

શિયાળાની એક મસ્ત સોમવારની સવારે મારો એક ફ્રેન્ડ પોતાની કાર ડ્રાઇવ કરી રહ્યો હતો અને એને

લાગ્યું કે આજનો દિવસ કંઈક અલગ છે. એને અચાનક એક વિચિત્ર અનુભવ થયો. રસ્તા પર રોજની જેમ ટ્રાફિક તો નોર્મલ જ હતો, પણ આશ્ચર્યજનક રીતે આજુબાજુ એકદમ શાંતિ હતી! વાહનોનો રોજનો હોર્નનો અવાજ ગાયબ હતો. એને લાગ્યું કે ગાડીઓમાંથી પણ કોઈ અવાજ નથી આવી રહ્યો. એણે ઘણું વિચાર્યું કે આજે મામલો શું છે?

પછી અચાનક એને યાદ આવ્યું કે સવારની ઠંડી હવાથી બચવા માટે એણે કાનમાં કોટન બડ્સ (રૂ ના પૂમડાં) નાખ્યા હતા! આ કોટન બડ્સના લીધે બહારનો ટ્રાફિકનો અવાજ એના સુધી પહોંચી રહ્યો નહોતો. બહારની દુનિયામાં કશું જ નહોતું બદલાયું, પણ એનો પોતાનો અનુભવ આખો બદલાઈ ગયો હતો.

આપણે પણ આપણા જીવનમાં આવી ગોઠવણ ઘણીવાર જોતા હોઈએ છીએ. આવી જ એક જાણીતી વાર્તા ફુટવેર (ચંપલ)ના આવિષ્કારની પણ છે. પગને રસ્તાની ધૂળ-માટીથી બચાવવા માટે એક રાજાએ આખા શહેરમાં કાર્પેટ પાથરવાનો અને રસ્તાઓ પર પાણી છંટાવવાનો હુકમ આપ્યો. પણ આમાંથી કશું કામ ના આવ્યું. છેવટે એક બુદ્ધિશાળી માણસે રાજાને એક જોડી ચંપલ બનાવી આપ્યા.

## મોટો બોધપાઠ (લેસન)

આ વાર્તાઓમાંથી રોકાણકારો એ પણ એક મહત્ત્વનો પાઠ શીખવા જેવો છે. જો તમે બહારની દુનિયાના ભય અને જોખમોથી તમારા પૈસાને બચાવવા માગતા હોવ, તો પહેલા બહારના જોખમોને વાંચો અને સમજો સાથે યાદ રાખો કે તમે બહારના માર્કેટ કે પરિસ્થિતિને બદલી શકવાના નથી, તમારે તમારા પોર્ટફોલિયો માટે એક શીલ્ડ (ઢાલ) તૈયાર કરવી પડશે. બહારના જોખમોને તમે દુનિયામાંથી ક્યારેય પૂરેપૂરા દૂર નથી કરી શકતા. તમે ફક્ત એટલું જ કરી શકો કે એ જોખમોની તમારી નાણાકીય સ્થિતિ (ફાઇનાન્સિયલ સિચ્યુએશન) પર પડતી ખરાબ અસરને ઘટાડી શકો.

ફાઇનાન્સિયલ ઇન્ડસ્ટ્રી પાસે આના ખૂબ જ ઉપયોગી ઉપાય છે. તમારી લાઈફ અને રોકાણમાં આવતા અલગ-અલગ જોખમ સામે રક્ષણ મેળવવા માટે ચોક્કસ ફાઇનાન્સિયલ ટૂલ્સ ઉપલબ્ધ છે:

* **મૃત્યુ -બીમારી કે ડિસેબિલિટીના લીધે આવક બંધ થવાનું જોખમ:** આ પરિસ્થિતિ સામે રક્ષણ મેળવવાનો સૌથી ઉત્તમ રસ્તો ઇન્સ્યોરન્સ (વીમો) છે.
* **પ્રોપર્ટીને નુકસાન થવાનું જોખમ:** અહીં પણ યોગ્ય ઇન્સ્યોરન્સ પૉલિસી તમને મોટું નાણાકીય શીલ્ડ આપે છે.
* **ઇન્વેસ્ટ કરેલા પૈસા ડૂબી જવાનો ડર:** જો તમે પૈસા રોક્યા છે અને એ ગુમાવવાનો ડર લાગે છે, તો એનો શ્રેષ્ઠ ઉપાય ડાઇવર્સિફિકેશન (અલગ-અલગ એસેટ ક્લાસીસમાં પૈસા વહેંચીને ઇન્વેસ્ટ કરવા) છે.
* **મોંઘવારી (ઇન્ફ્લેશન)ની અસર:** જો મોંઘવારી તમારા સ્ટેન્ડર્ડ ઓફ લિવિંગને અસર કરી રહી હોય, તો તમારા એક્સપેન્સીસ (ખર્ચ)ને પ્રોપર મોનિટર અને કંટ્રોલ કરો. આના માટે બજેટિંગ કરવું ખૂબ જરૂરી છે. સાથે જ એવા ઇન્વેસ્ટમેન્ટ સોલ્યુશન્સ પસંદ કરો જે લોન્ગ-ટર્મમાં ઇન્ફ્લેશનને સરળતાથી બીટ કરી શકે.

## તમારા કંટ્રોલમાં શું છે?

પોતાના પર્સનલ ફાઇનાન્સીસને મજબૂત બનાવવાનો આખો વિષય જ એ વાત પર ટકેલો છે કે કયા જોખમો તમારી સ્થિતિને નુકસાન પહોંચાડી શકે છે અને એની સામે તમે કેવું પ્રોટેક્શન મેળવો છો.

ઘણીવાર લોકો અને ઇન્વેસ્ટર્સ એવા બાહ્ય પરિબળો (એક્સ્ટર્નલ ફેક્ટર્સ) પર વધારે ચર્ચા કરતા હોય છે, જે તેમના કંટ્રોલની બહાર છે, જેમ કે માર્કેટ વોલેટિલિટી કે ગ્લોબલ ઇવેન્ટ્સ. પણ જેના પર, જ્યારે રોકાણકારનો પોતાનો સીધો કંટ્રોલ છે એના વિશે બહુ ઓછી વાત થાય છે.

### યાદ રાખો

આખા શહેરના રસ્તાઓ પર કાર્પેટ પાથરવા કરતાં પોતાના પગમાં એક જોડી ચંપલ પહેરી લેવી એ પગને ધૂળથી બચાવવાનો સૌથી બુદ્ધિપૂર્વકનો અને પ્રેક્ટિકલ રસ્તો છે. ■

# દંપતી વચ્ચેની એવી નાણાકીય વાતો, જે ઘણીવાર અધૂરી રહી જાય, કારણ કે ...

ફાયનાન્સ ફંડા
મિતાલી મહેતા
feedback@bombaysamachar.com

રવિવારની એક શાંત બપોર હતી.

રોહન લેપટોપ પર મહિનાના બિલ ભરવામાં વ્યસ્ત હતો. ત્યારે તેની પત્ની અદિતિએ સહજ રીતે પૂછ્યું, ‘એક વાત પૂછું? આપણું કુલ રોકાણ અને બચત કેટલી છે?’

રોહન હસ્યો : ‘આજે અચાનક નાણાકીય બાબતોમાં આટલો રસ કેમ જાગ્યો?’

અદિતિ પણ હસી પડી : ‘આ અચાનક રસ નથી જાગ્યો... પણ આજે અચાનક વિચાર આવ્યો કે જો કોઈ મને પૂછે કે આપણા રોકાણ ક્યાં છે, કયા વીમા લીધા છે અથવા કઈ બેંકમાં કેટલા પૈસા છે તો મને સાચે જ કંઈ ખબર નથી.’

એક ક્ષણ માટે બંને વચ્ચે શાંતિ છવાઈ ગઈ.

ઘરના તમામ નાણાકીય નિર્ણયો હંમેશાં રોહન જ લેતો હતો. રોકાણ, વીમાના પ્રીમિયમ, હોમ લોનના EMI, ટેક્સ પ્લાનિંગ, બેંક ખાતાં અને મહત્ત્વના દસ્તાવેજો બધી જવાબદારી તેણે જ સંભાળી હતી. અદિતિએ પણ ક્યારેય આ બાબતમાં ખાસ ધ્યાન આપ્યું નહોતું. આખરે, બંનેમાંથી કોઈ એક તો આ બધું સંભાળે જ ને! એ સાંજે એ બન્ને પહેલી વાર સાથે બેસીને પોતાના નાણાકીય આયોજન વિશે ખુલ્લેઆમ વાત કરવા બેઠા. કોઈ સમસ્યા ઊભી થઈ હોવાથી નહીં, પરંતુ એટલા માટે કે તેમને સમજાયું કે વર્ષોથી સાથે જીવન વીતાવતા હોવા છતાં, તેમણે પોતાના પૈસા વિશે ક્યારેય સાચી ચર્ચા જ કરી નહોતી.

## ભૂલ ક્યાં થાય છે?

ઘણા પરિવારોમાં નાણાકીય જવાબદારીઓ સ્વાભાવિક રીતે એક જ વ્યક્તિ સંભાળતી હોય છે. તેમાં કંઈ ખોટું નથી. ભૂલ ત્યારે થાય છે જ્યારે બીજી વ્યક્તિ પરિવારની નાણાકીય સ્થિતિથી સંપૂર્ણપણે અજાણ હોય ત્યારે.. ઘણીવાર એકબીજાને સ્પષ્ટ ખબર જ હોતી નથી કે:

* આપણાં રોકાણ ક્યાં અને કયા સ્વરૂપમાં છે?
* કયા કયા વીમા લીધેલા છે અને તેના નોમિની કોણ છે?
* કઈ લોન ચાલી રહી છે અને કેટલી રકમ બાકી છે?
* માસિક ઘરખર્ચ અને જવાબદારીઓ કેટલી છે?
* મહત્ત્વના નાણાકીય દસ્તાવેજો, લોગ-ઇન અને પાસવર્ડની વિગતો ક્યાં રાખેલી છે?

આવા મૂળભૂત પ્રશ્નોના જવાબ પણ અનેક દંપતીઓ પાસે નથી હોતા, કારણ કે તે એકબીજાથી કંઈ છુપાવતા નથી, પરંતુ તે માત્ર એમ માની લે છે કે ‘આ વાતો પછી ક્યારેક કરી લઈશું...’



## આવું કેમ થાય છે?

પૈસા વિશે વાત કરવી ઘણા લોકો માટે માનસિક રીતે સહેલી નથી હોતી:

* **મતભેદનો ડર:** કેટલાક દંપતીને લાગે છે કે આવી ચર્ચાથી ખર્ચ કે બચત બાબતે વળતા પ્રશ્નો ઊભા થશે.
* **જવાબદારીનું વિભાજન:** એક વ્યક્તિ બધું સારી રીતે સંભાળી રહી હોય, તો બીજી વ્યક્તિ પોતાને તેનાથી દૂર રાખે છે.
* **રોજિંદી વ્યસ્તતા:** સમયના અભાવે આ વિષય મોટાભાગે ચર્ચાની પ્રાથમિકતા બનતો જ નથી. ધીમે-ધીમે આ મૌન એક કાયમી આદત બની જાય છે.

**છૂપું જોખમ:** સંપૂર્ણ નિર્ભરતા.

જોખમ એ નથી કે પરિવારની નાણાકીય જવાબદારી એક જ વ્યક્તિ સંભાળે છે. જોખમ એ છે કે બીજી વ્યક્તિ તેની પર સંપૂર્ણપણે નિર્ભર બની જાય છે.

જો કોઈ અણધારી પરિસ્થિતિ, બીમારી કે ઈમર્જન્સીના કારણે તે એક વ્યક્તિ થોડા સમય માટે ઉપલબ્ધ ન હોય, તો સામાન્ય નાણાકીય વ્યવહાર સંભાળવા પણ પરિવાર માટે અત્યંત મુશ્કેલ બની જાય છે.

આનાથી વિપરીત, જ્યારે દંપતી સાથે મળીને નાણાકીય નિર્ણયો લે છે, ત્યારે લક્ષ્યો વધુ સ્પષ્ટ બનવાની સાથે સાથે લાંબા ગાળાનું આયોજન વધુ મજબૂત બને છે.

**મુખ્ય શીખ:** પૈસાને સંવાદનો વિષય બનાવો, રહસ્ય નહીં. દરેક દંપતીએ નાણાકીય નિષ્ણાત બનવાની જરૂર નથી, પણ બંને જીવનસાથીને પોતાના પરિવારની નાણાકીય સ્થિતિ વિશે મૂળભૂત જાણકારી હોવી જરૂરી છે.

## આ માટેનો એક સરળ અભિગમ

* **નાણાકીય સમીક્ષા:** સમયાંતરે સાથે બેસીને નાણાકીય સમીક્ષા કરો.
* **દસ્તાવેજોનું શેરિંગ:** વીમા પોલિસી, બેંક એકાઉન્ટ, લોન અને નોમિનેશનની વિગતો બંને પાસે હોવી જોઈએ.
* **સંયુક્ત લક્ષ્યો:** નિવૃત્તિ, બાળકોનું ભવિષ્ય કે ઘર ખરીદવા જેવાં --લક્ષ્યો પર સાથે મળીને ચર્ચા કરો. ■

### નિષ્કર્ષ

**મજબૂત નાણાકીય ભવિષ્ય માત્ર સારી બચત અને યોગ્ય રોકાણથી જ નથી બનતું, તે ખુલ્લા સંવાદ અને પરસ્પર વિશ્વાસથી બને છે.**

**યાદ રાખો, સૌથી મજબૂત નાણાકીય આયોજન એ નથી જે માત્ર એક વ્યક્તિ સંભાળે પરંતુ એ છે, જેની સમજ અને જવાબદારી બંને જીવનસાથી વહેંચે.**

# તડકાથી બચશો તો વિટામિન Dની કમીથી પીડાશો...

આરોગ્ય એક્સપ્રેસ
રાજેશ યાજ્ઞિક
feedback@bombaysamachar.com

વિટામિન્સ એ આવશ્યક કાર્બનિક સંયોજનો છે જે રોગપ્રતિકારક શક્તિ, ઊર્જાના ઉત્પાદન અને હાડકાંના સ્વાસ્થ્યમાં મદદરૂપ થાય છે. માનવ શરીર મોટાભાગના વિટામિન્સનું નિર્માણ જાતે કરી શકતું નથી, તેથી તે ખોરાક દ્વારા મેળવવા પડે છે. કુલ ૧૩ આવશ્યક વિટામિન્સ છે, જેમને બે મુખ્ય જૂથોમાં વહેંચવામાં આવ્યા છે. એક છે ફેટ સોલ્યુબલ એટલે કે ચરબીમાં દ્રાવ્ય વિટામિન્સ શરીરનાં યકૃત, ચરબીયુક્ત પેશીઓ અને સ્નાયુઓમાં સંગ્રહિત થાય છે. તેમાં ૪ વિટામિનનો સમાવેશ થાય છે. બીજું છે વોટર સોલ્યુબલ અર્થાત્ પાણીમાં દ્રાવ્ય વિટામિન્સ શરીરમાં સંગ્રહિત થતાં નથી. પાણીમાં દ્રાવ્ય એવા નવ વિટામિન્સમાં વિટામિન C ને તમામ B વિટામિન્સનો સમાવેશ થાય છે. આ વિટામિન્સની વધારાની કે બચેલી માત્રા પેશાબ વાટે શરીરની બહાર નીકળી જાય છે. શરીરમાં તેમની ઉણપને રોકવા માટે તેમનું નિયમિતપણે સેવન કરવું જરૂરી છે. આમાં વિટામિન B-12 અપવાદ છે, જે યકૃત (લિવર)માં ઘણા વર્ષો સુધી સંગ્રહિત રહી શકે છે.


ફેટ સોલ્યુબલ વિટામિન્સમાંથી એક છે વિટામિન D. વિટામિન D આપણા શરીરને કેલ્શિયમ શોષવામાં મદદ કરે છે. કેલ્શિયમ એ હાડકાંના મુખ્ય ઘટકોમાંનું એક છે. વિટામિન D આપણા ચેતાતંત્ર, સ્નાયુતંત્ર અને રોગપ્રતિકારક શક્તિમાં પણ ભૂમિકા ભજવે છે.

મુખ્યત્વે ત્રણ રીતે આપણને વિટામિન D મળે છે. પહેલું અને સૌથી મહત્ત્વપૂર્ણ છે, ત્વચા પર સૂર્યપ્રકાશ પડવો (જોકે, ઘેરી ત્વચા ધરાવતા લોકો અને વૃદ્ધોને સૂર્યપ્રકાશમાંથી પૂરતું વિટામિન D કદાચ ન મળે. ભૌગોલિક સ્થાન પણ સૂર્યપ્રકાશ દ્વારા પૂરતું વિટામિન D મેળવવામાં અવરોધરૂપ બની શકે છે). બીજું આપણા ખોરાક દ્વારા, અને ત્રીજું પૂરક પોષક તત્ત્વો (સપ્લિમેન્ટ્સ) દ્વારા.

વિટામિન D મેળવવાની આ તમામ પદ્ધતિઓ હોવા છતાં, વિટામિન D ની ઉણપ એ વિશ્વભરમાં એક સામાન્ય સમસ્યા છે.

**વિટામિન D શા માટે મહત્ત્વપૂર્ણ છે?**

વિટામિન D ખોરાકમાંથી કેલ્શિયમ, મેગ્નેશિયમ અને ફોસ્ફેટ શોષી લેવામાં અને ઉપયોગમાં લેવામાં મદદ કરીને હાડકાં બનાવવાનું,




તેને મજબૂત કરવાનું કામ કરે છે. તે આપણા હાડકાં અને લોહીમાં કેલ્શિયમના સ્તરને સંતુલિત કરે છે. જ્યારે આપણને પૂરતું વિટામિન D મળતું નથી, ત્યારે તમારા કેલ્શિયમનું સ્તર ઘટી જાય છે. તેના સ્તરને સંતુલિત કરવા માટે આપણા શરીરને હાડકાંમાંથી કેલ્શિયમ લોહીમાં ખેંચવું પડે છે.

**કેટલું વિટામિન D હોવું જોઈએ?**

મોટાભાગના લોકો માટે લોહીમાં વિટામિન Dની ઓછામાં ઓછી માત્રા કેટલી કામ કરે છે તે શોધવું પડકારજનક છે. નિષ્ણાતોના મત મુજબ, આપણી ઉંમર, જાતિ અથવા વંશીયતા (જેમકે એશિયન, આફ્રિકન કે યુરોપિયન) પર આધારિત હોય છે. જોકે, અમેરિકાની નેશનલ એકેડેમી ઓફ સાયન્સ, એન્જિનિયરિંગ અને મેડિસિનની નિષ્ણાત સમિતિ અનુસાર સ્વસ્થ પુખ્ત વયની વ્યક્તિમાં ૨૦ નેનોગ્રામ પ્રતિ મિલિલીટર યોગ્ય સ્તર ગણાય છે. જો તે ૫૦ નેનોગ્રામ કે તેથી વધારે હોય તો પણ અંગોમાં સમસ્યા ઊભી થાય છે અને ૧૨ નેનોગ્રામ કે તેથી ઓછું હોય તો તે ઉણપ ગણાય છે. ભારતમાં પણ વિટામિન Dની ઉણપ ઘણા મોટાપાયે જોવા મળે છે.

**કોને વધુ જોખમ છે?**

જેમને સીધો સૂર્યપ્રકાશ ન મળતો હોય, તેમને વિટામિન D ની ઉણપનું જોખમ સૌથી વધુ હોઈ શકે. ઉંમર વધતી જાય તેમ ચામડીની સુર્યપ્રકાશને શોષીને વિટામિન D બનાવવાની ક્ષમતા ઘટતી જાય છે. સ્થૂળતા હોય તેમને ચરબીના કારણે વિટામિન D લોહી સુધી પહોંચવામાં મુશ્કેલી થાય છે, કિડની કે લીવરની ક્રોનિક બીમારીથી પીડાતા દર્દીઓને પણ વિટામિન Dની ઉણપનું જોખમ હોઈ શકે છે.

**કેવાં લક્ષણો જોવાં મળે છે?**

થાક, હાડકાં અને સાંધાનો દુખાવો (ખાસ કરીને પીઠમાં), હાડકાંનો ઘસારો (બોન લોસ), સ્નાયુઓની નબળાઈ, દુખાવો અથવા ખેંચાણ, મૂડમાં ફેરફાર, જેમ કે હતાશા (ડિપ્રેશન) વગેરે લક્ષણો જોવા મળી શકે છે. કેટલાક લક્ષણ અન્ય સમસ્યાઓમાં પણ સામાન્ય હોવાથી ઘણીવાર આપણું ધ્યાન એ વાત પર જતું નથી કે વિટામિનની કમી કારણ હોઈ શકે.

**કયા શાકાહારી પદાર્થોમાંથી વિટામિન D મળી શકે?**

મશરૂમ્સ (સૂર્યપ્રકાશમાં ઉગાડેલા), પોષક તત્વોથી સમૃદ્ધ કરેલા ડેરી અને દૂધની બનાવટો, ચીઝ (ખાસ કરીને ચેડર અને સ્વિસ), ટોફુ અને ફોર્ટિફાઇડ સોયા ઉત્પાદનો, પોષક તત્ત્વોથી સમૃદ્ધ સંતરાનો રસ વગેરે વિટામિન D ના સારા સ્રોત મનાય છે. સાથે જો વિટામિન Dની ઉણપ હોય તો કેલ્શિયમની ઉણપ તરફ પણ ધ્યાન આપવું જોઈએ. શરીર પર પૂરતા પ્રમાણમાં સૂર્યપ્રકાશ આવે તેનું પણ ખાસ ધ્યાન રાખો અને સતત સૂર્યપ્રકાશથી બચવાનો પ્રયત્ન ન કરો. હા, સખત તાપમાં રહેવું જરૂરી નથી, પણ હળવો તડકો આરોગ્ય માટે અમૃત છે.

## ફિટ રહેવા માટે દૈનિક દિનચર્યા

સારા સ્વાસ્થ્ય માટે અહીં કેટલીક મહત્ત્વપૂર્ણ ટિપ્સ અને ટેવો આપી છે જેનો ઉપયોગ તમારી દિનચર્યામાં નોંધપાત્ર ફરક લાવી શકે છે. ચાલો, જોઈએ કે તમે તમારા દિવસની શરૂઆત કઈ રીતે કરો કે જેથી તમે હંમેશાં સ્વસ્થ રહી શકો.

બીમારીથી બચવા અને જીવનનો ખરેખર આનંદ માણવા માટે તમારા સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપવી એ એક મુખ્ય ઉદ્દેશ્ય બનાવો.

તમારી દિનચર્યામાં નાના છતાં નોંધપાત્ર ફેરફાર કરવાથી તમારા સ્વાસ્થ્ય માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે. તમારી જીવનશૈલીમાં સ્વસ્થ ટેવોનો સમાવેશ કરવાથી શારીરિક અને માનસિક સુખાકારી બન્ને જાળવવામાં મદદ મળે છે. અહીં કેટલીક મહત્ત્વપૂર્ણ ટિપ્સ અને ટેવો આપી છે જે તમારા રોજિંદા જીવનમાં અપનાવવામાં આવે તો સકારાત્મક પરિણામો આપી શકે છે. ચાલો, જોઈએ કે તમારા દિવસની શરૂઆત કેવી રીતે કરવી જેથી તમે હંમેશાં સ્વસ્થ રહી શકો.

દિવસની શરૂઆત ગરમ પાણી અને કસરતથી કરો

સ્વાસ્થ્ય નિષ્ણાતોના મતે દિવસની શરૂઆત ગરમ પાણીથી થવી જોઈએ. સવારે ખાલી પેટ ગરમ પાણી પીવાથી શરીર ડિટોક્સિફાય થાય છે, પાચનતંત્ર મજબૂત બને છે અને ડિહાઇડ્રેશનનું જોખમ ઓછું થાય છે. ૩૦ મિનિટ યોગ અથવા કસરત કરવાથી શરીર ઊર્જાવાન બને છે અને મન તાજું રહે છે. આ આદત ફક્ત તમારા શારીરિક સ્વાસ્થ્યમાં સુધારો કરશે નહીં, પરંતુ માનસિક સંતુલન જાળવવામાં મદદ કરશે. ■

# પ્રાચીન-છતાં ઓછું જાણીતું પ્રોટીનથી સમૃદ્ધ ધાન્ય એટલે ટેફ

સ્વાસ્થ્ય સુધા

શ્રીલેખા યાજ્ઞિક

feedback@bombaysamachar.com



આપણે ત્યાં કહેવાય છે કે જે દેશ-પ્રદેશમાં આપનો કાયમી નિવાસ હોય તે જ દેશની આબોહવાને અનુરૂપ આહારને પ્રાધાન્ય આપવું જોઈએ. જી હા.. હાલમાં ભારતીયોમાં એક નવું જ વલણ જોવા મળે છે. જેમાં પાશ્ચાત્ય દેશોનું અનુકરણ આહાર, કપડાં તેમ જ રહેણી-કરણીમાં તેમ જ બોલીમાં મુખ્યત્વે જોવા મળે છે. અનેક વખત એવું જોવા મળે છે કે ચાઈનીઝ, ઈટાલિયન કે કોરિયન આહાર ભારતીયોના સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડતો હોય છે. તેમ છતાં દેખાદેખીમાં યુવાનીમાં તેનો ચટાકો લેવામાં આવે છે. જેને કારણે અનેક બીમારીને અકારણ નિમંત્રણ મળી રહે છે. તેમાં મુખ્યત્વે છાતીમાં બળતરા, કબજિયાત કે પછી હરસ-મસા જેવી સમસ્યાઓ મોખરે ગણાવી શકાય.

આવો ... આપણે એક વિદેશી ધાન્ય વિશે જાણકારી મેળવીએ. જે સ્વાસ્થ્ય માટે શ્રેષ્ઠ ગણાય છે. જેનો ઉપયોગ આહારમાં કરવા જેવો છે. આજે જે ધાન્ય વિશે વાત કરવાના છીએ તેનું નામ છે ‘ટેફ’. જે દેખાવમાં ખસખસ જેવું હોય છે. સફેદ, લાલ, ઘાટા ભૂરાં રંગની વિવિધતા તેમાં જોવા મળે છે. જેની ગણના વિશ્વના સૌથી નાના અનાજ તરીકે થાય છે. એવું જાણવા મળે છે કે ટેફની ખેતી સૌ પ્રથમ ઈથિયોપિયા તેમ જ ઈરિટ્રયામાં કરવામાં આવતી હતી, મુખ્ય રીતે ગરમ આબોહવામાં તે સરળતાથી ઊગી જાય છે. ઈથિયોપિયાનાં સ્થાનીય વાર્ષિક પાક તરીકે જાણીતું કડધાન્ય એટલે જ ‘ટેફ’. ઈથિયોપિયાના લગભગ ૬૫ લાખથી વધુ ખેડૂતોને આજીવિકા રળી આપતું ધાન્ય એટલે ટેફ. ટેફ માટે એવું પણ કહેવાય છે કે તેનું સેવન કરવાથી વ્યક્તિની સહનશક્તિમાં વધારો થાય છે. ટેફ ધાન્યનો ઉપયોગ પારંપારિક રીતે ઈથિયોપિયાની ખાસ પ્રકારની રોટી બનાવવા માટે કરવામાં આવે છે. તે રોટી ‘ઈંજેરા’ તરીકે ઓળખાય છે. દેખાવમાં દક્ષિણ ભારતીય ઢોંસા જેવી પરંતુ થોડી જાડી હોય છે. અનાજ તરીકે તેને બાફીને ખાવાનું સરળ ગણાય છે. તે દળાવ્યા બાદ તેનો સ્વાદ મીઠો લાગે છે. પચવામાં અત્યંત હલકું તેમ જ દેખાવમાં ખસખસ જેવું દરદરું તેમ જ પોષ્ટિક હોય છે. ટેફમાં પ્રોટીન, કેલ્શિયમ, આયર્નનું પ્રમાણ ભરપૂર સમાયેલું હોય છે. ટેફ ગ્લૂટેન ફ્રી ગણાય છે. તેના લોટમાંથી રોટલી બનાવી શકાય છે. તેને શેકીને, બાફીને, કુકીઝ, બ્રેડ-પફ જેવી વાનગીમાં ઉપયોગમાં લેવામાં આવે છે. ત્યાંના લોકો તેનો ઉપયોગ તેને પલાળ્યા બાદ આથો લાવીને ખાસ કરતાં હોય છે.

ટેફ મુખ્યત્વે ૩ પ્રકારની હોય છે. સફેદ ટેફ સૌથી વધુ સ્વાદિષ્ટ તેમ જ વધુ વપરાતી ગણાય છે. જે ઈથિયોપિયાના પહાડી ક્ષેત્રોમાં ઊગે છે. સૌથી મોંઘી સફેદ ટેફ ગણાય છે.

લાલ ટેફ જે કિંમતમાં સૌથી સસ્તી હોવાની સાથે ઓછી પસંદ કરવામાં આવે છે. તેમાં આયર્નની માત્રા સૌથી વધુ હોય છે. જ્યાં લાલ ટેફનું સેવન કરવામાં આવે છે તે ક્ષેત્રમાં હિમોગ્લોબીનનું સ્તર સારા પ્રમાણમાં વધેલું જોવા મળે છે. એનિમિયાની તકલીફ સ્થાનિકોમાં જોવા મળતી નથી.

**ભૂરી ટેફ :** જેમાં મધ્યમ માત્રામાં આયર્નની માત્રા હોય છે.

ભારતમાં ટેફની ખેતી હજી પ્રારંભિક કાળમાં છે. સેન્ટ્રલ ફૂડ ઍન્ડ ટૅકનોલોજીકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા વર્ષ ૨૦૧૩માં તેની ખેતી માટે ખેડૂતોને જાણકારી આપવામાં આવી હતી. હાલમાં કર્ણાટકમાં ટેફની ખેતી નાના પાયે થવા લાગી છે. ટેફનો પાક બાજરાની સાથે લઈ શકાય છે. ૩ મહિનામાં તેનો પાક તૈયાર થઈ જાય છે. ટેફ ઘંઉ-ચોખાનો એક સારો વિકલ્પ બની શકે તેમ છે. માત્ર તેના વિશે યોગ્ય જાણકારી લોકોમાં પ્રસરે તે આવશ્યક છે. આંતરરાષ્ટ્રિય બજારમાં ટેફનો ભાવ ૫-૬ ડૉલર પ્રતિકિલો જોવા મળે છે. જ્યારે ભારતમાં કિલોનો ભાવ લગભગ ૫૦૦ રૂપિયાની આસપાસ જોવા મળે છે. જે ઑનલાઈન મળી રહે છે. ભારતમાં ટેફની પૌષ્ટિકતા તેમ જ તેના સ્વાસ્થ્યવર્ધક લાભ વિશે જાગરૂકતા વધારવાની આવશ્યક્તા છે. જેથી તેના અનેક લાભ લોકોને મળી શકે તેમ છે. યુવાવયમાં આમ બની ગયેલી વ્યાધિ એટલે હાઈ બ્લડપ્રેશર, કૉલેસ્ટ્રોલ વધી જવું તેમ જ ડાયાબિટીસ ગણાવી શકાય. ટેફનું સેવન કરવાથી ઉપરોક્ત બીમારીથી બચી શકાય છે. હૃદય રોગની બીમારીથી બચી શકાય છે. કેમ કે ટેફનું સેવન કરવાથી શરીરમાં ફાઈબર પૂરતાં પ્રમાણમાં મળી રહે છે.

એક કપ પકાવેલી ટેફમાં ૨૫૫ કૅલરી, ૧.૬ ગ્રામ ફેટ, ૨૦ મિલિગ્રામ સોડિયમ, ૨૬૯ મિલિગ્રામ પોટેશ્યિમ, ૧૦ ગ્રામ પ્રોટીન, ૫૦ ગ્રામ કાર્બોહાઈડ્રેટ, ૭ ગ્રામ ફાઈબર સમાયેલી હોય છે. વિટામિન તેમ જ મિનરલ્સની વાત કરીએ તો ૦.૧૨ ગ્રામ કૅલ્શિયમ, ૫.૧૭ મિલિગ્રામ આયર્ન, ૦.૧૨૬ ગ્રામ મેગ્નેશ્યિમ, ૨.૮ ટકા ઝીંક, ૦.૩૦ ગ્રામ ફોસ્ફરસ, ૨.૩ મિલિગ્રામ નિયાસિનની માત્રા સમાયેલી હોય છે. કેટલાંક કડધાન્યની ઈન-વિટ્રો ઍન્ટિ-ઓક્સિડન્ટ ગતિવિધિની તપાસ કરવામાં આવી હતી. જેને કારણે એવું જાણવા મળ્યું હતું કે ટેફનું સેવન કરવાથી વ્યક્તિના લોહીમાં હિમોગ્લોબીનની માત્રા વધવામાં મદદ મળી હતી. જેને કારણે રોગપ્રતિકારક શક્તિમાં વધારો થયો હતો. મલેરિયા, ડાયાબિટીસ કે ઍનિમિયાની સમસ્યાથી બચી શકાય છે.

**ટેફ ધાન્યના સ્વાસ્થ્યવર્ધક લાભઃ**

**પ્રોટીનથી ભરપૂર :** ટેફ ધાન્યમાં પ્રોટીનની માત્રા ભરપૂર સમાયેલી જોવા મળે છે. એવું કહેવાય છે કે ૧ કપ ટેફમાં સાત ગ્રામ પ્રોટીન સમાયેલું હોય છે. જે એક મોટા ઈંડાના સેવનમાંથી મળી રહે છે. વળી ટેફના બીજમાં આઠ પ્રકારના એમિનો એસિડ સમાયેલાં હોય છે. જે માનવ શરીરની અંદર બનતાં નથી. જેને આહાર દ્વારા ગ્રહણ કરવામાં આવે છે. જેમાં મુખ્યત્વે ગ્લૂટામીન તેમજ લાઈસિનનો સમાવેશ થાય છે. વિવિધ અધ્યયનો દ્વારા જાણવા મળે છે કે ટેફમાં પ્રોલૈમિન તથા ઍલબ્યૂમીન પ્રચૂર માત્રામાં સમાયેલું હોય છે. એવું પણ કહેવાય છે કે ટેફ ધાન્યમાં જ ઈથિયોપિયાઈના ખડતલ રમતવીરોમાં સમાયેલી અઢળક શક્તિનું રહસ્ય સમાયેલું છે.

**હાડકાંને મજબૂત બનાવવામાં લાભકારી :** ટેફ ધાન્ય વિશે અનેક અધ્યયનો થયેલાં જોવા મળે છે. તે અધ્યયનો મુજબ ૧૦૦ ગ્રામ ટેફ ધાન્યમાં ૧૮૦ ગ્રામ કૅલ્શિયમની માત્રા સમાયેલી હોય છે. જે તંદુરસ્ત દાંત, સ્વસ્થ ત્વચા તેમ જ મજબૂત હાડકાં માટે લાભકારી ગણાય છે.

**કબજિયાતની સમસ્યામાં ગુણકારી :** સંપૂર્ણ શરીરનું કામકાજ વ્યવસ્થિત રીતે ત્યારે જ શક્ય બને જ્યારે વ્યક્તિનું પેટ સાફ હોય. બહારનું તીખું-તળેલું ભોજન કે ઘરનું વાસી ભોજન વારંવાર ખાવાથી પેટમાં ગરબડ થવાની શક્યતા વધતી જાય છે. અનેક વખત વ્યક્તિ કામચોર હોય છે. જેને કારણે સતત બેસી રહેવાની આદત કેળવાઈ જાય છે. ત્યારબાદ કબજિયાતની તકલીફ વધી જતી હોય છે. જેમ ‘નવરું મન શેતાનનું ઘર’ ગણાય છે તે જ પ્રમાણે સતત બેસી રહેતી વ્યક્તિના અવયવો ગંઠાવા લાગે છે. થોડું કામ કરવાથી સાંધામાં તેમજ વિવિધ અંગોમાં દુઃખાવો થવા લાગે છે. તેનું એક મુખ્ય કારણ પેટમાં જમા થતો કચરો હોઈ શકે.

**ડાયાબિટીસના સ્તરને નિયંત્રિત કરવામાં લાભકારી :** ટેફનું સેવન કરવાથી લોહીમાં શર્કરાની માત્રા નિયંત્રિત કરવામાં મદદ મળે છે. કેમ કે ટેફનું ગ્લાઈસેમિક ઈન્ડેક્સ ઓછું હોવાની સાથે ૪૦ ટકા પ્રતિરોધી સ્ટાર્ચની માત્રા સમાયેલી હોય છે. જેને કારણે તે ડાયાબિટીસની સમસ્યા ધરાવતી વ્યક્તિ માટે ગુણકારી ધાન્ય ગણાય છે.

**નહીંવત્ ચરબી ધરાવતું ધાન્ય :** ટેફમાં ચરબીની માત્રા નહીંવત્ હોવાનું જાણવા મળે છે. સ્વાદમાં થોડું મીઠું તેમ જ સ્વાદિષ્ટ ધાન્ય હોય છે. ટેફનું સેવન કરવાથી શરીરમાં ચરબીની માત્રા વધવાની શક્યતા ઓછી થઈ જાય છે. શરીરને પર્યાપ્ત માત્રામાં પૌષ્ટિક ભોજન ખાવાનો સંતોષ મળી રહે છે.

**વય વધવાના પ્રારંભીક સંકેતોને નિયંત્રિત કરે છે :** ટેફ એક એવું કડધાન્ય ગણાય છે જેમાં કૉપરની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે. જે વધતી વયની પ્રક્રિયાને ધીમી કરવામાં મદદ કરી શકે છે. જેને કારણે વ્યક્તિની ત્વચાની ચમક તેમજ વાળમાં દેખાતી સફેદી ધીમી પડી જાય છે.

**ટેફનો ઉપયોગ :** ટેફ સ્વાદમાં મીઠી હોય છે. જેને કારણે કોઈપણ વાનગીમાં તેનો ઉપયોગ કરી શકાય છે. વાનગીને સ્વાદિષ્ટ બનાવી દે છે. ટેફનો સ્વાદ સૂકામેવામાં ગણાતા અખરોટ જેવો હોય છે. ભારતીય ભોજનમાં ટેફનો સમાવેશ કરવો સરળ છે. જેમ તૈયાર વાનગી ઉપર કોથમીર-ફુદીનાના થોડાં પાન ગોઠવી દેવાથી વાનગી દેખાવમાં આકર્ષક બની જાય છે. તેમજ તે સ્વાદ વધારે છે. તે જ પ્રમાણે ટેફને શેકીને કોઈપણ વાનગી જેવી કે બટાટાપૌઆ, ઉપમા, ઢોકળાં હોય તેમાં સજાવવાથી તેનો સ્વાદ વધી જાય છે. દલિયા કે ઉપમા એકદમ લચકા પડતી વાનગી હોય છે. તેમાં થોડી ટેફની સજાવટ વાનગીને થોડું કુરકુરાપણું કે ક્રિસ્પી બનાવવામાં મદદ કરે છે. ■

## ટેફમાંથી બનતી જાણીતી રોટી ‘ઈંજેરા’



**સામગ્રી :** ૨ કપ ટેફ, ૧ કપ ચોખા, સ્વાદાનુસાર મીઠું, અડધી વાટકી અડદની દાળ

**બનાવવાની રીતઃ** સૌ પ્રથમ ૨ કપ ટેફને યોગ્ય રીતે સાફ કરીને ઝીણી ચારણીમાં રાખીને ધોઈ લેવી. તે ડૂબે તેટલું પાણી ઉમેરીને પલાળવી. ૧ કપ ચોખા તેમજ અડદની દાળને ૨-૩ પાણીથી સાફ કરીને પલાળીને ૬-૭ કલાક રાખવા. ટેફ તેમજ દાળ-ચોખાને મિક્સરમાં વાટીને ખીરું તૈયાર કરી લેવું.


ખીરામાં સ્વાદાનુસાર મીઠું ઉમેરીને ‘ઈંજેરા-રોટી’ ઢોંસા બનાવીએ તેમ તૈયાર કરવી. બાફેલાં શાકભાજીમાં થોડું મીઠું ઉમેરીને તેની સાથે ખાવામાં આવે છે. તેને ભારતીય રીતે માણવી હોય તો ઢોંસા, ઈડલી કે ઢોકળાં બનાવીને ગરમાગરમ ખાવા. સાથે કોથમીર-કોપરું ફુદીનાની ચટણી લઈ શકાય.

# રફી... ફિર કબ આઓગે?

મોજની ખોજ

સુભાષ ઠાકર

feedback@bombaysamachar.com




શર્મ આતી હૈ મગર આજ યે કહેના હોગા કી ....

તમે મને વાંચો છો એટલે આજે મારી હૈયાવરાળ બહાર કાઢું છું. બાકી રંગ ઓર નુરકી બારાત કિસે પેશ કરું?

આ તો વિધાતાની બુદ્ધિ ફરી ને એક હાસ્ય કલાકાર- લેખક બનાવ્યો, બાકી મારો માંહ્યલો તો જનમથી જ ગાયક બનવાને તત્પર બન્યો હતો. ગાવા માટેની ખુજલી હૃદયથી ગળા સુધી ઊપડી હતી. ઈશ્વર ગળું બધાને આપે છે પણ કંઠ તો કોઈકને જ આપે છે.

બોરમાં જેમ ઠળિયો છુપાયો હોય એમ મારા ગળામાં કંઠ છુપાઈને બેઠો હતો. એ જ ગળું પ્રસંગોપાત બોચી, ગરદન કે ડોકીના નામે પણ ઓળખાય છે... આમ તો સંગીત અમારી સાતસો પેઢીઓથી રગેરગમાં વહે છે. યુ બીલિવ?

મારા દાદાના બાપુજીના એપેન્ડીક્ષના ઓપરેશન વખતે આંતરડાની જગ્યાએ પેટમાંથી ગિટારના તાર નીકળેલા.

એક ગજબની વાત એ હતી કે એક પ્રોગ્રામમાં સંચાલકે જેવું કીધું કે ‘જયંતીલાલ ઉર્ફે મારા ‘બાપુ’ના સૂર તો નાભીમાંથી નીકળે છે. તો એક માઈક નાભી સામે પણ મૂકવામાં આવેલુ. સી ધ ઇન્વોલમેન્ટ. આમ તો હું જન્મ્યો

ત્યારે મારા બાપુ બોલ્યા ‘વાહ દીકરો કાળી બેથી રડે છે.’

મારા ભેકડા પણ સૂરમાં ગણાતા, પછી ઉંમરની સાથે સાથે ગાવામાં મારો રસ વધવા લાગ્યો. એઝ યુ નો કે રિયાઝ માટે બાથરૂમથી સુંદર કોઈ જગા શોધાઇ નથી. નળમાંથી નીકળતી સીઈઈઈ કરતી સીટી પછી ધડ-ધડ-ધડ પછી સર-સર સરરરર ને પછી ટપક-ટપક થતા ટીપામાં પણ મને સંગીત સંભળાતું. બાથરૂમમાં પ્રવેશ સાથે જ મારું ધ્યાન

ગાવામાં જ રહેતું. ડીલ(શરીર) ધોતા ધોતા ગાવાની મજા ઓર જ હોય છે. હું મારા કંઠનો લાભ બાથરૂમથી સમાજ સુધી પહોંચાડવા માગતો હતો. શોરને સૂરમાં કેમ બદલવો એ હું નવોદિતોને સમજાવતો. મારા કંઠનું મને ખુદને અભિમાન.‘આહાહાહાહા... શું કંઠ છે, માન ગયે ઉસ્તાદ!’

એવી દાદ આપી હું જ મારી પીઠ થાબડતો. બધા જ દિવંગત ગાયકોના દેહત્યાગ કર્યા પછી બધાનો આત્મા ઓલ ઇન વન બની મારા કંઠમાં સમાઈને બેસી ગયેલો. સંગીતને મારામાં રસ ન હોય એ એની મરજી પણ સંગીતમાં મને રસ હોવાને કારણે જગતને એક સુંદર ને સુરીલો ગાયક મળશે એ નક્કી.

યુ બીલિવ? મારું એક સપનું છે કે દર વર્ષે ૩૧ જુલાઈએ જેમ રફી સાહેબ ચારે બાજુ છવાઈ જાય છે. ને ‘એક શામ રફીકે નામ’ ‘રફી ફિર કબ આઓગે’ ‘રફી એક ....અંદાજ અનેક’ની જેમ મારો અંતરાત્મા પણ ‘એક શામ સુભાષકે નામ’ ને મારા દેહપરિવર્તન પછી ‘સુભાષ ફિર કબ આઓગે’ કે ‘એના જેવી બીજી અનેક મહેફિલો યોજવા આતુર બન્યો.

તમે નઈ માનો, પણ રફીસાહેબનો આત્મા મારા હૈયામાં ને કંઠ મારા ગળામાં છુપાયેલો હતો. પછી હાઉસફુલ હોલમાં રફી સાહેબ જેવી બુલંદી પુકારું, ભલેને સ્વરપેટી બહાર આવી જાય. હુ કેર્સ? હું આસમાને પહોચું એ પહેલા મારા કંઠમાં આસમાનને આંબી જવાની તાકાત હતી.

હવે દુશ્મનને પણ વિચાર આવવાનો કે ટોપા તાકાત હતી તો ગાયક બન્યો કેમ નઈ? પણ આ સ્વાર્થી સમાજ ઘડેલા સપના ચકનાચુર કરી નાખે છે

એકવાર હું બાથરૂમમાં ન્હાતો હતો.. સોરી ગાતો હતો ને બહારથી મારી ચંપાકલીનો અવાજ કાને અથડાયો ‘હે મારા માલવપતિ મુંજ, એક કલાકથી બાથરૂમમાં શું કરો છો? ન્હાવા બેઠા છો કે નાસ્તો કરવા કે પછી ઊંઘી ગયા? અંદરથી તમારા નસકોરાનો અવાજ ઠેઠ બહાર આવે છે.’

બાપરે, મારા ગળા ઉપર કોઈએ બુલડોઝર ફેરવી દીધું હોય એવો પ્રચંડ ઝાટકો લાગ્યો. મારા કંઠનું આવું ઝળહળતું..સોરી -હડહડતું અપમાન? જે ગળાને સૂરીલું બનાવવા તનતોડ નઈ તો ગળાતોડ મહેનત કરી હોય એના પર પાણી ફેરવી દીધું. મારી છટકે કે નઈ? દિલકે અરમા આંસુઓમેં નહીં પણ પાનીમેં બહ ગયે.... હવે મને દ્વિધા થવા લાગી કે ગાવાનું ચાલુ રાખવું કે ન્હાવાનું? ખૂબ મનોમંથન પછી વિચાર્યું કે ગાવાનું બંધ કરીશ તો કંઠ નઈ ગંધાઈ ઊઠે પણ ન્હાવાનું બંધ કરીશ તો શરીર જરૂર ગંધાઈ ઊઠશે. સત્ય એ પણ હતું કે ગાવાનું બંધ કરવાથી સમાજ એક સરસ ગાયક ગુમાવશે. જેમ સ્વજનના ગયા પછી એની ખોટ ક્યારેય પૂરાતી નથી એમ મારું ગાવાનું બંધ કરવાથી સમાજમાં શ્રેષ્ઠ ગાયકની ખોટ ક્યારેય નઈ પૂરાય, એ સમાજનું દુર્ભાગ્ય, બીજુ શું?

બાકી આ રફી સાહેબનો દાખલો લો, ક્યાં પુરાય છે? કેટલી બધી જયંતીઓ પુણ્યતિથિમાં પલટાઈ ગઈ ને છેલ્લે દર ૩૧ જુલાઈએ એમની ઝાંખી ઝેરોક્ષ કોપીઓ મંડી પડે ‘અભી ના જાઓ છોડકર કી દિલ અભી ભરા નહિ’...

મિત્રોએ સલાહ આપી કે ઠાકર, તું રફીના સદાબહાર ગીત ગાવાનું બંધ કર નઈતર કોઈ ભડકશે તો તને જ સદા-બહાર કાઢશે. મિત્રો, આજે હું નથી ગાતો એ પરોક્ષ રીતે સંગીત તથા સમાજ સેવા જ છે ને?. શું કહો છો? ■

# શ્વસનતંત્ર સંબંધી બીમારી

આરોગ્ય પ્લસ

સંકલનઃ સ્મૃતિ શાહ મહેતા


feedback@bombaysamachar.com

ગળું પકડાઈ જવું, શરદી કફ, ઉધરસ વગેરે શ્વાસનળી સંબંધી બીમારીઓ આપણને અનેકવાર થતી હોય છે. છતાં પણ તે બીમારી કયા કારણથી થતી હોય છે તેનાથી આપણે સાવ અજાણ હાઈએ છીએ. આપણને પ્રાયઃ એ ખ્યાલ જ નથી આવતો કે આ બીમારી થવાનું કારણ શું છે.

આ બીમારીઓમાં આપણા ઉપર જ અભ્યાસ કરી, તેનાં કારણો શોધી, તે પ્રમાણે સાવધાની રાખીને ઉપચાર કરીશું તેટલા જરૂર બચી શકીશું, કેમ કે આ બીમારીઓ અનેક કારણોથી થતી હોય છે, માટે તેના ઉપચારો કારણ પ્રમાણે કરાય, પરંતુ એમાં મોટા ભાગના ભૂલ કરતા હોય છે. જેમ કે કોઈને પિત્ત કે વાયુને લઈને શરદી થઈ હોય અને ઉપચાર કફની શરદીનો કરે.

શ્વસનતંત્ર સંબંધી રોગ મોટા ભાગે વાઇરલ ઇન્ફેક્શનના કારણે થતા હોય છે. ખરેખર તો તે વાઇરલ ઇન્ફેક્શનની એન્ટિબાયોટિક દવાઓ કાંઈ જ અસર કરતી નથી. છતાં પણ ભારતમાં આ રોગની સારવાર માટે એન્ટિબાયોટિક દવાઓ સૌથી વધારે વપરાય છે. તેનાં અમુક કારણો એવાં છે કે કોઈવાર ચિકિત્સક ધન કમાવા માટે, તો કોઈકવાર તેની અજ્ઞાનતાના કારણે તે બિનજરૂરી દવાઓ આપતા હોય છે. અરે...! અમુકવાર તો એવું પણ બનતું હોય છે કે દર્દી સાજા થવા માટે ચિકિત્સક પાસે દવાઓની અપેક્ષાઓ રાખતા હોય છે. તેથી ચિકિત્સકને બધો જ ખ્યાલ હોવા છતાં દર્દીની માનસિકતા સંતોષવા માટે બિનજરૂરી દવાઓ આપવા માટે લાચાર થવું પડે છે.

વિશ્વમાં આપણો દેશ વાઇરલ ઇન્ફેક્શનથી થતી બીમારીઓમાં હંમેશાં બિનઅસરકારક એવી એન્ટિબાયોટિક દવાઓ લેવામાં મોખરે છે. માટે હરખતા હૈયે આવી દવાઓ ખાતા એવા આપણે, શું જરા ચેતવું ન જાઈએ...?



### શરદી-કફ થવાનાં કારણ ગળું પકડાઈ જવું

#### બૅક્ટેરિયલ

તાવ આવે અને લાંબા સમય સુધી રહે. જીભ સૂકી અને સફેદ રહે. સોજી ગયેલા કાકડા, લીલાશવાળો કફ.

#### વાઈરલ

મોટા ભાગે તાવ ન આવે અને ટૂંકા સમય પૂરતું જ રહે (૫થી ૬ દિવસ).

#### આહાર

વધુ ગળ્યું, ઠંડું કે ગરમ અને આથેલી વાનગીઓ જમવી.

#### વાતાવરણ

ઋતુ ફરે ત્યારે એલર્જી (ધૂળ, ધુમાડો, અમુક વૃક્ષોની પરાગરજ, અમુક પ્રદેશ વગેરેની)

#### પિત્તની શરદી

મોટા ભાગે પિત્ત અને વાયુ-પિત્ત પ્રકૃતિવાળાને થાય ખાસ શરદઋતુમાં.

#### લક્ષણ

માથું અને શરીર ભારે રહે. ગળું બળે અને બેસી શકે. શરીર ગરમ રહે અને તાવ આવવાની સંભાવના રહે. છીંક ઓછી આવે. જો કફ હોય તો પીળો-લીલાશવાળો આવે.

#### અન્ય કારણ

ચેપ લાગવો, ઉજાગરા, અજીર્ણ, કબજિયાત વગેરે

શરદી-કફના ઉપચાર

#### પિત્તના કારણે થયેલી શરદી-કફ

૧. ૧ ચમચી જેઠીમધ, ૧ ચમચી મધ અને અડધી ચમચી ઘી ભેગું કરી સવાર-સાંજ લેવું.

૨. કાળી દ્રાક્ષ અને સાકર મોઢામાં ચાવવી અને ચૂસવી.

૩. ૨ ચમચી ઘી અને ૧-૨ ચમચી સાકર સાથે ૨ કેળાં લેવાં.

૪. વધુ પિત્તને કારણે શરદી થઈ હોય તો ઠંડાં પ્રવાહી લઈ શકાય. (ખસ, ગુલાબનું શરબત વગેરે)

#### વાત અને કફના કારણે થયેલી શરદી - કફ

૧. સૂંઠ, મરી અને પીપર સરખા ભાગે ભેગા કરી સવાર-સાંજ ૧ ચમચી ચૂર્ણ ફાકીને પાણી પીવું. અમુક દિવસમાં જ જમા થયેલો કફ નીકળવા લાગશે અને નવો કફ બનતો અટકશે.

૨. સવાર-સાંજ બે જામફળ ખાવાથી વર્ષો જૂની શરદી પણ મટે છે.

૩. ઉકાળેલું સૂંઠવાળું પાણી પીવું.

૪. ૧-૧ ચમચી આદુનો રસ અને મધ સવાર-સાંજે લેવું.

૫. આદુનો અને ફૂદીનાનો ૧ કપ ઉકાળો લેવો.

૬. કાળાં મરી અને શેકેલી હળદરનું ૪ ગ્રામ જેટલું ચૂર્ણ ગરમ દૂધ સાથે લેવું.

૭. ફૂદીનાના રસનાં ટીપાં નાકમાં નાખવાથી સળેખમ મટે છે.

૮. ૩-૩ ગ્રામ તુલસી અને આદુનો રસ, ૧ ચમચી મધ સાથે લેવાથી કફ મટે છે.

૯. આદુનો રસ, લીંબુનો રસ અને સિંધવ મેળવી જમતાં પહેલાં લેવાથી કફ, શ્વાસ અને ઉધરસ મટે છે.

૧૦. ૧ મુઠ્ઠી શેકેલા હળદરવાળા ચણા ખાવા.

૧૧. લવિંગના તેલને રૂમાલમાં નાખી સૂંઘવું. ■

# ખરાબ પાણીની સમસ્યાથી બચાવે - નિર્મળી

આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા
feedback@bombaysamachar.com



ચોમાસા કે વરસાદની ઋતુમાં પાણીની મુખ્ય સમસ્યાઓમાં રસ્તાઓમાં નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ જવાની સમસ્યાના કારણે પીવાના પાણીની સમસ્યા પણ થઈ જાય છે. પાણી દૂષિત થઈ જાય છે જેને કારણે પીવાનું પાણી અશુદ્ધ થઈ જાય છે. વરસાદી પાણી ગટરોના પાણી તેમ જ બાહ્ય કચરા સાથે મિશ્રિત થતાં પાણીમાં બેકટેરિયા અને ગંદકીના કારણે ઘણીય સ્વાસ્થ્ય સમસ્યા થાય છે. હાલના સમયમાં વરસાદ વધુ હોવાના કારણે પાણી મોટી માત્રામાં ભરાઈ ગયા હોવાથી સમસ્યા વધી છે. મલેરિયા, ડેન્ગ્યૂ, ઝાડા-ઊલટી, ટાઈફોઈડ, કમળો, ગેસ, ચામડીના રોગો થવાની શક્યતા વધી જાય છે.

વરસાદી પાણી તો શુદ્ધ જ હોય છે, પણ ગટર અને બાહ્ય કચરાને કારણે તે દૂષિત થાય છે ત્યારે ઘરના પીવાના પાણી મટમેલા થઈ જાય છે. ગંદકીનું પ્રમાણ થોડું પણ હોય તો શરીરમાં પણ તકલીફો થાય છે. પણ કુદરત આપણી પર મહેરબાન છે. ખરાબ પાણીને સાફ કરવા માટે કુદરતે વ્યવસ્થા કરી છે જે લગભગ આખા ભારતમાં મળે છે. આ છે નિર્મલી વૃક્ષ. નિર્મલી વૃક્ષ પર સોપારી જેવા ફળ આવે છે તેને કલીઅરિંગ નટ્સ પણ કહે છે. અલગ અલગ ભાષામાં આના અલગ અલગ નામ છે. સંસ્કૃતમાં પય પ્રસાદી, અમ્બુ પ્રસાદી, ચક્ષુષ્યા નિર્મલી, કતક એવા નામથી ઓળખાય છે. અંગ્રેજીમાં વોટર ફિલ્ટર ટ્રી કે કલીયરિંગ નટ ટ્રી કહેવાય છે. આમ તો લગભગ બધી જ ભાષામાં નિર્મલી નામ જ છે. આયુર્વેદમાં પ્રાચીન ગ્રંથોમાં આની જાણકારી ખૂબ મોટે પાયે છે. એટલે કે વિસ્તૃત રીતે માહિતી વર્ણવામાં આવી છે.

પહેલાના સમયમાં જ્યારે વોટર ફિલ્ટર જેવાં સાધનો નહોતાં ત્યારે આ નિર્મલીનો ઉપયોગ કરીને પાણી શુદ્ધ કરવામાં આવતું. આના બીજને ઘસીને થોડી પેસ્ટ પાણીમાં નાખવાથી બધી જ ગંદકી નીચે બેસી જાય છે અને પાણી એકદમ ક્રીસ્ટલ કલીયર થઈ જાય છે. પાણી નિર્મલ એટલ સ્વચ્છ થઈ જવાને કારણે આનું નામ નિર્મલી છે. વિદેશોમાં પણ પ્રખ્યાત છે. ફક્ત પાણીને શુદ્ધ કરે છે. આની મેડીસીન પ્રોપર્ટી ઘણાંય રોગોથી બચાવે છે અને થયા હોય તો દૂર કરે છે. આ આંખ માટે રામબાણ છે તેથી તેને ચક્ષુષ્યા પણ કહે છે.

શરીરની અંદર અશુદ્ધતાના કારણે ઘણાંય રોગો થાય છે. આ નિર્મલીના ઉપયોગથી ઘણાય રોગો પર કાબૂ મેળવી શકાય છે. ઘણીય પારંપારિક ચિકિત્સામાં આનો ઉપયોગ થાય છે. સહજ રીતે ઉપલબ્ધ છે. જાણકારી ન હોવાને કારણે આપણે આના લાભથી વંચિત રહીએ છીએ. દક્ષિણ ભારતમાં આનો ઉપયોગ મોટે પાયે થાય છે. આનો સ્વાદ મધુર છે. આ ઉચ્ચ દરજજાની વનસ્પતિ છે.

આ નિર્મલીમાં સમાયેલા તત્ત્વ શરીરને ઘણીય બીમારીથી બચાવે છે. શરીરની ક્ષમતાને મજબૂત બનાવે છે.

એસિટાઈ કોલીન - માંસપેશીઓની કમજોરીથી બચાવે, હૃદયની માંસપેશીને મજબૂત બનાવે, આંખના મસલ્સને પાવરફૂલ બનાવે, વ્યસની વ્યક્તિઓ જે કેફેન, નીકોટીનનું સેવન કરે છે તેની માટે એન્ટીબોડી બનાવી તેને વ્યસનથી મુક્ત થવામાં બહુ જ મોટી સહાય કરે છે.

આઈસોમોટિઓલ એસિડ - ઝાડા-ઊલટી, સ્ટમકના ક્રેમ્પસ, પેટના દુખાવા તેમજ શરીરમાં ગયેલા પેસ્ટ્રીસાઈને મારી નાખે છે અને દુખાવા દૂર કરે છે.

ડાયબોલીન એસિડ - ડાયાબિટીસની વ્યાધિઓ મૂળથી કાઢવા માટે રામબાણ છે. સુગર પર વિજય અપાવે છે.

બ્રુસીન એસિડ - ડાયજેશન વધારે છે. ઈમ્યુનિટીને સ્ટ્રોંગ બનાવે છે.

ઈકાજિન - ચામડીના રોગથી બચાવે છે.

નોવાસીન - સ્ટમકની વ્યાધિ, યુરિન ઈન્ફેકશન, લોહીના બગાડથી બચાવે છે.

સ્ટિગ્મા સ્ટ્રેલોરથી અસ્થમા અને ઓસ્ટ્રીઆર્થરાઈટીસ પર કાબૂ મેળવી શકાય.

ક્રેમ્પેસ્ટ્રીરોલથી ખરાબ કોલેસ્ટ્રોલ, હ્યુમનગટ, કાર્ટીલેજને રિપેર કરે છે.

આ નિર્મલી બહુ જ ગુણકારી છે. આમાં રહેલાં તત્ત્વો ઉપર વર્ણવેલ તકલીફોથી બચાવે છે. અલ્સર અને આંતરડાનો સોજા દૂર કરે છે. એન્ટી ઓક્સિડેન્ટ હોવાને કારણે લીવરનું ફેટીપણું દૂર કરે છે. સાંધાને સોજા મુક્ત બનાવે છે. તાવ, મલેરિયા, ટાઈફોઇડથી મુક્ત કરે છે.

આના ઉપયોગથી આ ચોમાસાની ઋતુમાં પાણીથી થતી બધી જ બીમારી, તેમ જ અન્ય બીમારીઓથી બચવા માટે આનો ઉપયોગ કરવો. આ બહુમુખી વૃક્ષ એ ઔષધિય ગુણનો ભંડાર છે. તેની સંરચનામાં આવેલ ઘણાંય પ્રકારના યોગિક કે તત્ત્વોનો અનોખો સ્રોત છે. આ નાનકડો બીજ મોટી વ્યાધિઓ દૂર કરવા માટે સક્ષમ છે.

આપણા ઋષિઓની આ મહાન ભેટ છે તેમ જ કુદરતની સમસ્યાઓને દૂર કરવા કુદરતે આપેલી આ ભેટનો ઉપયોગ આપણી માટે વરદાન છે.


# નાની નાની બીમારી પજવે ત્યારે તંદુરસ્તી રાખો તમારા હાથમાં...

## સંપૂર્ણ તંદુરસ્તી માટેના સરળ-સચોટ ઘરગથ્થુ ઉપાય અજમાવો

હેલ્થને હેમખેમ રાખો
મિતા બાવીસી
feedback@bombaysamachar.com

### દમ-શ્વાસ

- દમનો હુમલો થયો હોય તો એક પાકું કેળું લઈ તેને દીવાની જ્યોત પર ગરમ કરી, પછી તેને છોલીને મરીનો ભૂકો ઉપર ભભરાવીને ખાવાથી આરામ થાય છે.
- ઘી સાથે દળેલી હળદર ચાટી ઉપર ગરમ દૂધ પીવાથી દમમાં આરામ થાય છે.
- બે ચમચી આદુંનો રસ મધ સાથે લેવાથી દમમાં રાહત થાય છે.
- રોજ ગાજરનો રસ પીવાથી દમનો રોગ જડમૂળથી મટે છે.
- હળદર, મરી અને અડદ એ ત્રણેને અંગારા પર નાખી ધુમાડો લેવાથી દમમાં તરત રાહત મળે છે.
- દસ-પંદર લવિંગ ચાવીને તેનો રસ ગળવાથી દમ મટે છે.
- એલચી, ખજૂર અને દ્રાક્ષ મધમાં ચાટવાથી દમ મટે છે.
- દરરોજ થોડી ખજૂર ખાઈ ઉપર ગરમ પાણી પીવાથી કફ પાતળો થઈ બહાર નીકળી જાય છે અને દમ મટે છે.
- બે-ત્રણ સૂકાં અંજીર સવારે ને રાત્રે દૂધમાં ગરમ કરીને ખાવાથી કફનું પ્રમાણ ઘટે છે અને દમ મટે છે.
- નાગરવેલનાં પાનમાં જેટલી ફુલાવેલી ફટકડી ખા મટે છે.
- અજમો ગરમ પાણ લેવાથી શ્વાસમાં રાહત થાય
- પંદર-વીસ મરી વાટી રોજ ચાટવાથી દમ મટે છે.
- ગાજરના રસનાં ચાર-નાકમાં નાખવાથી દમ મટે છે.
- તુલસીનો રસ ૩ ગ્રામ, રસ ૩ ગ્રામ એક ચમચી મધ લેવાથી દમ મટે છે.
- તુલસીનો રસ ૧૦ ગ્રામ અને મધ પાંચ ગ્રામ ભેગું કરી લેવાથી દમ મટે છે.
- હળદર અને સૂંઠનું ચૂર્ણ મધ સાથે લેવાથી દમ મ
- ફુલાવેલી ફટકડી અને દિવસમાં ચાર વખત અર્ધા દમ મટે છે.
- આમળાંની અઢી તોલા મધ અને ૦૧ તોલો પીપરનું ચૂર્ણ મેળવી લેવાથી દમ મટે છે.




### દાહ બળતરા

- મમરા અને ખડી સાકરનો ઉકાળો પીવાથી બળતરા મટે છે.
- દ્રાક્ષ અને ખડી સાકર ભેગી કરી સવારે ખાવાથી બળતરા મટે છે.
- ધાણા અને સાકર પાણીમાં લેવાથી બળતરા મટે છે.
- ધાણા અને જીરું એક-એક ચમચી લઈ, અધકચરું ખાંડી, રાત્રે પાણીમાં પલાળી, સવારે મસળી, ગાળી, તેમાં સાકર નાખી પીવાથી પેટની તથા હાથ-પગની બળતરા મટે છે.
- ધાણાજીરુંનું ચૂર્ણ ખાંડ સાથે લેવાથી એસિડિટીને લીધે જમ્યા બાદ છાતીમાં થતી બળતરા મટે છે.
- તાંદળજાનો રસ સાકર નાખી પીવાથી હાથ-પગની બળતરા તથા પેશાબની બળતરા મટે છે.
- એલચીને આમળાના ચૂર્ણ સાથે લેવાથી શરીરની બળતરા, પગના તળિયાની બળતરા મટે છે.
- કોકમનું ઘી ગરમ કરીને ચોપડવાથી હાથ-પગની બળતરા મટે છે.
- બે ગ્લાસ પાણીમાં એક લીંબુનો રસ નાખી, તેમાં સાકર મેળવીને પીવાથી પિત્તનો દાહ મટે છે.
- સવારના પહોરમાં બે તોલા મધ ઠંડા પાણીમાં પીવાથી, દાહ, બળતરા, ખંજવાળ મટે છે.

### દાંતની પીડા

- હિંગને પાણીમાં ઉકાળીને કોગળા કરવાથી દાંતનો દુઃખાવો મટે છે.
- દાંત હાલતા હોય અને દુઃખાવો થતો હોય તો હિંગ અથવા અક્કલગરો દાંતમાં ભરવાથી આરામ થાય છે.
- સવારના પહોરમાં કાળા તલ ખૂબ ચાવીને, ખાઈને, ઉપર થોડું પાણી પીવાથી દાંત મજબૂત બને છે.
- સવારના પોરમાં કાળા તલ, ખૂબ ચાવીને, ખાઈને, ઉપર થોડું પાણી પીવાથી દાંત મજબૂત બને છે.
- વડની વડવાઈનું દાંતણ કરવાથી હાલતા દાંત મજબૂત બને છે.
- તલનું તેલ હથેળીમાં લઈને આંગળી વડે પેઢાં પર ઘસવાથી હાલતા દાંત મજબૂત બને છે. ■




**તું મને હજુ ઓળખતી નથી છોકરી, તારા બહુ ખરાબ હાલ થવાના છે. તારે હવે પોલીસને ફોન કરવો હોય કે તારા પેલા ડોસાને કહેવું હોય તો કહી દેજે...**

'એ સાંજે પપ્પા અને મમ્મી નત મસ્તકે ચાલ્યા ગયા. મેં રત્નાકરજીને બેસવાનો ઈશારો કર્યો એટલે તે બેસી રહ્યા. એ સાંજે મને મારા જીવન પર દયા આવી ગઈ હતી. મને થતું હતું કે મારે શા માટે આ ઉપાધીઓ જોઈએ. એ જવાબદારીઓને કારણે હું મારું જીવન માણી શકતી નહોતી. મારે સતત ઉચાટ અને ભય વચ્ચે જીવવાનું હતું. રત્નાકરજી મારી માનસિક હાલત સમજતા હતા. તેમણે સૌ પહેલા તો ચા મગાવી. સામાન્ય રીતે હું ચા પીતી નથી પણ તે દિવસે મને લાગ્યું કે રત્નાકરજી અમારા સોલિસીટર જ નહીં, મારા એક અત્યંત નીકટના વ્યક્તિ છે.'

'બેટા, આમ નિરાશ થઈ જશો તો કેમ ચાલશે? જે સ્થિતિ સામે આવી છે તેનો હિંમતથી સામનો કરો. જે તમારો અંતરાત્મા કહે તે જ કરો. કોઈથી ડરો નહીં. તમને કોઈ કંઈ નહીં કરી શકે.' તેમનો ઈશારો સંજય તરફ હતો.

'સર, મને સમજાતું નથી કે હું શું કરું. મને કોઈ મોહ નથી પણ આ બધું ગમે તેના હાથમાં મૂકીને ચાલ્યા જવું મને યોગ્ય લાગતું નથી. મને હવે વિચાર આવે છે કે દાદાજીએ કયા કારણસર પોતાના સગા દિકરા કે પૌત્રોને જે જવાબદારી સોંપવી જોઈ તે મને સોંપી. હું ધારું છું એમણે તમારી સાથે ચર્ચા કરી જ હશે.

જો તમને વાંધો ન હોય તો મને કહો.' રત્નાકરજી જરા હસ્યા. એમના ભેદી હાસ્યમાં ઘણું છુપાયેલું હતું. તે બોલ્યા, 'તમે એ બધું છોડો. આપણે કોઈ ઉતાવળ કરવી નથી. તમે નિરાંતે વિચારીને કહો. જરૂર લાગશે તો હું મારો મત વ્યક્ત કરીશ.'

'સર, મને બધી દિશાઓ બંધ જ દેખાય છે. તમે જ મને સ્પષ્ટ કહો કે મારે શું કરવું જોઈએ? હું લાંબો વખત નહીં ચલાવી શકું. ખાસ કરીને સંજય તેમ કરવા નહીં દે.'

તેમણે મારી સામે જોઈ રહેતા કહ્યું, 'મને ખબર છે આજે તમને ઊંઘ નહીં આવે. તમે અત્યંત સંવેદનશીલ છો.'

'હું તમને દાદા કહું તો?' મેં લાગણીના આવેગમાં કહી નાખ્યું.

રત્નાકરજીએ જરા ચમકીને મારી સામે જોતાં કહ્યું, 'એ મને ગમશે પણ તમે એવું ન કરો તો સારું. મારા કાર્ય પર, વિચારો પર લાગણીનું પડ ચડી જશે તો હું સાચો નિર્ણય નહીં કરી શકું.' મેં મનોમન એ સ્વસ્થ પુરુષને વંદન કરી લીધા. રત્નાકરજી આમ તમે બધું જાણો છો. મારી દુવિધા એ છે કે હું જે કોઈ નિર્ણય લઈશ તેનાથી કોઈક તો નારાજ થશે. કોઈ રસ્તો હોય તો બતાવો.

'તમે તમારું કેમ કંઈ વિચારતા નથી? તમે એમને બધું આપી દેશો પછી તમે શું કરશો?'

'હું જોરથી હસી પડી, સર તમે મને ઓળખો છો ને? હું મારા જેટલું ગમે ત્યાંથી કમાવી લઈશ.'

'એ એટલું સરળ નથી. તમે ઘરમાંથી નીકળો એટલે હજારો પ્રશ્ન સામે આવે. મારી સલાહ છે કે તમે જે કંઈ નિર્ણય લો તેમાં તમારી સેફટીનો પહેલો વિચાર કરજો. જીવનમાં પૈસો બધું જ નથી. છતાં પૈસા વગર ઘણું બધું અટકી પડતું હોય છે. હું નથી ઈચ્છતો કે મારા મિત્રની મિલકતની દુર્દશા થાય. મારાથી તે જોઈ નહીં શકાય.'

હું જરા ચમકી. રત્નાકરજીએ દાદાજી માટે મિત્ર શબ્દ આ પહેલા વાપર્યો નહોતો. મેં ઊંડા ઉતરવાના હેતુથી જ પૂછ્યું, 'તમારા મિત્ર?' રત્નાકરજી મલક્યા. તેમણે માથું હલાવતાં કહ્યું, 'હા બેટા મિત્ર. તમારા દાદા અને હું આમ ભલે શેઠ અને નોકર હતા, છતાં અંગત મિત્રો હતા. શરૂઆતના દિવસોમાં અમારી બેયની સ્થિતિ સરખી હતી. તેમણે ધંધો કર્યો. ખૂબ કમાયા. હું ભણ્યો. એમની સાથે આ રીતે જોડાયો. બાકી તમારા દાદાના મારા ઉપર એટલા ઉપકાર છે કે હું ચૂકવી પણ ન શકું. અમે બેય હમરાઝ પણ હતા. તેણે મારાથી કશું છુપાવ્યું નહોતું. તમારા કુટુંબની રજેરજની હકીકતથી વાકેફ છું. આજે તમે મને દાદાજી કહેવાની રજા લીધી ત્યારે મને પણ થયું કે તમને બધાં રહસ્યો કહી દેવા જોઈએ. આ વિલ બન્યું તે અમારી બેયની ચર્ચા પછી બન્યું. એક વાત કહું? તમારા દાદાજી તમને ખૂબ ચાહતા હતા. છેલ્લે તો એમ સમજો કે તમારા સિવાય કોઈના તરફ એમને લાગણી પણ નહોતી રહી. એ પોતાના કર્યા પર પસ્તાવો કરતા રહ્યા હતા. તમારી મમ્મીને યાદ કરીને અનેકવાર એ રડ્યા છે. તમારા નામે વિલ કરવું તેમના પસ્તાવાનો એક ભાગ છે. સમજાય છે તમને?'

સનત હું તે સમયે રડી પડેલી. ખુદ રત્નાકરજીએ ઉઠીને મને પાણી આપ્યું. અચાનક લાગ્યું કે મારી આજુબાજુ જે ધુંધળાશ હતી તે દૂર થઈ ગઈ છે. મારું મન હળવું થઈ ગયું. મેં લેટર પેડ ઉપાડ્યો અને પેન ખોલી રત્નાકરજી સામે જોઈને બોલી, 'તમે ભલે ના પાડો પણ હું ખાનગીમાં તમને દાદા જ કહીશ. તમે મને ગાઈડ કરો. આપણે અત્યારે થોડું ટપકાવી લઈએ.'

'તમે આજે દાદાજીનું લોકર જોયું? એમા શું પડ્યું છે એનો તમને કંઈ અંદાજ આવ્યો છે? હું એ વાત તો ભૂલી જ ગઈ હતી કે આજે દાદાજીનું લોકર ખોલ્યું તેમાં મેં શું જોયું હતું અને તેની કિંમત કેટલી થતી હશે. એ લોકરમાં દાબડી જેવા કલાત્મક ત્રણ બોક્ષ હતા. એ બોક્ષમાં જે હીરા હતા તેની કિંમત આંકવાનું ગજું મારું પણ નહોતું. એના વિશે તો સંજય હજુ જાણતો જ નહોતો. મેં આંખો પહોળી કરી રત્નાકરજી સામે જોઈ રહેતાં કહ્યું, 'માય ગોડ, દાદાજીએ કેટલુંક ભેગું કર્યુ છે?'

'તમે ભલે કિંમત આંકી ન શક્યા હો પણ એ વિશે આપણા બે સિવાય ત્રીજું કોઈ જાણતું નથી. એટલે એ લોકરમાંથી જે નીકળે તે તમારા માટે રાખજો. તમારા દાદાજી મને અંગત રીતે આવું કહી ગયા છે. મારી પણ વિનંતી છે કે તમે ભલે આ બધું તમારા પપ્પા કે ભાઈઓને આપી દો. પણ પેલા લોકર વિશે કોઈને કશું કહેતા નહીં. મને લાગે છે કે તમારા માટે એટલું પૂરતું છે.'

'તો પછી હવે આ બધાનું શું કરવું? આજે જ એમને બેસાડીને એ લોકો જેમ કહે તે પ્રમાણે ભાગ પાડી દઉં.'

'એ એટલું સહેલું નથી. તમે એનાં કારણો જાણો છો. માટે મારી એક સલાહ છે કે તમે થોડા દિવસ પાવર ઓફ એટર્ની પર તમારા પપ્પાને કારોબાર સોંપો. જુઓ તો ખરા કે એના શું રીએક્શન આવે છે. એ પહેલા તમે તમારી પારિવારિક મીટિંગ કરી જુઓ. આજે જે ચર્ચાઓ થઈ તેનાથી એકબીજા વચ્ચેનું અંતર વધ્યું છે. આજે એ ખુલાસો પણ કરી દઉં કે તમારા પર જે ફોન આવ્યા છે તેની પાછળ દોરી સંચાર સંજયના મોસાળનું હતું. સંજયને અહીં કેટલાક ગુંડાઓ સાથે સંબંધ છે. એ લોકો સોપારી લેતા વિચાર કરે તેમ નથી. એટલે મારે હવે તમારી બેવડી ચિંતા કરવાની છે. હું તમને પણ એલર્ટ રહેવા જણાવું છું.'

હું રત્નાકરજી સામે જોઈ રહી. એ માણસ કેટલું બધું જાણતો હતો. છતાં અત્યાર સુધી તેણે અણસાર આવવા દીધો નહોતો. મારા મોઢા પર બેચેની જોઈ તેમણે જરા હળવા અવાજે કહ્યું, 'ચિંતા ન કરો. મારા હાથ બહુ લાંબા છે. પણ હું ફક્ત તમારો સલાહકાર નથી. મારા મિત્રની મિલકતનો રખેવાળ પણ છું. તમારા દાદાજી તમારી હિફાજત કરવાની જવાબદારી મને સોંપી ગયા છે. એટલે મારી નજર ચારે તરફ રહે છે. મને અંદાજ હતો કે વિલ જાહેર થવાની સાથે જ તમારા પર આફત આવવાની છે. મારી કેટલીક મર્યાદાઓ છે. મને સંજય પર જરાય ભરોસો નથી. એ માણસ વેપારી પરિવારમાં જન્મેલો ગુંડો છે. એ ક્યાં જાય છે કોની સાથે શું કરે છે તેની વિગત હું મેળવતો રહ્યો છું.'

મારા આશ્ચર્યોનો પાર નહોતો. અત્યંત ઓછું બોલનાર, મોટાભાગે પોતાના કામ સાથે કામ રાખનાર રત્નાકરજી મારા દાદાજીના અંગત મિત્ર હતા તે વાત મને એક વર્ષ રહીને જાણવા મળતી હતી. એટલું જ નહીં એ બેય વચ્ચે મારી બાબતમાં ચર્ચાઓ થઈ હતી તે વાતનો મને રોમાંચ થતો હતો. પણ એ સમય મારા રોમાંચને વ્યક્ત કરવા કરતા મારી સલામતીની ચિંતા કરવાનો હતો. જોકે રત્નાકરજીએ બધું વિચારી રાખ્યું હશે એવો મને વિશ્વાસ હતો. તે છતાં સ્થિતિ વિકટ બનવાની હતી તેનો મને અણસાર આવતો હતો. તે સાંજે રત્નાકરજી ખાસ્સો સમય મારી પાસે બેસી રહ્યા, અમે ઘણી વાતો કરી. આખરે એવું નક્કી થયું કે મારે આજે જ ઘરમાં બધાને સાથે બેસાડી ચર્ચા કરવી. શું થાય છે તે બાબતે બીજા દિવસે રત્નાકરજી સાથે મસલત કરવી.

'પછી તમે તમારા ભાઈઓ પપ્પા સાથે ચર્ચા કરી?'

'હા કરીને. મારી ઈચ્છા હતી કે જય પણ હાજર હોય. તે રાજસ્થાનમાં હતો પપ્પાએ જયને ફોન કરેલો. તેણે કહેલું કે તે નહીં આવી શકે. પણ સંજયભાઈ જેમ કહેશે તે મને માન્ય હશે. પપ્પાને જયનો જવાબ ગમ્યો નહોતો. સનત મને મારા જ ઘરમાં મારા જ પપ્પા અને ભાઈ સામે બેસતા પહેલીવાર ડર લાગ્યો હતો. હું આમેય ડિસ્ટર્બ હતી. સંજયે શરૂઆતમાં જ બધાને ડિસ્ટર્બ કરી નાખ્યા. અમે અમારા ડ્રોઈંગ રૂમમાં હતા. નોકરો ચાલ્યા ગયા હતા. મુખ્ય દરવાજો અંદરથી બંધ હતો. હું વાતની શરૂઆત કરું તે પહેલા જ સંજયે કહ્યું, 'સોનલ તું બોલે તે પહેલા સાંભળી લે. તું અમારા કરતા હોશિયાર છો, તું બહુ સારી છો એવું કોઈ ભાષણ ન દેતી. મને તારી આવી વાતો સાંભળવામાં કોઈ રસ નથી. બીજું એમ. વી. એન્ટરપ્રાઈઝનો બધો વહીવટ અને માલિકના હક જો તું મને દેવા માગતી ન હોય તો એનાથી ઓછું મને કશું જોઈતું નથી. હા જો તું એમ કરીશ તો જય અને હું સમજી લઈશું. ખાણો પર અમારો કોઈ દાવો નહીં રહે.'

મને ઝાળ લાગી ગઈ. આ માણસ શું સમજતો હતો એના મનમાં ? મેં પણ રોકડું પરખાવ્યું, 'જો એમ ન કરું તો?'

'તો તારી વાત તું જાણે. હું કાલે જ આ ઘર છોડીને ચાલ્યો જઈશ. તમારી સાથે મારો કોઈ સંબંધ નહીં રહે, પણ પછી તું શાંતિથી જીવી નહીં શકે. જે કરે તે વિચારીને કરજે.'

'એટલે તું મને ધમકી આપે છે એમ?'

'હા, ધમકી આપું છું બોલ. તારાથી જે થાય તે કરી લેજે. હું મારા રૂમમાં જાઉં છું. તમારે જે ચર્ચા કરવી હોય તે કરી લ્યો.'

હું, પપ્પા, મમ્મી, મારી બેય ભાભીઓ સ્તબ્ધ થઈને જોઈ રહ્યા. તેમ છતાં મારાથી સહન ન થયું. મેં કહી નાખ્યું, 'તો હવે તારાથી જે થાય તે કરી લેજે. હું મારા નિર્ણયો મારી રીતે લઈશ. પપ્પા પ્લીઝ તમે કશું ન બોલતા. આ માણસને અત્યાર સુધી હું ભાઈ સમજતી હતી. આજથી એ સંબંધ પૂરો થાય છે. એને જે કરવું હોય તે કરી લે .'

ચાલ્યા જવા બે ડગલા ભરી ચુકેલો સંજય જરા પાછળ ફર્યો. મારી સામે વિચિત્ર રીતે જોઈને બોલ્યો, 'તું મને હજુ ઓળખતી નથી છોકરી. તારા બહુ ખરાબ હાલ થવાના છે તારે હવે પોલીસને ફોન કરવો હોય કે તારા પેલા ડોસાને કહેવું હોય તો કહી દેજે.'

એ રાતે કોઈને શાંતિની ઊંઘ આવી નહીં. સંજયને પણ નહીં. (ક્રમશઃ)■

# ક્રૂડ ઑઈલના તીવ્ર કડાકા સાથે સતત ચોથા દિવસની આગેકૂચમાં સેન્સેક્સ ૮૦૦ પોઈન્ટ સુધી ઊછળ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અખાતી દેશોની ગભરાટભરી અપીલને પગલે અમેરિકાએ કથિત મોટો હુમલો ટાળ્યો હોવાના અહેવાલો વચ્ચે ક્રૂડ ઓઇલના ભાવમાં તીવ્ર ઘટાડો થતાં શેરબજારોમાં ચોથા દિવસે પણ આગેકૂચનો દોર ચાલુ રહ્યો હતો. સોમવારના સત્રમાં સેન્સેક્સ ૫૪૪.૩૯ પોઈન્ટ અને નિફ્ટીમાં ૧.૬૦ ટકાનો ઉછાળો આવ્યો હતો. વિદેશી ભંડોળના આંતરપ્રવાહે પણ બજારોના આશાવાદમાં વધારો કર્યો હતો. સેન્સેક્સ ૫૪૪.૩૯ પોઈન્ટ અથવા ૦.૭૦ ટકાના ઉછાળા સાથે ૭૮,૬૩૯.૦૩ પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૮૦૦.૪૬ પોઈન્ટ અથવા એક ટકાના ઉછાળા સાથે ૭૮,૮૯૫.૧૦ની ઊંચી સપાટીને અથડયો હતો. જ્યારે નિફ્ટી ૩૯૦.૭૦ પોઈન્ટ અથવા ૧.૬૦ ટકા વધીને ૨૪,૭૭૪.૩૦ પર બંધ થયો હતો.

ઇન્ટરગ્લોબ એવિએશન, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, ઇન્ફોસિસ, એટરનલ, આઇટીસી અને એક્સિસ બેંક સૌથી વધુ વધનારા શેરોમાં સામેલ હતા, જ્યારે સન ફાર્મા, ભારતી એરટેલ, મારુતિ અને ટાટા સ્ટીલ સેન્સેક્સ પેકમાંથી સૌથી વધુ ઘટનારા શેરોમાં સામેલ હતા. એચએસબીસી ઇન્ડિયા મેન્યુફેક્ચરિંગ પરચેઝીંગ મેનેજર્સ ઇન્ડેક્સ જૂનના ૫૪.૨૦ના સ્તર સામે ઘટીને જુલાઇમાં ૫૩.૫૦ના સ્તરે પહોંચ્યો છે, જે ૫૪.૨૦ની લાંબાગાળાની સરેરાશ કરતા તો નીચે છે જ , પરંતુ એ જ સાથે ઓગસ્ટ ૨૦૨૧ પછીની એટલે કે પાંચ વર્ષની નીચી સપાટી છે.

ગ્લેક્સો ફાર્માનો નફો પ્રથમ ક્વાર્ટરમાં ૧૬ ટકા વધીને રૂ. ૨૩૭.૧૮ કરોડ થયો છે. સેબીએ હૈદરાબાદ સંબંધિત જમીન બાબતે પ્રતિકૂળ આદેશ આપ્યો હોવાની ચર્ચાએ ઝી એન્ટરટેન્મેન્ટ એન્ટરપ્રાઇસ લિમિટેડના શેરમાં ૧૩ ટકાનો કડાકો જોવા મળ્યો હતો. ક્યુપિડ લિમિટેડે પચાસ કરોડ ડોલરના વધારાના ફોલોઓન રોકાણ દ્વારા જીઆઈઆઈ હેલ્થકેર ઇન્વેસ્ટમેન્ટ લિમિટેડ સાથે વ્યૂહાત્મક ભાગીદારી આગળ વધારી છે. જીઆઈઆઈ પાસે ૩.૫ અબજ ડોલરથી વધુની સંપત્તિ સંચાલન હેઠળ છે અને સાઉદી અરેબિયા, યુએઈ, યુરોપ, યુએસએ અને ભારતમાં તેની હાજરી છે.

યુએઈ, લિસ્બન અને મુંબઈમાં હાજરી ધરાવતી ગ્લોબલ ડેવલપર કંપની સુગી ગ્રુપ વિસ્તરણ હેઠળ પચાસ એકરથી મોટા વોટર ફ્રન્ટ ડેવલપમેન્ટ સાથે થાણેમાં પ્રવેશી રહી છે. કંપની ખાસ કરીને ઉદ્યોગો માટેના પ્રીમિયમ કમર્શિયલ સ્પેસમાં કાર્યરત છે. નાણાકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ ત્રિમાસિક ગાળાના પરિણામોમાં સથલોખર સિનર્જીર્સ ઈએન્ડસી ગ્લોબલ લિમિટેડની કુલ આવક વાર્ષિક ધોરણે ૬૭.૭૬ ટકા વધીને રૂ. ૨૦૬.૧૯ કરોડ, એબીટા ૧૩૧.૪૦ ટકા વધીને રૂ. ૩૧.૩૫ કરોડ, જ્યારે ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૧૩૨.૫૯ ટકા વધી રૂ. ૨૧.૪૧ કરોડ નોંધાયો છે.

લીપ ઈન્ડિયાનો રૂ. ૨,૪૮૦.૦૦ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ સાતમી ઓગસ્ટે ખુલશે અને ૧૧ ઓગસ્ટે બંધ થશે. શેરની ફાળવણી ૧૨ ઓગસ્ટે થશે. એનએસઈ અને બીએસઇ પર લિસ્ટિંગ ૧૪ ઓગસ્ટે થશે. ઇશ્યૂ પ્રાઇસ બેન્ડ રૂ.૧૫૧ થી રૂ.૧૫૯ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઇઝ ૯૪ શેર છે. નિયોજેન કેમિકલ્સ લિમિટેડે ૩૦ જૂન, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા પ્રથમ ક્વાર્ટરમાં કોન્સોલિડેટેડ ધોરણે રૂ. ૨૫૦ કરોડની આવક નોંધાવી છે, જે વાર્ષિક ધોરણે ૩૪ ટકાનો વધારો દર્શાવે છે. નિયોજેન આયોનિક્સે પહેલા ક્વાર્ટરમાં રૂ. ૧૯ કારોડની આવક નોંધાવી છે. કોન્સોલિડેટેડ એબીટા રૂ. ૪૮ કરોડ રહ્યો છે, જે વાર્ષિક ધોરણે ૫૩ ટકા વધુ છે.

ભારતના ઝડપથી વિકસી રહેલા ક્વિક કોમર્સ ઇકોસિસ્ટમમાં વિસ્તરણના ભાગરૂપે ફેશન અને લાઇફસ્ટાઇલ કંપની, ફોરકાસ સ્ટુડિયો લિમિટેડની ફ્લેગશિપ ફેશન બ્રાન્ડ એફટીએક્સ ૨૯ જુલાઈ, ૨૦૨૬થી ફ્લિપકાર્ટ મિનિટ્સ પર લોન્ચ કરવામાં આવી છે, જેનાથી ગ્રાહકો ફક્ત ૨૦ મિનિટમાં પસંદગીના એફટીએક્સ પ્રોડક્ટ્સ મેળવી શકશે. ટેક્સમેકો રેલે પ્રથમ ક્વાર્ટરમાં ૭૧ ટકાના વધારા સાથે રૂ. ૫૦ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. ભારત ઇલેક્ટ્રોનિક્સે એપ્રિલથી જૂન ક્વાર્ટરમાં ચોખ્ખા નફામાં નવ ટકાનો વધારા નોંધાવ્યો હતો.

ભારતના અગ્રણી કૃષિ કોમોડિટી એનસીડેક્સ લિમિટેડે મ્યુચ્યુઅલ ફંડમાં ટ્રેડિંગની સુવિધા શરૂ કરીને ઇકવિટી માર્કેટમાં પ્રવેશ કર્યો છે. એક્સચેન્જ હવે તેની સાથે કૃષિ કોમોડિટીનાં ટ્રેડિંગમાં સંકળાયેલા ફાર્મર પ્રોડ્યુસ ઓર્ગેનાઇઝેશન્સ (એફપીઓ) મારફત ખેડૂતોને મ્યુચ્યુઅલ ફંડના રોકાણ સાથે જોડવાના પ્રયાસ કરશે. આ સાથે જ હાલમાં માત્ર દેશના ૩૦ શહેરો સુધી સિમીત રહેલા મ્યુચ્યુઅલ ફંડનું કાર્યક્ષેત્ર દેશના ૬૦૦થી વધારે જિલ્લા સુધી વિસ્તરશે. એફપીઓને મ્યુચ્યુઅલ ફંડ ડિસ્ટ્રિબ્યુટર્સ બનાવીને ખેડૂતોને એસ.આઈ.પી કે મ્યુચ્યુઅલ ફંડનાં રોકાણકાર બનાવામાં આવશે, એમ એક્સચેન્જે જણાવ્યું હતું.

એક્સચેન્જ ડેટા અનુસાર, શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ ૨૭૭.૪૮ કરોડ રૂપિયાના ઇક્વિટી ખરીદ્યા હતા. સતત ચાર મહિનાના વેચાણ પછી, વિદેશી રોકાણકારો જુલાઈમાં ભારતીય ઇક્વિટીના ચોખ્ખા ખરીદદારો બન્યા, જેમાં આકર્ષક મૂલ્યાંકન, કોર્પોરેટ કમાણીમાં સુધારો અને વૈશ્વિક અવરોધોને થોડ હળવા બન્યા હોવાથી રૂ. ૨૦,૨૦૦ કરોડનું રોકાણ થયું હતું. ગ્લોબલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ, ૪.૬૨ ટકા ઘટીને ૮૩.૮૮ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. ■

# ડૉલર ઈન્ડેક્સ નરમ પડતાં વૈશ્વિક સોના-ચાંદીમાં સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં આજે પશ્ચિમ એશિયામાં ભૂરાજકીય તણાવ હળવો થતાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેતાં લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોના અને ચાંદીના ભાવમાં સુધારો આવ્યો હોવાના પ્રોત્સાહક અહેવાલ હતા. જોકે, વિશ્વ બજારથી વિપરીત સ્થાનિક ઝવેરી બજારમાં આજે ખાસ કરીને ડૉલર સામે રૂપિયો મજબૂત થવાથી સોનામાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૦૨થી ૩૦૩નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૦૦૮નો ઘટાડો આવ્યો હતો. આમ આજે વિશ્વ બજારથી વિપરીત વલણ જોવા મળ્યું હતું.

આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ છતાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહ્યો હતો. તેમ જ ઔદ્યોગિક વપરાશકારોની માગ પણ ખપપૂરતી મર્યાદિત રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૦૦૮ના ઘટાડા સાથે રૂ. ૨,૧૭,૨૮૭ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ ખાસ કરીને રૂપિયો મજબૂત થવાને કારણે ભાવમાં વિશ્વ બજારથી વિપરીત વલણ રહ્યું હતું અને રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ પણ નિરસ રહેતાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૩૦૨ ઘટીને રૂ. ૧,૪૧,૯૮૬ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૩૦૩ના ઘટાડા સાથે રૂ. ૧,૪૨,૫૫૭ના મથાળે રહ્યા હતા.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૨ ટકા ઘટીને ઔંસદીઠ ૪૦૪૮.૮૪ ડૉલર અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૨ ટકા વધીને ૪૦૪૮.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ આગલા બંધ સામે ૦.૫ ટકા વધીને ઔંસદીઠ ૫૭.૯૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

ઈરાનના શાંતિ કરારના અનુરોધને ધ્યાનમાં ઈરાન પરનાં હુમલાઓ સ્થગિત રાખવામાં આવ્યા હોવાનું અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે જણાવતા સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગ ખૂલવાના આશાવાદે આજે વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં બેરલદીઠ ચાર ડૉલર જેટલો ઘટાડો આવ્યો હતો અને ડૉલર ઈન્ડેક્સ નબળો પડતાં સોનાના સુધારાને ટેકો મળ્યો હતો. ■

# ખાંડમાં ઉછાળા પશ્ચાત્ છૂટીછવાઈ નફારૂપી વેચવાલી રહેતાં મિશ્ર વલણ

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગત શનિવારે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં ભાવ ક્વિન્ટલે રૂ. ૨૫૦ જેટલા ઊછળી આવ્યા હતા અને વેપાર ક્વિન્ટલે રૂ. ૪૬૦૦થી ૪૬૫૦માં થયાના પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં ક્વિન્ટલે રૂ. ૧૧૦થી ૧૫૪નો ઉછાળો આવ્યો હતો. વધુમાં ઉત્તર પ્રદેશમાં પણ કાવડયાત્રાને કારણે પરિવહન ખોરવાઈ જવાની ભીતિ હેઠળ ઉત્તર પ્રદેશનાં મથકો પર પણ ખાંડના ભાવમાં મક્કમથી તેજીનું વલણ જળવાઈ રહ્યું હતું. આમ મથકો પરનાં પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં મિશ્ર વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ૫૦થી ૭૮ની આગેકૂચ જોવા મળી હતી. આ સિવાય આજે નાકા ડિલિવરી ધોરણે પણ ભાવમાં ક્વિન્ટલે રૂ. ૫૦થી ૧૦૦ની આગેકૂચ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં શનિવારના ઉછાળા બાદ નફારૂપી વેચવાલી રહેતાં ભાવમાં મિશ્ર વલણ રહ્યું હતું અને વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૨૪ના ઘટાડા અને ઉપલા મથાળેથી રૂ. ૧૪૦ના સુધારા સાથે રૂ. ૪૭૩૨થી ૪૮૨૨માં થયા હતા, મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૭૮ અને ઉપલા મથાળેથી રૂ. ૫૦ના સુધારા સાથે રૂ. ૪૮૩૦થી ૪૯૨૨માં થયા હતા.

# મથકો પાછળ સિંગતેલમાં ₹૧૦ની પીછેહઠ, આયાતી તેલમાં સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગુજરાતનાં મથકો પર આજે સિંગતેલમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ મર્યાદિત રહેતાં તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. ૨૦નો અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫નો ઘટાડો આવ્યાના અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં પણ સિંગતેલના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ ઘટી આવ્યા હતા, જ્યારે મથકો પાછળ કપાસિયા રિફાઈન્ડ અને સરસવમાં રૂ. ૧૫નો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૧૪ રિંગિટનો ઘટાડો આવ્યો હતો. જોકે, સ્થાનિકમાં ફરતા માલની ખેંચ અને ડાયરેક્ટ ડિલિવરી શરતે છૂટાછવાયા કામકાજો થતાં હાજરમાં આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચનો ધીમો સુધારો આવ્યો હતો.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિન અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૪૫૫ અને રૂ. ૧૭૬૦ તથા ઑગસ્ટ અને સપ્ટેમ્બર ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૬૫, પતંજલિ ફૂડ્સના સપ્ટેમ્બર ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૯૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૦૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૩૦, ઈમામીના સપ્ટેમ્બર ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૦ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૫, રિલાયન્સ રિટેલના આરબીડી પામોલિનના રૂ. ૧૪૫૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૪૦, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૬૦, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના સપ્ટેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૪૭૦ અને જી-વનના આરબીડી પામોલિન તથા સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૪૭૧ અને રૂ. ૧૪૭૫ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ છૂટાછવાયા વેપારો પણ ગોઠવાયાના અહેવાલ હતા. ■

# સતત છઠ્ઠા સત્રમાં ડૉલર સામે રૂપિયામાં આગેકૂચ, વધુ ૧૨ પૈસાનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ઈરાન પર હુમલાઓ અટકાવવાનો નિર્ણય લીધો હોવાના નિર્દેશો સાથે આજે વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં ઘટાડો અને ડૉલર ઈન્ડેક્સમાં પણ નરમાઈનું વલણ રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં સતત છઠ્ઠા સત્રમાં ડૉલર સામે રૂપિયામાં આગેકૂચ જળવાઈ રહી હતી અને વધુ ૧૨ પૈસાના સુધારા સાથે ૯૫.૩૧ના મથાળે બંધ રહ્યો હતો. વધુમાં આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં પણ સુધારો આગળ ધપ્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો. જોકે, આજે જાહેર થયેલો ગત જુલાઈ મહિનાના ઉત્પાદનનો એચએસબીસી ઈન્ડિયા મેન્યુફેક્ચરિંગ પર્ચેઝિંગ ઈન્ડેક્સ આગલા જૂન મહિનાના ૫૪.૨ સામે ઘટીને પાંચ વર્ષની લાંબાગાળાની સૌથી નીચી ૫૩.૫ની સપાટીએ રહ્યો હોવાના નિરુત્સાહી અહેવાલે રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૯૫.૪૩ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૯૫.૧૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૫.૩૪ અને ઉપરમાં ૯૫.૧૧ સુધી મજબૂત થયા બાદ અંતે આગલા બંધ સામે ૧૨ પૈસાના સુધારા સાથે ૯૫.૩૧ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગત શુક્રવારે ડૉલર સામે રૂપિયામાં સાત પૈસાનો સુધારો આવ્યો હતો.

ગત રવિવારે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે અગાઉ ઈરાન પર બીજા વિશ્વ યુદ્ધ પછીનો સૌથી મોટો હુમલો કરવાની યોજના હતી, પરંતુ આ યોજના પડતી મૂકવામાં આવી છે. આમ ટ્રમ્પે હુમલાની યોજના પડતી મૂકતાં આજે ક્રૂડતેલના ભાવમાં નોંધપાત્ર ઘટાડો થવાની સાથે ઈક્વિટી માર્કેટમાં પણ સુધારો જોવા મળતાં રૂપિયાની આગેકૂચને ટેકો મળ્યો હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવ્યું હતું. ■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ગુંદર | MAINTENANCE |
| ગુંબજ | ARROGANCE |
| ગુમાન | MARKET |
| ગુજરી | DOME |
| ગુજરાન | GUM |

### માતૃભાષાની મહેક

ભાષાની અનેક ખાસિયતોમાંની એક ખાસિયત એ છે કે એક જ શબ્દના અનેક પર્યાયવાચી શબ્દો ઉપલબ્ધ હોય છે. પાણી માટે જળ, નીર, સલિલ, અંબુ, તોયમ, ઉદક, પય, આબ વગેરે શબ્દો હાજર છે. તળાવ માટે જળાશય, કાસાર, સરોવર, પોખર, નવાણ વગેરેની નાનકડી ફોજ હાજર છે. લેખક પોતાની પસંદ પ્રમાણે એનો ઉપયોગ કરતા હોય છે.

### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ GYNOPHOBIA અનુભવે છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) ગગન બ) ગીત
ક) છોકરી ડ) પાણી

### ઈર્શાદ

આપણે એવી રમત રમવી
નથી જેમાં સતત,
અન્ય હારી જાય એવી કામના કરવી પડે.
– કિરણકુમાર ચૌહાણ

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | ૩ | | ૪ | ૫ | |
| | | | | ૬ | | ૭ | | | |
| | | ૮ | | | | ૯ | | | ૧૦ |
| ૧૧ | ૧૨ | | | ૧૩ | | | | | |
| | | | ૧૪ | | | | ૧૫ | ૧૬ | |
| ૧૭ | | | | | ૧૮ | | | | |
| | | | ૧૯ | | | | ૨૦ | | |
| ૨૧ | ૨૨ | | | | ૨૩ | | | | |
| | | | ૨૪ | ૨૫ | | | | | ૨૬ |
| ૨૭ | | | | | | ૨૮ | | | |

**આડી ચાવી**

૧. તારાઓનો ઝાંખો પ્રકાશ, ચાંદની (૪)
૪. ઉત્સાહ, હોંશ (૩)
૬. ઝંખના (૩)
૮. ગાંડો જુસ્સો (૩)
૯. શ્રાદ્ધ પક્ષ (૪)
૧૧. તવંગર, પૈસાદાર (૩)
૧૩. ગામડું (૩)
૧૪. ફરિયાદ (૨)
૧૫. હેત, સ્નેહ (૩)
૧૭. દશ વર્ષનો સમય (૩)
૧૮. હૃદય, મન (૨)
૧૯. જાણકાર, માહિતગાર (૩)
૨૦. એક રાશિ (૩)
૨૧. સાધુઓનું નિવાસસ્થાન (૪)
૨૩. સહાય, મદદ (૩)
૨૪. વચલું (૩)
૨૭. નાની છોકરી (૩)
૨૮. નવું ઉદય પામેલું (૪)

**ઊભી ચાવી**

૧. શુદ્ધ રૂપું (૨)
૨. તકરાર, ખેંચાખેંચી (૪)
૩. મિત્ર (૨)
૫. માંડવો (૩)
૬. કુબેર (૪)
૭. રોપેલું, વાવેલું (૩)
૧૦. ધીરજ (૩)
૧૨. ના ઉમેદ, આશાભંગ (૩)
૧૬. મશ્કરી (૩)
૧૭. દેખાડેલું (૩)
૧૮. એક ઘરના હોય તેવો ગાઢ સંબંધ (૪)
૧૯. મનુષ્ય (૩)
૨૦. દરિયામાંથી મોતી કાઢનાર (૪)
૨૨. પોલું (૩)
૨૫. ચિતા (૨)
૨૬. ધાબું, અગાશી (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ સાં | ૨ ગો | પાં | ૩ ગ | | ૪ ના | મ | ૫ શે | ૬ ષ |
| ૭ સ | ત્વ | ર | | ૮ મ | લિ | કા | | ૯ વા | ટ |
| ૧૦ ના | ન | પ | | તું | | મ | | લ | |
| ત | | ૧૧ હું | દ | | ૧૨ મા | યા | ળુ | | |
| ૧૩ ન | ૧૪ વ | | | ૧૫ ઘી | | બ | | ૧૬ અં | |
| | સુ | | ૧૭ ચા | | ૧૮ મા | | | ૧૯ શુ | ૨૦ ભ |
| | | ૨૧ પ | લ | ક | | ૨૨ શ્વે | ૨૩ ત | | લા |
| | ૨૪ ખ | | ચ | | ૨૫ સ | | ૨૬ ર | ૨૭ હે | મ |
| ૨૮ મો | લ | | ૨૯ લ | વા | રો | | ૩૦ કા | ર | ણ |
| ૩૧ જ | વા | ર | ણ | | ૩૨ જ | ર્જ | રિ | ત | |

### ઓળખાણ પડી?

દેખાવમાં કોથમીર જેવી લાગતી વસ્તુની ઓળખાણ પડી? કોથમીરની અવેજીમાં એનો ઉપયોગ ખાદ્ય પદાર્થમાં થાય છે.



અ) લેટસ બ) પાર્સલી ક) બ્રોકલી ડ) સોરેલ

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'દેવી, પધારો નિજ મંદિરે' પંક્તિમાં નિજ શબ્દનો અર્થ જણાવો.

અ) નવા બ) મનોહર ક) પોતાના ડ) અલાયદા

### માઈન્ડ ગેમ

સમ્રાટ કનિષ્કના સમયકાળમાં બાંધવામાં આવેલો ભારતના સૌથી જૂના કિલ્લા પૈકી એક બઠિંડા કિલ્લો કયા રાજ્યમાં છે?

અ) બિહાર બ) પશ્ચિમ બંગાળ ક) પંજાબ ડ) મધ્ય પ્રદેશ

### સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૯ | ૮ | | ૫ | ૬ | | ૭ |
| ૮ | | | | ૭ | | | | ૧ |
| | | | | | | | | |
| | ૯ | ૭ | ૬ | | ૨ | ૪ | ૧ | |
| | ૨ | ૪ | | | | ૮ | ૭ | |
| | ૧ | ૮ | ૭ | | ૪ | ૯ | ૩ | |
| | | | | | | | | |
| ૭ | | | | ૬ | | | | ૮ |
| ૪ | | ૨ | ૫ | | ૮ | ૭ | | ૩ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ.

### સુડોકુ-ગયા વખતનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૨ | ૧ | ૫ | ૯ | ૩ | ૬ | ૪ | ૭ |
| ૬ | ૯ | ૪ | ૮ | ૨ | ૭ | ૧ | ૩ | ૫ |
| ૩ | ૭ | ૫ | ૪ | ૬ | ૧ | ૨ | ૯ | ૮ |
| ૯ | ૬ | ૩ | ૭ | ૪ | ૨ | ૫ | ૮ | ૧ |
| ૫ | ૮ | ૨ | ૩ | ૧ | ૬ | ૯ | ૭ | ૪ |
| ૧ | ૪ | ૭ | ૯ | ૮ | ૫ | ૩ | ૬ | ૨ |
| ૨ | ૫ | ૯ | ૬ | ૭ | ૮ | ૪ | ૧ | ૩ |
| ૭ | ૧ | ૬ | ૨ | ૩ | ૪ | ૮ | ૫ | ૯ |
| ૪ | ૩ | ૮ | ૧ | ૫ | ૯ | ૭ | ૨ | ૬ |

### ગયા મંગળવારના જવાબ

| A | B |
|---|---|
| ગુંગું | DUMB |
| ગુંજન | HUMMING |
| ગુંજાશ | CAPACITY |
| ગુંઠો | LAND MEASURE |
| ગુંડો | RUFFIAN |

**ગુજરાત મોરી મોરી રે:** મુસાફરી

**ઓળખાણ પડી?** રાયણ

**માઈન્ડ ગેમ :** અમૃતસર

**ચતુર આપો જવાબ અર્થ જણાવો:** આકાશ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ભારતી બુચ (૩) મુલરાજ કપૂર (૪) ડો. પ્રકાશ કટકિયા (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) ભરત કજારિયા (૭) હરિહર ભટ્ટ (૮) વિપિન શાહ (૯) નૂતન વિપિન શાહ (૧૦) ખુશરૂ કાપડીયા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) પ્રવીણ વોરા (૧૩) લજિતા ખોના (૧૪) જયોતિ ખાંડવાલા (૧૫) મીનળ કાપડિયા (૧૬) મહેશ સંઘવી (૧૭) ભાવના કર્વે (૧૮) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૯) નિખિલ બેંગાલી (૨૦) અમિષી બેંગાલી (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) કમલ મટાલિયા (૨૪) નંદુભાઈ એ. ગોટી (૨૫) વિના સંપટ (૨૬) દેવેન્દ્ર સંપટ (૨૭) જયવંત પદમશી ચિખલ (૨૮) અંજુ ટોલિયા (૨૯) ડાયના સંતોકે (૩૦) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૧) અલકા વાણી (૩૨) નીતીન જયંતીલાલ બજારિયા (૩૩) ધીરેન્દ્ર ઉદ્દેશી (૩૪) રસિક જુઠાણી (ટોરન્ટો-કેનેડા) (૩૫) તાહેર ઔરંગાબાદવાલા (૩૬) શીરીન ઔરંગાબાદવાલા (૩૭) અબ્દુલ્લા એફ.મુનીમ (૩૮) નીતા દેસાઈ (૩૯) પુષ્પા પટેલ (૪૦) મહેશ દોશી (૪૧) સુભાષ મોમાયા (૪૨) નયના ગિરીશ મિસ્ત્રી (૪૩) પ્રતિમા પમાણી (૪૪) ભામિની સંપટ (૪૫) રમેશ દલાલ (૪૬) હિના દલાલ (૪૭) જયોત્સના ગાંધી (૪૮) ઈનાક્ષી દલાલ.

# બીએમસીની શૈક્ષણિક પિકનિક વિવાદમાં: ૮૭ લાખના કૉન્ટ્રેક્ટ સામે પ્રશ્નાર્થ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર સહિતના છ અગ્રણી નેતાઓ માટે લગભગ અઢી કરોડના ખર્ચે નવું વાહન લેવાનો વિવાદ હજી શમ્યો નથી ત્યા હવે મુંબઈ મહાનગરપાલિકા સંચાલિત સ્કૂલના વિદ્યાર્થીઓ માટે વરલીના નહેરુ સેન્ટરમાં પિકનિકનું આયોજન કરવા માટે ટેન્ડર બહાર પાડયા વગર બારોબર કૉન્ટ્રેક્ટરને ૮૭ લાખનો કૉન્ટ્રેક્ટ આપવા સામે વિરોધપક્ષે ભારે વિરોધ નોંધાવીને સત્તાધારીઓના મનમાનીભર્યા વલણ સામે વિરોધ દર્શાવ્યો છે.

મુંબઈ મહાનગરપાલિકાની સ્કૂલના આઠમા ધોરણના વિદ્યાર્થીઓ માટે વરલીના નહેરુ સેન્ટરમાં પિકનિકનું આયોજન કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓને મફતમાં લઈ જવામાં આવનારી આ શૈક્ષણિક પિકનિકનો પ્રસ્તાવ સ્થાયી સમિતિમાં મંજૂરી માટે આવ્યો છે. જોકે પિકનિક માટે કરવામાં આવનારા ખર્ચ સામે વિરોધપક્ષે પ્રશાસનની કામગીરી સામે સવાલ ઉપસ્થિત કર્યા છે.

પાલિકા પ્રશાસન દ્વારા સ્થાયી સમિતિમાં ૮૭ લાખ રૂપિયાનો પ્રસ્તાવ મંજૂરી માટે આવવાનો છે, જોકે વિદ્યાર્થીઓને મફત શૈક્ષણિક પ્રવાસ માટે વરલી સ્થિત નહેરુ સેન્ટર લઈ જવા પાછળ થનારા અધધ ખર્ચને જોતા વિરોધપક્ષે ખર્ચ અને કરાર પ્રક્રિયા પર પ્રશ્નો ઉઠાવ્યા છે. પ્રશાસને આ શૈક્ષણિક પ્રવાસ દરમ્યાન વિદ્યાર્થીઓ માટે નાસ્તા અને ભોજનની વ્યવસ્થા માટે કૉન્ટ્રેક્ટરને (ફૂડલિંક) લગભગ ૮૭ લાખ રૂપિયાનો સીધો કરાર આપવાનો પ્રસ્તાવ તૈયાર કર્યો છે. વિપક્ષે આ મુદ્દા પર વાંધો ઉઠાવ્યો છે અને આરોપ લગાવ્યો છે કે ટેન્ડર પ્રક્રિયાને બાજુએ રાખીને સીધો કૉન્ટ્રેક્ટ આપવાનું કારણ શું ?

પ્રશાસનના જણાવ્યા મુજબ નહેરુ સેન્ટર વિસ્તારમાં કેટરિંગ સેવાઓ પૂરી પાડવાનો અધિકાર ફક્ત ફૂડલિંક કંપની પાસે હોવાથી ઓપન ટેન્ડર પ્રક્રિયા કર્યા વિના સીધો જ કૉન્ટ્રેક્ટ આપવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. મુંબઈ મ્યુનિસિપલ કૉર્પોરેશન એક્ટ મુજબ ત્રણ લાખ રૂપિયાથી વધુના કામો માટે ટેન્ડર પ્રક્રિયા જરૂરી છે. જોકે આ પ્રકરણમાં આ શરત હળવી કરવા માટે શિક્ષણ સમિતિને એક અલગ પ્રસ્તાવ મોકલવામાં આવ્યો છે. તેથી ટેન્ડર નિયમોમાં છૂટછાટ આપવાના નિર્ણય પર પણ પ્રશ્ન ઊભા થઈ રહ્યા છે.

આ પ્રસ્તાવ સ્થાયી સમિતિ અને શિક્ષણ સમિતિ સમક્ષ અંતિમ મંજૂરી માટે રજૂ કરવામાં આવ્યો છે. સમિતિઓની મંજૂરી મળ્યા પછી જ પિકનિકનું આયોજન અંતિમ સ્વરૂપમાં કરવામાં આવશે. ■

# જુલાઈના મુશળધાર વરસાદમાં જળાશયો છલકાઈ ગયા

## ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે પાણી વધુ: પાણીકાપ ઉઠાવવાનો નિર્ણય ટૂંકમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈને પાણીપુરવઠા કરનારા જળાશયોમાં જુલાઈ મહિનામાં પડેલા મુશળધાર વરસાદને પગલે ૯૦ ટકાથી વધુ પાણી જમા થઈ ગયું છે, જે ગયા વર્ષ કરતા પણ વધુ છે. તેથી મુંબઈગરા પર મે મહિનામાં લાગુ કરવામાં આવેલો ૧૦ ટકા પાણીકાપ કદાચિત પાછો ખેંચી લેવા બાબતે બહુ જલદી નિર્ણય લેવામાં આવે એવી શક્યતા છે.

જૂન મહિનામાં ચોમાસાનું આગમન બહુ મોડું થયું હતું. તેથી જૂન દરમ્યાન જળાશયોમાં પાણી લગભગ તળિયા પર આવી ગયું હતું. જોકે જુલાઈ મહિનામાં પડેલા મુશળધાર વરસાદને પગલે મોટાભાગના જળાશયો છલકઈ ગયા હતા અને જુલાઈના અંતમાં જળાશયોમાં પાણીનું સ્તર ૮૯.૮ ટકા નોંધાયું હતું. આ દરમ્યાન ઑગસ્ટ મહિનાના પહેલા બે દિવસમાં જ જળાશયોના કેચમેન્ટ એરિયામાં સારો એવો વરસાદ પડતાં સોમવાર, ત્રણ ઑગસ્ટના જળાશયમાં ૧૩,૦૬,૫૦૦ મિલ્યન એટલે કે ૯૦.૦૬ ટકા પાણી જમા થઈ ગયું છે, જે ગયા વર્ષ કરતા પણ વધુ છે. ગયા વર્ષે આ જ સમયે જળાશયોમાં ૮૯.૦૯ ટકા એટલે કે ૧૨,૮૯,૪૫૫ મિલ્યન લિટર જેટલું પાણી હતું. તો ૨૦૨૪ની સાલમાં જળાશયોમાં ૧૧,૮૬,૧૯૭ મિલ્યન લિટર એટલે કે ૮૧.૯૬ ટકા પાણી હતું. જળાશયોમાં છેલ્લા બે વર્ષની સરખામણીમાં પાણીનું સ્તર વધુ છે અને ચોમાસાના હજી બે મહિના બાકી છે. પાલિકાના પાણીપુરવઠા વિભાગના અધિકારીના કહેવા મુજબ જુલાઈમાં પડેલા મુશળધાર વરસાદથી જળાશયોમાં લગભગ છલકાઈ ગયા છે. છતાં હજી થોડી રાહ જોયા બાદ ૧૦ ટકા પાણીકાપ પાછો ખેંચવા બાબતે નિર્ણય લેવામાં આવશે. અલ નિનોની અસર હેઠળ ઑગસ્ટ અને સપ્ટેમ્બરમાં ઓછા વરસાદની શક્યતા છે. તેથી પાણીકાપ પાછો ખેંચવા બાબતે બહુ ઉતાવળ કરવા માગતા નથી. છતાં આગામી દિવસોમાં વરસાદ કેવો રહે છે તેના આધારે પાણીકાપ પાછો ખેંચવા બાબતે પ્રશાસન નિર્ણય લેશે. ■

# ૧૦૦% પાલન છતાં રેસ્ટૉરાંનું લાઇસન્સ પુનસ્થાપિત ન કર્યું: હાઈ કોર્ટે એફડીએની ઝાટકણી કાઢી

મુંબઈ : નવી મુંબઈ સ્થિત એક બાર અને રેસ્ટોરન્ટની પુનઃતપાસમાં તમામ નિયમોનું ૧૦૦ ટકા પાલન થતું હોવાનું જણાયા છતાં તેના લાઇસન્સના સસ્પેન્શનનો આદેશ રદ ન કરવા બદલ મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) ફરી એકવાર બોમ્બે હાઈ કોર્ટની નારાજગીનો ભોગ બન્યું હતું. કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ રવિન્દ્ર ઘુગે અને ન્યાયાધીશ ગૌતમ અંખડની ખંડપીઠે જણાવ્યું હતું કે રેસ્ટોરન્ટના માલિકને થયેલા નુકસાન બદલ તેઓ વિભાગ પર ખર્ચ (દંડ) લાદવાનું વિચારી રહી છે અને લાઇસન્સ સ્થગિત કરવાનો આદેશ રદ કર્યો હતો.

એફડીએ દ્વારા ખાણીપીણીના સ્થળો સામે પસંદગીયુક્ત કાર્યવાહી કરવા અને 'મંત્રાલય'ની કેન્ટીનો સામે પગલાં લેવામાં નિષ્ફળ રહેવા બદલ એજન્સીની ઝાટકણી કાઢ્યાના થોડા દિવસો બાદ કોર્ટે ફરી એકવાર ઠપકો આપ્યો છે. બેંચ નવી મુંબઈના બેલાપુર સ્થિત 'હોટેલ પવન બાર એન્ડ રેસ્ટોરન્ટ' દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરી રહી હતી, જેમાં એફડીએની કાર્યવાહીને પડકારવામાં આવી હતી. ■



**પ્લાસ્ટિક સર્જરી:** મુંબઈમાં પડી રહેલા સતત વરસાદને પગલે ઝૂંપડપટ્ટીઓ પર તાડપત્રી જોવા મળે તે સામાન્ય બાબત છે, પરંતુ હવે તો મુંબઈની ઊંચી ઈમારતો પર પણ પ્લાસ્ટિકના આવરણ નાખવામાં આવી રહ્યા છે. વરસાદનું પાણી દીવાલોમાં ઊતરીને ઈમારતને નુકસાન ન કરે અને દીવાલો ભીની ન થાય તે માટે રહેવાસીઓએ આ ઉપાય અપનાવ્યો છે. (અમય ખરાડે)

# આપણી પાસે ગાંધીજી છે, બાંગ્લાદેશ કે નેપાળ પાસેથી પ્રેરણા લેવાની જરૂર નથી: દીપકે

છત્રપતિ સંભાજી નગર: કોકરોચ જનતા પાર્ટી (સીજેપીના) સ્થાપક અભિજિત દીપકેએ સોમવારે કહ્યું હતું કે વિશ્વને પ્રેરણા આપતા મહાત્મા ગાંધીનો વારસો ભારત પાસે છે ત્યારે વિદ્યાર્થી વિરોધીઓએ બાંગ્લાદેશ કે નેપાળ પાસેથી પ્રેરણા લેવાની જરૂર નથી. મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજી નગર સ્થિત તેમના ઘરે પીટીઆઈને આપેલા ઇન્ટરવ્યૂમાં દીપકેએ સીજેપીની વિસ્તરણ યોજનાઓ, આત્મહત્યા કરી મૃત્યુ પામેલા 'નીટ' ઉમેદવારોના પરિવારને વળતર અને ભારતમાં શિક્ષણની સ્થિતિ પર આરોપો કરવા વિશે પણ વાત કરી હતી. દીપકેએ પરીક્ષાની ગેરરીતિ સામે સીજેપીના દિલ્હી વિરોધ અને શેખ હસીનાના અવામી લીગ શાસનને હાંકી કાઢનારા ૨૦૨૪ના આંદોલન વચ્ચે સમાનતા દર્શાવનારી દેશનિકાલ બાંગ્લાદેશ લેખિકા તસ્લીમા નસરીનની ટિપ્પણીઓને પણ દીપકેએ ફગાવી દીધી હતી. દીપકેએ દલીલ કરી હતી કે 'બાંગ્લાદેશ અને નેપાળમાં થઈ રહેલા વિરોધ પ્રદર્શનોનો ઉપયોગ અમને બદનામ કરવા માટે થઈ રહ્યો છે. અમારી રીત અલગ છે. દિલ્હીમાં તાજેતરના વિરોધ પ્રદર્શન દરમિયાન અમે બંધારણને અનુસરી શાંતિપૂર્ણ રીતે દેખાવ કર્યા હતા. બાંગ્લાદેશ અને નેપાળમાં થયેલા વિરોધ પ્રદર્શનોની સમાનતાઓનો ઉપયોગ અમને બદનામ કરવા માટે કરવામાં આવી રહ્યો છે. આપણી પાસે મહાત્મા ગાંધી છે જેમની પાસેથી દુનિયા વિરોધ કરવાની પ્રેરણા લે છે. આપણે બાંગ્લાદેશ કે નેપાળ પાસેથી પ્રેરણા લેવાની જરૂર નથી.'

તેમણે વધુમાં જણાવ્યું હતું 'લોકો બાંગ્લાદેશ અને નેપાળના વિરોધ પ્રદર્શનો વિશે વાત કરી રહ્યા છે કારણ કે પોલીસની બર્બરતાએ તેમને તે દેશોનાં દ્રશ્યોની યાદ અપાવી હશે. ભારતના વિદ્યાર્થીઓ હિંસક કે આક્રમક નહોતા. તેમના માથા, હાથ અને પગ તોડી નાખવામાં આવ્યા હતા, પરંતુ સંયમ રાખી તેઓ જંતર-મંતર પર શાંતિથી બેઠા હતા.' સીજેપીના સ્થાપકે વધુમાં જણાવ્યું હતું કે દરેક ચૂંટણીમાં શિક્ષણ મુખ્ય એજન્ડા હોવો જોઈએ. જો તમે ચૂંટણીમાં શિક્ષણને મુખ્ય એજન્ડા નહીં બનાવો, તો તેનો અર્થ એ કે તમે ભવિષ્ય વિશે વિચારી રહ્યા નથી. શિક્ષણ એ દેશના ભવિષ્ય માટેનું રોકાણ છે.

આત્મહત્યાથી મૃત્યુ પામેલા 'નીટ' પરીક્ષાના ઉમેદવારોના પરિવારોને વળતરમાં વિલંબ બદલ સરકારની ટીકા કરી દીપકેએ જણાવ્યું હતું કે તેમની પાસે (શાસક પક્ષ) રાતોરાત (રાજ્ય) સરકાર પાડી દેવા માટે પૈસા છે. (પીટીઆઈ)■

# પીએમ ડિગ્રી બતાવશે તો જ હું સ્કોલરશિપ બતાવીશ: દીપકે

છત્રપતિ સંભાજી નગર: કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)ના સ્થાપક અભિજિત દીપકેએ સોમવારે કહ્યું હતું કે જો વડા પ્રધાન નરેન્દ્ર મોદી તેમની ડિગ્રી જાહેરમાં દેખાડશે તો તેઓ યુએસ શિક્ષણ માટે તેમના શિષ્યવૃત્તિ (સ્કોલરશિપ) અને લોન મંજૂરીના કાગળિયા બતાવવા તૈયાર છે. સુરત સ્થિત આરટીઆઈ કાર્યકર્તાએ પુત્રને વિદેશ ભણવા મોકલનારા નિવૃત્ત સરકારી કર્મચારી દીપકેના પિતાશ્રીના નાણાકીય બાબતોની તપાસની માગ કરી હતી. દીપકેની ટિપ્પણી મોદીની ડિગ્રીઓની અધિકૃતતા ચકાસવા માટે યુનિવર્સિટી રજિસ્ટ્રીઓની સત્તાવાર ચકાસણી અને જાહેર ચકાસણીની માગણી કરતા કાર્યકરો અને રાજકીય વિરોધીઓના જવાબમાં હતી. દીપકેએ વધુમાં જણાવ્યું હતું કે તેણે બોસ્ટન યુનિવર્સિટી તરફથી મળેલી સ્કોલરશિપ અને શિક્ષણ લોનથી મળેલા પૈસાથી યુએસ શિક્ષણ માટે ચુકવણી કરી હતી. તેણે બોસ્ટન યુનિવર્સિટીના કોલેજ ઓફ કોમ્યુનિકેશનમાંથી પબ્લિક રિલેશન્સમાં પોસ્ટ ગ્રેજ્યુએટની ડિગ્રી મેળવી છે. (પીટીઆઈ)■

# ફડણવીસને કેન્દ્રીય શિક્ષણ પ્રધાન બનાવવા આરએસએસ-ભાજપ ઉત્સુક: સપકાળ

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને દિલ્હી ખસેડવા માટે ભારતીય જનતા પક્ષમાં પ્રયાસો ચાલી રહ્યા હોવાનું કૉંગ્રેસના વરિષ્ઠ નેતા અને પાર્ટીના રાજ્ય એકમના વડા હર્ષવર્ધન સપકાળે સોમવારે જણાવ્યું હતું. ભાજપ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની તીવ્ર ઈચ્છા છે કે તેમના વૈચારિક એજેન્ડાને ફડણવીસ અમલમાં મૂકે એવો દાવો કરી સપકાળે વધુમાં જણાવ્યું હતું કે કે ફડણવીસને કેન્દ્રીય શિક્ષણ પ્રધાન બનાવવા વિચારણા થઈ રહી છે. મહારાષ્ટ્રમાં ત્રિભાષા નીતિ અને હિન્દી અંગેનો વિવાદ એક વ્યાપક રાજકીય એજન્ડાનો જ પ્રકાર હતો. મહારાષ્ટ્ર કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા પછી ફડણવીસ રાષ્ટ્રીય રાજકારણમાં પ્રવેશવાની અટકળો જોરશોરથી ચાલી રહી છે એવા સમયે કૉંગ્રેસના નેતાની ટિપ્પણી આવી છે.

યોગાનુયોગ ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપ્યું એ જ દિવસે પચીસ જુલાઈએ ફડણવીસ દિલ્હી ગયા હતા અને નાગપુર પાછા ફર્યા હતા. એટલે આવી ચર્ચાને વધુ વેગ મળ્યો. ફડણવીસે આ અટકળો પર ધ્યાન નથી આપ્યું. દિલ્હી મુલાકાત વિશે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે 'આજે, હું નાગપુરમાં છું, સાંજે મુંબઈ જઈશ. હું ફક્ત મુંબઈ અને મહારાષ્ટ્રમાં જ છું.' (પીટીઆઈ)■

# શરદ પવારના વિશ્વાસુ નેતા દિલ્હીમાં અમિત શાહને મળ્યા!

મુંબઈ: રાજ્યના રાજકારણમાં મોટી હલચલ જોવા મળી રહી છે. ઠાકરેના છ સાંસદોએ બળવો કર્યા પછી તેમના ધારાસભ્યો પણ શિંદે જૂથમાં જોડાશે તેવો દાવો થઈ રહ્યો છે. બીજી તરફ, શરદ પવારની પાર્ટી એનડીએ માં જોડાશે તેવી ચર્ચાઓ વચ્ચે પવારની પાર્ટીના નેતાઓની દિલ્હીની મુલાકાતો વધી ગઈ છે. આ બધાની વચ્ચે, હવે શરદ પવારના ખૂબ જ નજીકના ગણાતા એક સાંસદે કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ સાથે મુલાકાત કરી હતી. આ સાંસદે એક પત્રના માધ્યમથી કેટલીક માગણીઓ કરી છે.

મળેલી માહિતી મુજબ, શરદ પવારની પાર્ટીના નેતા અને બીડના સાંસદ બજરંગ સોનવણેએ દિલ્હીમાં અમિત શાહ સાથે મુલાકાત કરી હતી. આ બેઠકમાં કયા વિષયો પર ચર્ચા થઈ તે હજુ સામે આવ્યું નથી. પરંતુ એવું કહેવાય રહ્યું છે કે બજરંગ સોનવણેએ આ મુલાકાત દરમિયાન બીડ જિલ્લાના વિવિધ પ્રશ્નો અમિત શાહ સમક્ષ રજૂ કર્યા હતા. આ પહેલા પવારની પાર્ટીના નેતા અને સાંસદ સુપ્રિયા સુલેએ પણ દિલ્હીમાં જ અમિત શાહ સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાત વખતે સુપ્રિયા સુલેની સાથે બજરંગ સોનવણે પણ હાજર હતા. સુલેની આ મુલાકાતની પણ મહારાષ્ટ્રના રાજકારણમાં ખૂબ ચર્ચા થઈ હતી. આ ઉપરાંત, સુપ્રિયા સુલે અને શરદ પવારે થોડા દિવસો પહેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે પણ મુલાકાત કરી હતી. આ તમામ મુલાકાતોની પૃષ્ઠભૂમિમાં કંઈક મોટું થવાનું હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે.

સામે આવેલી માહિતી મુજબ, સાંસદ બજરંગ સોનવણેએ અમિત શાહ સાથે મુલાકાત કરીને બીડ જિલ્લાની કાયદો અને વ્યવસ્થા અંગે એક પત્ર આપ્યો છે. આ પત્રમાં બીડ જિલ્લા જેલમાં કેદીઓને મોબાઈલ ફોન અને ગેરકાયદેસર સુવિધાઓ આપવાના ગંભીર આક્ષેપો સાથે ઉચ્ચ સ્તરીય તપાસની માગ કરવામાં આવી છે. જેલ પ્રશાસનના કેટલાક અધિકારીઓ શંકાના દાયરામાં હોવાથી, મહારાષ્ટ્ર સરકાર આ અંગે સ્વતંત્ર તપાસ કરાવે અને દોષિતો સામે કડક કાનૂની કાર્યવાહી કરે તેવી માગ સોનવણેએ કરી હતી. ■

# ગડકરીના નાગપુરસ્થિત ઘર બહાર કૉંગ્રેસ કાર્યકરોનો વિરોધ

નાગપુર : સોમવારે નાગપુરમાં યુથ કૉંગ્રેસના કાર્યકરોએ ઈ-૨૦ ઈંધણના મુદ્દે વિરોધ પ્રદર્શન કર્યું હતું અને કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીના નિવાસસ્થાનનો 'ઘેરાવ' કરવા માટે ત્યાં સુધી કૂચ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પોલીસે તેમને અટકાવ્યા હતા.

અહીંના મહાલ વિસ્તારમાં આવેલા ચિટનીવિસ પાર્ક સ્કવેરથી લઈને ગડકરીના ખાનગી નિવાસસ્થાન સુધી આ 'મોરચા'નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં યુથ કૉંગ્રેસના કાર્યકરોએ ઈ-૨૦ ઈંધણની અવ્યવહારુતા અંગે સૂત્રોચ્ચાર કર્યા હતા. કેન્દ્રીય પ્રધાનના ઘર નજીક ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો અને રસ્તા પર બેરિકેડ્સ પણ મૂકવામાં આવ્યા હતા, તેમ છતાં પ્રદર્શનકારીઓએ આગળ વધવા માટે તેના પર ચઢવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે, કૉંગ્રેસના અનેક કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી. કૉંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે સોમવારે જણાવ્યું હતું કે ગડકરીનો દાવો છે કે વર્ષોના વૈજ્ઞાનિક પરીક્ષણ બાદ ઈ-૨૦ રજૂ કરવામાં આવ્યું છે અને વાહનોને વ્યાપક નુકસાન થયાનો કોઈ પુરાવો નથી. પરંતુ છેલ્લા ઘણા મહિનાઓથી દેશભરમાં ગ્રાહકો અને મિકેનિક્સ દ્વારા માઈલેજમાં ઘટાડો; એન્જિનની કામગીરીને લગતી સમસ્યાઓ જોવા મળી રહી છે, તેમ રમેશે 'એક્સ' પર જણાવ્યું હતું.

મુંબઈમાં પત્રકાર પરિષદને સંબોધતા મહારાષ્ટ્ર કૉંગ્રેસના પ્રમુખ હર્ષવર્ધન સપકાળે ગડકરીના રાજીનામાની માગ કરી, આક્ષેપ કર્યો હતો કે ઈ-૨૦ પેટ્રોલનો અમલ એ એક ''મોટું કૌભાંડ'' છે. તેમણે વધુમાં કહ્યું કે, પેટ્રોલના ભાવે ભેળસેળયુક્ત ઈંધણ આપીને ગ્રાહકો સાથે ''છેતરપિંડી'' કરવામાં આવી હોવાથી વડા પ્રધાન મોદીએ દેશની માફી માગવી જોઈએ. (પીટીઆઈ)■

# ભુજબળ સાહેબને પાલક પ્રધાન બનાવો, નાશિકને ખાડામાંથી બહાર કાઢો: કૉંગ્રેસ

નાશિક: નાશિક શહેરના રસ્તા પરના ખાડાના પ્રશ્ને ફરી એકવાર રાજકારણ ગરમાયું છે. રાષ્ટ્રવાદી યુવક કૉંગ્રેસે શહેરમાં મોટા હોર્ડિંગ્સ લગાવીને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ પાસે છગન ભુજબળને નાશિકના પાલકપ્રધાન તરીકે નિમણૂક કરવાની માગ કરી હતી. હોર્ડિંગ્સ પર લખવામાં આવ્યું છે કે, 'દત્તક નાશિકના પાલક મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સાહેબ, ભુજબળ સાહેબને પાલકપ્રધાન બનાવીને નાશિકવાસીઓને ખાડામાંથી બહાર કાઢો, આ સામાન્ય નાશિકવાસીઓના મનની ભાવના છે.' શહેરમાં આવા હોર્ડિંગ્સ લાગવાને કારણે રાજકીય ચર્ચાઓએ જોર પકડ્યું છે.

છેલ્લા કેટલાક દિવસોથી, નાશિકના ખાડાના મુદ્દે પ્રધાન છગન ભુજબળે કુંભમેળા પ્રધાન ગિરીશ મહાજનને જવાબદારી યાદ અપાવ્યા બાદ, મહાજને આગામી ૮ થી ૧૦ દિવસમાં રસ્તા ખાડા મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો. આ વિવાદ વચ્ચે હવે રાષ્ટ્રવાદી યુવક કૉંગ્રેસે ભુજબળને નાશિકના પાલક પ્રધાન બનાવવાની રાજકીય માંગ આગળ ધરી છે.

રાષ્ટ્રવાદી યુવક કૉંગ્રેસના નાશિક શહેર પ્રમુખ અંબાદાસ ખૈરેએ આ ઝુંબેશ પાછળની ભૂમિકા સ્પષ્ટ કરતાં જણાવ્યું કે, મુખ્ય પ્રધાન ફડણવીસે અગાઉ નાસિકને દત્તક લેવાની જાહેરાત કરી હતી, તેથી જ અમે તેમની પાસે આ માગણી કરી છે. નાશિકના પાલકપ્રધાનનું પદ હાલ ખાલી હોવાથી, નાશિકની સમજ ધરાવતા અને સ્થાનિક ભૂમિપુત્ર એવા છગન ભુજબળની પાલકપ્રધાન તરીકે નિમણૂક કરવામાં આવે. હોર્ડિંગ્સ દ્વારા સામાન્ય નાશિકવાસીઓની લાગણી મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાની પ્રતિક્રિયા તેમણે આપી હતી. ■

## દિશા સાલિયન કેસ

# જો પિતાને શંકા હતી, તો પોલીસે એફઆઈઆર કેમ ન નોંધી?: હાઈ કોર્ટે

મુંબઈ : ૨૦૨૦માં સેલિબ્રિટી મેનેજર દિશા સાલિયનના મૃત્યુ અંગે તેના પિતાએ શંકા વ્યક્ત કરી હતી, તો પોલીસે તેના મૃત્યુની તપાસ કેમ ન કરી? એવો સવાલ બોમ્બે હાઈ કોર્ટે સોમવારે કર્યો હતો.

ન્યાયમૂર્તિ ભારતી ડાંગરે અને મંજૂષા દેશપાંડેની બેન્ચે એ પણ પૂછ્યું હતું કે પોસ્ટમોર્ટમ રિપોર્ટ મુજબ, આટલી ઊંચાઈએથી પડવા છતાં પીડિતાના શરીરે કોઈ ઈજા કેમ જોવા મળી નહોતી.

મુંબઈના મલાડ વિસ્તારમાં આવેલી એક રહેણાંક ઈમારતના ૧૪મા માળેથી નીચે પડવાને કારણે ૮ જૂન, ૨૦૨૦ના રોજ દિશા સાલિયાનનું મૃત્યુ થયું હતું. શહેરની પોલીસે આ મામલે 'એક્સિડેન્ટલ ડેથ રિપોર્ટ' (એડીઆર) નોંધી, તેનું મૃત્યુ આત્મહત્યાને કારણે થયાનો દાવો કર્યો હતો, પરંતુ તેના પિતા સતીશ સાલિયાને ગયા વર્ષે હાઈ કોર્ટમાં અરજી દાખલ કરીને આરોપ મૂક્યો હતો કે તેમની પુત્રી પર સામૂહિક બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો અને તેની હત્યા કરવામાં આવી હતી. તેમણે સીબીઆઈ તપાસ અને શિવસેના (યુબીટી)ના ધારાસભ્ય આદિત્ય ઠાકરે વિરુદ્ધ એફઆઈઆર નોંધવાની માગ કરી હતી. સોમવારે આ અરજી પર સુનાવણી દરમિયાન કોર્ટે જાણવા માગ્યું હતું કે આ કેસને માત્ર 'આકસ્મિક મૃત્યુ'ની તપાસ તરીકે ગણવાને બદલે શા માટે કોઈ એફઆઈઆર નોંધવામાં આવી નહોતી. સરકારી વકીલ શિશિર હિરાયે કોર્ટને જણાવ્યું કે, બે વાર તપાસ કરવામાં આવી હતી અને બંને વખતે આત્મહત્યાનો મામલો હોવાનો નિષ્કર્ષ નીકળ્યો હતો.

જો કે,સતીશ સાલિયનના વકીલ નિલેશ ઓઝાએ આક્ષેપ કર્યો હતો કે પોલીસે તેમને બતાવેલા શરૂઆતના ફોટોગ્રાફ્સમાં આવી કોઈ ઈજાઓ દેખાતી નહોતી. ■

# એનસીપી અજિત પવાર જૂથની મુશ્કેલીઓ વધી?

મુંબઈ: કેન્દ્રીય ચૂંટણી પંચે રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટીને એક પત્ર મોકલ્યો હતો. તેમાં ચૂંટણી પંચે જણાવ્યું હતું કે, ૨૬ ફેબ્રુઆરીએ યોજાયેલી પક્ષની રાષ્ટ્રીય કારોબારી બેઠકમાં પક્ષના બંધારણની કલમ ૬, ૭, ૧૨, ૩૨ અને ૩૬માં ફેરફાર મંજૂર કરવામાં આવ્યાહતા, પરંતુ તે ફેરફાર અંગેનો કોઈ સત્તાવાર પત્ર કે માહિતી ચૂંટણી પંચને મળી નથી. તેથી, હવે ચૂંટણી પંચે પક્ષના બંધારણમાં કરાયેલા આ સુધારાઓને સાબિત કરવા માટે પક્ષ પાસેથી યોગ્ય અને કાયદેસરના દસ્તાવેજો તેમજ પ્રસ્તાવોની માગણી કરી હતી.

૨૭ જુલાઈના રોજ ચૂંટણી પંચ દ્વારા એનસીપીના અધ્યક્ષ સુનેત્રા પવારના નામે એનસીપીને આ પત્ર આપવામાં આવ્યો હતો. અજિત પવારના અવસાન પછી, ૨૬ ફેબ્રુઆરીએ એનસીપીની યોજાયેલી કારોબારી સમિતિની બેઠકમાં સુનેત્રા પવારને એનસીપીના રાષ્ટ્રીય અધ્યક્ષ ચૂંટવામાં આવ્યા હતા. આ પક્ષના રાષ્ટ્રીય અધિવેશનમાં, તે સમયે રાષ્ટ્રીય કારોબારી દ્વારા પક્ષના બંધારણના કલમ ૬,૭, ૧૨, ૩૨ અને ૩૬ માં ફેરફાર કરવામાં આવ્યા હતા. જોકે, પક્ષના બંધારણમાં ફેરફાર અંગેના દસ્તાવેજો અને દરખાસ્તો ચૂંટણી પંચ સુધી પહોંચ્યા નથી. આ પૃષ્ઠભૂમિ સામે આ પત્ર મોકલવામાં આવ્યો છે. આ પત્ર નિયમિત પત્રવ્યવહારનો એક ભાગ છે, એમ એનસીપી નેતા ઉમેશ પાટીલે જણાવ્યું હતું. ■

# ફૂટપાથ અતિક્રમણો અને ફેરિયાથી મુક્ત થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈના ફૂટપાથો પર મોટા પાયા પર ફેરિયાઓએ ગેરકાયદે રીતે અડિંગો જમાવ્યો છે તો અનેક જગ્યાએ મોટા પ્રમાણમાં અતિક્રમણ થઈ ચૂક્યા છે. તેથી મુંબઈગરાને ચાલવા માટે ફૂટપાથો રહી નથી ત્યારે મુંબઈ મહાનગરપાલિકા દ્વારા 'પેડેસ્ટ્રિયન ફર્સ્ટ' ઝુંબેશ અમલમાં મૂકવાની છે, જે અંતર્ગત પહેલા તબક્કામાં ૩૨૦ કિલોમીટર લંબાઈની ફૂટપાથ પરથી અતિક્રમણ હટાવવામાં આવશે. એ સાથે જ પાલિકા કમિશનર અશ્વિની ભીડેએ તમામ વોર્ડમાં ફૂટપાથને પેવર બ્લોકને બદલે એમ-૪૦ ગ્રેડ કૉંક્રિટથી બનાવવાનો નિર્દેશ અધિકારીઓને આપ્યો છે.

'પેડેસ્ટ્રિયન ફર્સ્ટ' ઝુંબેશના ભાગરૂપે પાલિકા બિસમાર હાલતમાં રહેલી ફૂટપાથને નવેસરથી બનાવવાની છે, જેમાં હવે તમામ વોર્ડ ઓફિસરોને એમ-૪૦ ગ્રેડના કૉંક્રિટનો ઉપયોગ કરીને મંજૂર ધોરણો અનુસાર કડક રીતે નવી ફૂટપાથ બનાવવાનો નિર્દેશ આપ્યો છે. પાલિકાએ પૅવર બ્લોક્સ અને સ્ટેમ્પ્ડ કૉંક્રિટના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો છે. સાથે જ ચેતવણી આપી છે કે પૉલિસીમાં કોઈ પ્રકારનો ફેરફાર સહન કરવામાં આવશે નહીં. આ પગલાં ચોમાસા દરમ્યાન વૃક્ષો તૂટી પડવાની શ્રેણીબદ્ધ ઘટનાઓ બાદ અમલમાં મૂકવામાં આવ્યા છે.

પાલિકા પ્રશાસનને તપાસમાં જાણવા મળ્યું કે રસ્તાની બાજુના વૃક્ષોની આસપાસ નાખવામાં આવેલા પેવર બ્લોક્સ અને સ્ટેમ્પ્ડ કૉંક્રિટને કારણે ઝાડના મૂળિયાના વિકાસને પ્રતિબંધિત કર્યો હતો, મૂળિયા નબળા પડવાને કારણે વૃક્ષની સ્થિરતા સાથે ચેડાં થયા હતા, જેના કારણે કેટલાંક તૂટી પડ્યાં હતાં.

પાલિકા કમિશનર અશ્વિની ભીડેએ અધિકારીઓને ફૂટપાથમાં અવરોધ ઊભી કરતી ઝાડની ડાળીઓને વૈજ્ઞાનિક રીતે કાપવા, ગાબડાં, અસમાન સપાટીઓ અને અન્ય તમામ અતિક્રમણ અને અવરોધો દૂર કરવા અને દરેક ફૂટપાથ સલામત, સુલભ અને સંપૂર્ણ રીતે ચાલવા યોગ્ય છે તેની ખાતરી કરવા નિર્દેશ આપ્યો છે. તેમણે ચેતવણી આપી હતી કે આદેશના અમલમાં કોઈ બેદરકારી જણાઈ તો આકરા પગલાં લેવામાં આવશે.

## ૩૨૦ કિ.મી. ફૂટપાથ અતિક્રમણ મુક્ત થશે

પાલિકાના આ અભિયાનના પહેલા તબક્કામાં પાલિકા સમગ્ર મુંબઈમાં ૩૨૦ કિ.મી. ફૂટપાથ પરથી અતિક્રમણ હટાવશે. કમિશનરે વોર્ડ અધિકારીઓને શાળાઓ, હૉસ્પિટલો, રેલવે અને મેટ્રો સ્ટેશનો, બસ ડેપો, બજારો અને અન્ય ઊંચાઈવાળા વિસ્તારોની નજીકના ફૂટપાથ પરથી તમામ અતિક્રમણને તાત્કાલિક દૂર કરવા કહ્યું છે, જેથી રાહદારીઓ સુરક્ષિત, અવરોધ-મુક્ત અને રાહદારીઓ માટે ચાલવાને સુલભ બની રહે. ■

# ગુડબાય ગ્લાસગો... ફરી મળીશું અમદાવાદમાં

## ૨૦૨૬ની યાદગાર કોમનવેલ્થ ગેમ્સ પૂરી થઈ, હવે ૨૦૩૦ના અવિસ્મરણીય રમતોત્સવની પ્રતીક્ષા

*અજય મોતીવાલા*

મુંબઈ: ઇંગ્લેન્ડના મહત્ત્વના હિસ્સા ગણાતા સ્કોટલેન્ડમાં સૌથી વધુ વસતી ધરાવતા અને ક્લાઈડ નદીના કિનારે વસેલા ગ્લાસગો શહેરમાં રવિવારે ૨૩મી યાદગાર કોમનવેલ્થ ગેમ્સ અનેક રોમાંચક ઉતાર-ચઢાવ સાથે પૂરી થઈ અને હવે સૌની નજર ૨૦૩૦માં ભારતના પ્રતિષ્ઠિત શહેર અમદાવાદમાં યોજાનારી ૨૪મી કોમનવેલ્થ ગેમ્સ પર રહેશે.

### સાબરમતીમાં સત્કાર

ગુજરાતમાં સૌથી વધુ વસતી ધરાવતું, જગવિખ્યાત સાબરમતી નદીને કિનારે વસેલું અને વેપાર-ઉદ્યોગથી ધમધમતું અમદાવાદ શહેર ચાર વર્ષ પછી ખેલજગત સમક્ષ અત્યાર સુધીના તમામ રમતોત્સવ કરતાં વધુ રોમાંચક અને યાદગાર કોમનવેલ્થ ગેમ્સ રજૂ કરવા મહિનાઓથી તૈયારી કરી રહ્યું છે. ગ્લાસગોમાં રવિવારે શાનદાર ક્લોઝિંગ સેરેમની સાથે ગુજરાતના નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ અમદાવાદમાં આગામી કોમનવેલ્થ ગેમ્સના આયોજન સંદર્ભે સોંપવામાં આવેલી મશાલ હર્ષભેર સ્વીકારી હતી.

આ પ્રતિષ્ઠિત મશાલ સ્વીકારનારાઓમાં ઇન્ડિયન ઑલિમ્પિક એસોસિએશનના પ્રમુખ પી. ટી. ઉષા તેમ જ ભારતના ટોચના ઍથ્લીટ નીરજ ચોપડાનો પણ સમાવેશ હતો.

### વર્લ્ડ-ક્લાસ સુવિધાઓ

ગુજરાતના નાયબ મુખ્ય પ્રધાન હર્ષ રમેશભાઈ સંઘવીએ રવિવારે રાત્રે ગ્લાસગોના શાનદાર સમાપન સમારોહને સંબોધતા કહ્યું હતું કે '૨૦૩૦માં અમદાવાદ શહેર કોમનવેલ્થ ગેમ્સ સાથે સંકળાયેલા ૭૪ દેશના હજારો ઍથ્લીટોને વર્લ્ડ-ક્લાસ માળખાકીય સગવડો તેમ જ અન્ય તમામ જરૂરી આધુનિક સુવિધાઓ પૂરી પાડશે, જેની તૈયારી અત્યારથી જ કરવામાં આવી રહી છે.'






ઓવર ટુ યુ અમદાવાદ: ગ્લાસગોમાં કોમનવેલ્થ ગેમ્સનું રવિવારે મોડી રાત્રે સમાપાન થયું ત્યારે ૨૦૩૦માં અમદવાદ યોજાનારા રમતોત્સવની સાઇન દેખાડાઈ હતી અને આ માટેની બેટન નીરજ ચોપરા, પી.ટી. ઉષા અને હર્ષ સંઘવીએ સ્વીકારી હતી. (એજન્સી)

### અમદાવાદ આપશે અવિસ્મરણીય રમતોત્સવ

ઑસ્ટ્રેલિયાનું વિક્ટોરિયા સ્ટેટ યજમાનપદની જવાબદારીમાંથી ખસી જતાં ગ્લાસગો શહેરને છેલ્લી ઘડીએ યજમાનપદ મળ્યું હતું એટલે માત્ર ૧૦ રમતની હરીફાઈઓ રાખવામાં આવી હતી, પરંતુ અમદાવાદમાં એનાથી ઘણી વધુ રમતોની સ્પર્ધા યોજાશે જેને લીધે એ રમતોત્સવ સમગ્ર વિશ્વમાં અવિસ્મરણીય બની જશે. ૨૦૩૬ની ઑલિમ્પિક ગેમ્સ પણ અમદાવાદને મળવાની પાક્કી સંભાવના છે.

### ભારત ચોથા નંબરે

ગ્લાસગોની કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય ઍથ્લીટોએ છેલ્લાં તબક્કાના ધમાકેદાર પર્ફોર્મન્સ સાથે ૧૩ ગોલ્ડ મેડલ સહિત કુલ ૩૯ ચંદ્રક જીતી લીધા હતા અને મેડલ-ટેબલમાં ભારતે છેક દસમા નંબર પરથી છેલ્લે ચોથું સ્થાન હાંસલ કર્યું હતું.

ઑસ્ટ્રેલિયા (કુલ ૧૭૦ ચંદ્રક), ઇંગ્લેન્ડ (૧૧૦) અને કેનેડા (૬૨) ટોચના ત્રણ સ્થાન પર રહ્યા હતા. ■

> "અમદાવાદમાં ૨૦૩૦ના યોજાનારા કોમનવેલ્થ ગેમ્સ માટે શહેરમાં પૂરતું ઇન્ફ્રાસ્ટ્રક્ચર છે. અમારી પાસે આજે પણ કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરવા માટે પૂરતી માળખાગત સુવિધા છે. જો આપણે હાલના માળખાના લગભગ ૨૦ ટકાના હિસ્સાને સુધારીશું તો આપણે રમતોનું સફળતાપૂર્વક આયોજન કરી શકીશું. અમે ઇચ્છીએ છીએ કે ક્રિકેટ ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સનો ભાગ બને, પરંતુ અંતિમ નિર્ણય કોમનવેલ્થ ગેમ્સનો રહેશે. અમે તેમની સાથે ચર્ચા કરી રહ્યા છીએ."
>
> – હર્ષ સંઘવી, ગુજરાતના નાયબ મુખ્ય પ્રધાન

# મુર્મૂ અને મોદીએ પોંખ્યા મેડલિસ્ટોને

નવી દિલ્હી: રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મૂ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬માં ભારતીય ટુકડીના ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ અભિનંદન પાઠવ્યા હતા. ભારતે ૧૩ ગોલ્ડ, ૧૭ સિલ્વર અને નવ બ્રોન્ઝ મેડલ સહિત કુલ ૩૯ મેડલ જીત્યા હતા.

મુર્મૂએ મેડલ જીતીને દેશને સન્માન આપનારા ખેલાડીઓની પ્રશંસા કરી હતી. રાષ્ટ્રપ્રમુખે તેમના સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ,' પર લખ્યું હતું કે, મને ખૂબ જ આનંદ છે કે ભારતીય ખેલાડીઓએ ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. મને ખાસ કરીને ખુશી એ છે કે ભારતે જીતેલા ૧૩ ગોલ્ડ મેડલમાંથી આઠ મહિલાઓએ જીત્યા હતા. હું તમામ ૩૯ મેડલ વિજેતાઓ અને આ ગેમ્સમાં યોગદાન આપનાર તમામ ખેલાડીઓને હૃદયપૂર્વક અભિનંદન આપું છું. મને વિશ્વાસ છે કે ભારતીય ખેલાડીઓ ભવિષ્યના આંતરરાષ્ટ્રીય કાર્યક્રમોમાં દેશને વધુ ગૌરવ અપાવશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર ભારતીય ખેલાડીઓની પ્રશંસા કરતા લખ્યું હતું કે, ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં આપણા ખેલાડીઓના પ્રદર્શન પર ગર્વ છે. ભારતે ૧૩ ગોલ્ડ સહિત કુલ ૩૯ મેડલ જીત્યા છે. બધા મેડલ વિજેતાઓને હાર્દિક અભિનંદન. આપણા પ્રતિભાશાળી ખેલાડીઓએ અસાધારણ કૌશલ્ય, દૃઢ નિશ્ચય અને સમર્પણ દર્શાવ્યું. તેમની સખત મહેનત દેશના યુવાનોને પ્રેરણા આપતી રહેશે. ■

# ભારતના રંગે રંગાયું ગ્લાસગો

## સમાપન સમારંભમાં ભારતીય સંસ્કૃતિની ભવ્ય ઝાંખી: શંકર મહાદેવન, ભૂમિ ત્રિવેદી સહિતના કલાકારોનો ઉત્કૃષ્ટ પરફોર્મન્સ

ગ્લાસગો: ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સના સમાપન સાથે ભારતે વિશ્વભરના લોકોને અમદાવાદની મુલાકાત લેવા માટે ભવ્ય આમંત્રણ આપ્યું હતું. સમાપન સમારોહના મંચ પર ભારતના પ્રાચીન દર્શન, આધુનિક કલા અને સાંસ્કૃતિક ભવ્યતાનું અનોખું મિશ્રણ દર્શાવવામાં આવ્યું, જે ૨૦૩૦માં અમદાવાદમાં યોજાનારા કોમનવેલ્થ ગેમ્સની શતાબ્દી આવૃત્તિની યાત્રાની સત્તાવાર શરૂઆત હતી.

રવિવારે સમાપન સમારોહમાં ગ્લાસગોએ કોમનવેલ્થ ગેમ્સની બેટન ભારતને સોંપી હતી. અગાઉ સંગીત અને નૃત્યથી વણાયેલા એક અદ્ભુત સાંસ્કૃતિક કાર્યક્રમે ભારતની ઓળખ એક એવા દેશ તરીકે સ્થાપિત કરી જ્યાં પરંપરા અને આધુનિકતા સહઅસ્તિત્વ ધરાવે છે.

આ સાથે યજમાનીની જવાબદારી સત્તાવાર રીતે સ્કોટલેન્ડથી ભારતને સોંપવામાં આવી હતી. ત્યાંથી સમારોહ ભારતના સાંસ્કૃતિક વારસાના ઉજવણીમાં ડૂબી ગયો હતો. ત્રણ ભાગોમાં બનેલું ભારતનું પરફોર્મન્સ પ્રેક્ષકોને એક એવી યાત્રા પર લઈ ગયું જેને આયોજકોએ સહિયારા મૂલ્યો, સંસ્કૃતિ અને એકબીજા સાથે જોડાયેલા રહેવાની ઉજવણી તરીકે વર્ણવી હતી.

થીમ "વસુધૈવ કુટુમ્બકમ્" હતી, જે કોમનવેલ્થના એકતા અને મિત્રતાના આદર્શો સાથે પડઘો પાડે છે. પ્રથમ પ્રદર્શનમાં ભારતના રાષ્ટ્રગીત, વંદે માતરમ્‌ની ૧૫૦મી વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવી હતી અને અભિનેત્રી માનુષી છિલ્લરના નેતૃત્વમાં નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું.

પ્રસ્તુતિનો હેતુ ભારતને એક એવી સભ્યતા તરીકે રજૂ કરવાનો હતો જે તેની વિવિધ ભાષાઓ, રિવાજો અને કલાત્મક પરંપરાઓ દ્વારા વિશ્વને આવકારે છે. આંતરરાષ્ટ્રીય પ્રેક્ષકોને ખાસ બનાવેલી ફિલ્મ દ્વારા અમદાવાદમાં રજૂ કરવામાં આવ્યા હતા.

બીજું પ્રદર્શન સંગીત પર કેન્દ્રિત હતું, જે ભારત અને સ્કોટલેન્ડ વચ્ચેનો સૌથી મજબૂત પુલ છે. ભારતીય સિતારવાદક ઋષભ શર્મા અને સ્કોટિશ સંગીતકાર રોસ એન્સલીએ સિતાર અને સ્કોટિશ પાઇપની તેમની અનોખી સાંસ્કૃતિક જુગલબંધીથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા.

અંતિમ પ્રદર્શનમાં શંકર મહાદેવન તેમના પુત્રો સિદ્ધાર્થ અને શિવમ સાથે સ્ટેજ પર પાછા ફર્યા અને ભારતના કેટલાક સૌથી પ્રખ્યાત ગીતો રજૂ કર્યા, જેમાં "સુનો ગૌર સે દુનિયા વાલોં," "ભાગ મિલ્ખા," "એ વતન મેરે વતન," અને "લહરા દો" નો સમાવેશ થાય છે. ગુજરાતી પ્લેબેક ગાયિકા ભૂમિ ત્રિવેદીએ યજમાન રાજ્ય વતી એક ખાસ પરફોર્મ કર્યું. ■



ક્યા બાત હૈ...: ગ્લાસગોમાં કોમનવેલ્થ ગેમ્સની ક્લોઝિંગ સેરેમનીમાં પર્ફોર્મ કરી રહેલા શંકર મહાદેવન અને ભૂમિ ત્રિવેદી. (એજન્સી)

# દુલીપ ટ્રોફી: કાશ્મીરના વિકેટકીપરને સોંપાઈ નોર્થ ઝોનની કેપ્ટનશિપ, અર્શદીપસિંહ પણ સામેલ

નવી દિલ્હી: દુલીપ ટ્રોફી માટે ૧૫ સભ્યોની નોર્થ ઝોન ટીમની જાહેરાત કરવામાં આવી છે. ટીમની કેપ્ટનશિપ જમ્મુ કાશ્મીરના વિકેટકીપર કન્હૈયા વધાવનને સોંપવામાં આવી છે. ભારતીય ટીમના ઝડપી બોલર અર્શદીપ સિંહને પણ ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે.

અર્શદીપને ૨૦૨૫ના ઈંગ્લેન્ડ પ્રવાસ માટે ભારતીય ટેસ્ટ ટીમમાં સામેલ કરવામાં આવ્યો હતો, પરંતુ ઈજા અને ટીમ કોમ્બિનેશનના કારણે તે ટેસ્ટ ડેબ્યૂ કરી શક્યો નહીં. તાજેતરમાં જ ભારતીય ટેસ્ટ ટીમમાંથી બહાર કરાયેલા હરિયાણાના ફાસ્ટ બોલર અંશુલ કંબોજને પણ નોર્થ ઝોન ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે.

જમ્મુ અને કાશ્મીરની ઐતિહાસિક રણજી ટ્રોફી જીત બાદ પસંદગીકારોએ રાજ્યના છ ખેલાડીઓના પ્રદર્શનને સન્માન આપ્યું છે. વધાવન ઉપરાંત, ઓપનિંગ બેટ્સમેન કામરાન ઇકબાલ, ઓલરાઉન્ડર અબ્દુલ સમદ, ડાબોડી સ્પિનર આબિદ મુસ્તાક, ફાસ્ટ બોલર સુનીલ કુમાર અને યુદ્ધવીર સિંહનો પણ ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

દિલ્હીના આયુષ બદોનીને વાઈસ કેપ્ટન બનાવવામાં આવ્યો છે. જમ્મુ અને કાશ્મીરના કેપ્ટન અને ૪૧ વર્ષીય અનુભવી બેટ્સમેન પારસ ડોગરાને ટીમમાં સામેલ કરવામાં આવ્યો નથી. પસંદગીકારોનું માનવું છે કે દુલીપ ટ્રોફી એ ખેલાડીઓ માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ છે જેઓ તેમની રાષ્ટ્રીય ટીમમાં પોતાની દાવેદારીને મજબૂત કરવા માંગે છે.

જમ્મુ અને કાશ્મીરના ફાસ્ટ બોલર આકિબ નબી રાષ્ટ્રીય ટીમની જવાબદારીઓને કારણે આ ટૂર્નામેન્ટ માટે ઉપલબ્ધ રહેશે નહીં. જમ્મુ અને કાશ્મીર પછી દિલ્હીની ટીમના સૌથી વધુ ખેલાડીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેમાં ચાર ખેલાડીઓનો સમાવેશ થાય છે. આમાં ઓપનર સનત સાંગવાન, ભૂતપૂર્વ કેપ્ટન યશ ઢૂલ, મધ્યમ ક્રમના બેટ્સમેન આયુષ દોસેજા અને બદોનીનો સમાવેશ થાય છે. નિશાંત સિંધુ, આબિદ મુસ્તાક અને અર્જુન શર્માને સ્પિન અને ઓલરાઉન્ડ વિકલ્પો તરીકે ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે.

### નોર્થ ઝોનની ટીમ

કન્હૈયા વધાવન (કેપ્ટન), આયુષ બદોની (વાઈસ-કેપ્ટન), સનત સાંગવાન, કામરાન ઈકબાલ, યશ ઢૂલ, આયુષ દોસેજા, અબ્દુલ સમદ, નિશાંત સિંધુ, અર્જુન શર્મા, આબિદ મુસ્તાક, અર્શદીપસિંહ, સુનીલ કુમાર, અંશુલ કંબોજ, યુદ્ધવીર સિંહ અને નિખિલ કશ્યપ.

# ૨૦૩૦ના યજમાન ભારતે સહેજ માટે ૨૦૨૬ના યજમાન સ્કોટલેન્ડને પાછળ રાખી દીધું: જાણો કેવી રીતે...

## બન્નેના ગોલ્ડ અને કુલ ચંદ્રક એકસરખા, પણ સિલ્વર વધુ હોવાથી ભારત ચોથા નંબરે

*અજય મોતીવાલા*

મુંબઈ: રવિવારે પૂરી થયેલી ૭૪ દેશ વચ્ચેની કોમનવેલ્થ ગેમ્સમાં ટોચના ત્રણ દેશ ઑસ્ટ્રેલિયા, ઇંગ્લેન્ડ અને કેનેડાના સ્પર્ધકો સામે ભારત પાછળ ઘણું રહ્યું હતું, પરંતુ ભારતની મુખ્ય હરીફાઈ યજમાન દેશ સ્કોટલેન્ડ સાથે હતી જેમાં ભારત મેદાન મારી ગયું.

### ભારત કેવી રીતે સ્કોટલેન્ડથી આગળ નીકળી ગયું?

સ્કોટલેન્ડ ઘણા દિવસથી ચોથા નંબર પર રહ્યું હતું, પરંતુ ભારતને મહિલા બોક્સરોના પાંચ ગોલ્ડ મેડલના તરખાટ બાદ બે પુરુષ બોક્સરો (સચિન સિવાચ અને અંકુશ પંઘાલ)એ સુવર્ણચંદ્રક અપાવ્યા એને લીધે ભારત કુલ ૧૩ ગોલ્ડ સાથે સ્કોટલેન્ડની બરાબરીમાં થઈ ગયું હતું. હવે ચોથા અને પાંચમા નંબરે કોણ એ નક્કી થવાનું હતું. બંને દેશના ગોલ્ડ મેડલ (૧૩-૧૩) ઉપરાંત કુલ ચંદ્રકની સંખ્યા પણ એકસરખી (૩૯-૩૯) હતી. હવે બન્યું એવું કે ભારતના ૧૭ સિલ્વર મેડલ સામે સ્કોટલેન્ડના માત્ર નવ સિલ્વર હતા અને ભારતના નવ બ્રોન્ઝ સામે સ્કોટલેન્ડના ૧૭ બ્રોન્ઝ હતા. બંને દેશ ૧૩-૧૩ ગોલ્ડ સાથે બરાબરીમાં હતા એટલે ચોથા નંબર પર કોણ એ નક્કી થવાનું હતું. ભારતના સિલ્વર મેડલની સંખ્યા ૧૭ હતી, જ્યારે સ્કોટલેન્ડના સિલ્વર મેડલની સંખ્યા નવ રહી એટલે ભારતને ચોથા નંબર પર આવી જવા મળ્યું.

### ટોપ પાંચના ક્રમમાં કયો દેશ?

મેડલ-ટેબલમાં દરેક દેશનો ક્રમ એણે કેટલા ગોલ્ડ મેડલ જીત્યા એના પરથી નક્કી થાય છે. ઑસ્ટ્રેલિયા (૭૦ ગોલ્ડ સહિત કુલ ૧૭૧ મેડલ) પહેલા નંબરે, ઇંગ્લેન્ડ (૨૯ ગોલ્ડ સહિત કુલ ૧૧૦ મેડલ) બીજા નંબરે અને કેનેડા (૧૯ ગોલ્ડ સહિત કુલ ૬૩ ચંદ્રક) ત્રીજા નંબરે રહ્યું હતું. ભારત અને સ્કોટલેન્ડ અનુક્રમે ચોથા અને પાંચમાં નંબરે રહ્યા.

### ભારતને ઓછા ચંદ્રક કેમ મળ્યા?

ભારત ૨૦૨૨ની ગઈ કોમનવેલ્થ ગેમ્સમાં બેડમિન્ટન, ટેબલ ટેનિસ, કુસ્તી, ક્રિકેટ, હોકી જેવી ફેવરેબલ રમતો હોવાને કારણે ૨૧ ગોલ્ડ મેડલ સહિત કુલ ૬૦ ચંદ્રક જીત્યું હતું. જોકે આ વખતે ૨૦ને બદલે માત્ર ૧૦ રમતની હરીફાઈ હોવાથી ભારતને ફક્ત ૧૩ ગોલ્ડ સહિત કુલ ૩૯ ચંદ્રક મળ્યા છે.

### આઠ ગોલ્ડ મહિલાઓએ અપાવ્યા

આ વખતે ભારતને ૧૩માંથી ૮ ગોલ્ડ મેડલ મહિલા સ્પર્ધકોએ અપાવ્યા જેમાં મીરાબાઈ ચાનુ (વેઇટલિફ્ટિંગ), શર્મિલા ધનખડ (દિવ્યાંગો માટેની ઍથ્લેટિક્સ), અસ્મિતા ડે (જૂડો), પ્રીતિ પન્વાર, જૈસ્મિન લંબોરીયા, પ્રિયા ઘંઘસ, સાક્ષી ચૌધરી અને અરુધતી ચૌધરીનો સમાવેશ છે. ■

# ફૂડ પોઈઝનિંગને લીધે હું ગોલ્ડ મેડલ ચૂકયો: ભારતીય એથ્લેટ સેલ્વા પ્રભુ

નવી દિલ્હી: કોમનવેલ્થ ગેમ્સના બ્રોન્ઝ મેડલ વિજેતા ભારતીય એથ્લેટ સેલ્વા પ્રભુનું માનવું છે કે ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં ફૂડ પોઈઝનિંગને કારણે તે ગોલ્ડ મેડલ જીતવાથી ચૂકી ગયો હતો. ભારતીય ટ્રિપલ જમ્પર સેલ્વાએ કહ્યું કે જો તે પોતાના વ્યક્તિગત શ્રેષ્ઠ પ્રદર્શન (૧૭.૦૫ મીટર) ની નજીક પણ પહોંચ્યો હોત તો તે સરળતાથી ગોલ્ડ મેડલ જીતી શક્યો હોત. સેલ્વાએ પુરુષોના ટ્રિપલ જમ્પમાં ૧૬.૫૨ મીટરના શ્રેષ્ઠ પ્રયાસ સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

આ સ્પર્ધામાં ભારતના પ્રવીણ ચિત્રાવેલ (૧૬.૫૮ મીટર)એ સિલ્વર અને સ્કોટલેન્ડના જોર્ડન સ્કોટ (૧૬.૭૨ મીટર) એ ગોલ્ડ મેડલ જીત્યો હતો. સેલ્વાએ ગ્લાસગોથી પરત ફર્યા બાદ અહીં પીટીઆઈને કહ્યું હતું કે મને અફસોસ છે કે હું ગોલ્ડ મેડલ જીતી શક્યો નહીં. હું ગોલ્ડ જીતવા માટે મારા શ્રેષ્ઠ પ્રયાસો કર્યા હતા પરંતુ હું સ્પર્ધા શરૂ થાય તે પહેલા બીમાર પડી ગયો. મને ફૂડ પોઈઝનિંગ થયું હતું. આવા સમયે તમારે તેની કિંમત તમારા પ્રદર્શનથી ચૂકાવવી પડે છે.

વધુમાં સેલ્વાએ કહ્યું કે હું માનસિક રીતે મજબૂત છું, તેથી મેં નક્કી કર્યું કે ગમે તે થાય મારું શ્રેષ્ઠ આપવાનું અને મારી જાતને આગળ ધપાવતા રહેવાનું." તમિલનાડુના ખેલાડીએ કહ્યું કે બીમારીની સીધી અસર તેના પ્રદર્શન પર પડી હતી. સેલ્વાએ કહ્યું હતું કે, હવે હું આગામી સ્પર્ધા પર ધ્યાન કેન્દ્રિત કરું છું. હું હંમેશાં તૈયાર છું અને જો હું સ્વસ્થ હોત તો વધુ સારું પ્રદર્શન કરી શક્યો હોત. હાલમાં હું મારા રન-અપ પર કામ કરવા માગું છું.

આગામી એશિયન ગેમ્સ વિશે પૂછવામાં આવતા સેલ્વાએ કહ્યું કે તે ખૂબ આગળનું વિચારી રહ્યો નથી. હું એક-એક દિવસના હિસાબે આગળ વધું છું. ફક્ત ધ્યેય નક્કી કરવાથી ગોલ્ડ મેડલની ગેરન્ટી મળતી નથી. અત્યારે મારું પ્રાથમિક લક્ષ્ય એશિયન ગેમ્સ માટે ક્વોલિફાય થવાનું છે. ■

# બુમરાહને સ્થાને કાશ્મીરી પૅસ બૉલર આકિબ નબીની પસંદગી

મુંબઈ: ભારતના સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ શ્રીલંકા સામેની આગામી બે ટેસ્ટ મેચની શ્રેણીમાંથી બહાર થઈ ગયો છે. ઇંગ્લેન્ડ સામેની વન-ડે સીરિઝ દરમિયાન ડાબા ઘૂંટણની ઈજામાંથી તે હજુ સુધી સંપૂર્ણપણે સ્વસ્થ થયો નથી. તેથી પસંદગી સમિતિએ તેના સ્થાને જમ્મુ અને કાશ્મીરના ફાસ્ટ બોલર આકિબ નબીનો ભારતીય ટેસ્ટ ટીમમાં સમાવેશ કર્યો છે.

બીસીસીઆઈએ એક નિવેદનમાં કહ્યું હતું કે જસપ્રીત બુમરાહ ઇંગ્લેન્ડ સામેની વન-ડે સીરિઝ દરમિયાન થયેલી ડાબા ઘૂંટણની ઈજામાંથી સંપૂર્ણપણે સ્વસ્થ થયો નથી અને શ્રીલંકા સામેની ટેસ્ટ શ્રેણીમાંથી તે બહાર થઈ ગયો છે.

નબીના નામની જાહેરાત કરતા બીસીસીઆઈએ લખ્યું હતું કે પુરુષ પસંદગી સમિતિએ બુમરાહના સ્થાને આકિબ નબીની પસંદગી કરી છે. આ પહેલી વાર છે જ્યારે જમ્મુ અને કાશ્મીરના કોઈ બોલરને ટીમ ઈન્ડિયામાં સામેલ કરવામાં આવ્યો છે.

આકિબ નબીએ પહેલી વાર ભારતીય સિનિયર ટીમમાં સ્થાન મેળવ્યું છે. જમ્મુ અને કાશ્મીરના આ યુવા ફાસ્ટ બોલરે છેલ્લી બે રણજી ટ્રોફી સીઝનમાં શાનદાર પ્રદર્શન કર્યું છે, કુલ ૧૦૪ વિકેટ લીધી છે. ૨૦૨૫-૨૬ રણજી ટ્રોફી સીઝનમાં તેણે ૬૦ વિકેટ લીધી અને જમ્મુ અને કાશ્મીરને પહેલીવાર રણજી ટ્રોફીનું ટાઈટલ જીતવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. ■

# નીરજ ચોપડાની એક સલાહને જોરે બ્રોન્ઝ મેડલ જીત્યો યશવીર સિંહ

નવી દિલ્હી : ભારતના ભાલા ફેંકના ખેલાડી યશવીર સિંહે ઓલિમ્પિક ચેમ્પિયન નીરજ ચોપડાએ છેલ્લી ઘડીએ આપેલી સલાહને તેમના જીવનનો શ્રેષ્ઠ થ્રો કરવાનો શ્રેય આપ્યો હતો. નીરજ ચોપડાની સલાહ માનતા યશવીર સિંહે ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં સાતમા સ્થાનેથી ઉપર આવીને બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

ફાઇનલ રાઉન્ડ પહેલા યશવીર ૮૧.૩૩ મીટરના શ્રેષ્ઠ પ્રયાસ સાથે સાતમા સ્થાને હતો, જ્યારે દક્ષિણ આફ્રિકાનો ડાઉ સ્મિટ ૮૨.૮૮ મીટરના પ્રયાસ સાથે ત્રીજા સ્થાને હતો. સોમવારે કોમનવેલ્થ ગેમ્સમાંથી પાછા ફર્યા બાદ દિલ્હીના ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર યશવીરે પીટીઆઈને જણાવ્યું હતું કે, મારે પ્રતિકૂળ પરિસ્થિતિમાંથી બહાર આવવાનું હતું. નીરજે મને મારા અંતિમ થ્રો પહેલા પ્રેરણા આપી અને મારો સાથ આપ્યો હતો. તેમણે મને ભાલો એક જ લાઈનમાં રાખવા કહ્યું અને તેનો મને ફાયદો થયો હતો.

તેણે કહ્યું હતું કે તે મારા જીવનની સૌથી મોટી ટૂર્નામેન્ટમાંની એક હતી એટલા માટે મારો એકમાત્ર ઉદ્દેશ્ય મારું ૧૦૦ ટકા આપવાનો હતો. હું ત્યાં મારું વ્યક્તિગત શ્રેષ્ઠ પ્રદર્શન કરવા માગતો હતો. મને ખુશી છે કે મેં ૮૫.૪૧ મીટરનું વ્યક્તિગત શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું અને તે પ્રદર્શન સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ભાલા ફેંકતી વખતે ભાલાને એક જ લાઇનમાં રાખવો એ એક જરૂરી ટેક્નિક છે. કારણ કે તે મહત્તમ અંતર પ્રાપ્ત કરવામાં મદદ કરે છે અને ભાલો ફેંકતા હાથ પણ દબાણ ઓછું કરે છે. પીટીઆઈએ સવાલ કર્યો હતો કે તેણે નીરજની સલાહ માનવા માટે શું કહ્યું તો યશવીરે સમજાવ્યું કે તેનો અર્થ કાનની નજીક ભાલાને પકડી રાખવો, ભાલા ફેંકવાની દિશા સાથે તેના ખભાને એક સીધી રેખામાં રાખવો અને ભાલાને સીધી રેખામાં પાછા ખેંચવો અને તે જ લાઈનમાં તેના ખભાની ઉપરથી છોડવો.

યશવીરે સ્વીકાર્યું કે તેણે કોઈપણ દબાણ વિના રમત રમી હતી, કારણ કે દરેકનું ધ્યાન નીરજ અને તેના સ્પર્ધકો પર હતું, જેમાં ઓલિમ્પિક અને ડિફેન્ડિંગ ચેમ્પિયન અરશદ નદીમ, શ્રીલંકાના રુમેશ પથિરાગે અને દક્ષિણ આફ્રિકાના એન્ડરસન પીટર્સનો સમાવેશ થાય છે.

તેમણે કહ્યું હતું કે, મારા પર કોઈ દબાણ નહોતું, કારણ કે બધાનું ધ્યાન નીરજ, નદીમ અને રૂમેશ પર હતું. મારે ફક્ત મારું ૧૦૦ ટકા આપવાનું હતું. હું મારી જાતને મારું શ્રેષ્ઠ પ્રદર્શન કરવાનું કહેતો રહ્યો. ભગવાન મારા પર મહેરબાન રહ્યા હતા. ■

# દિલ્હી હાઈ કોર્ટે ફગાવી ખેલાડીઓની અરજી, એઆઈટીએના રાજ્ય એકમોને મતદાન કરવા આપી મંજૂરી

નવી દિલ્હી: દિલ્હી હાઈ કોર્ટે ઓલ ઈન્ડિયા ટેનિસ એસોસિયેશન (એઆઈટીએ)ના ચૂંટણી માપદંડમાં સુધારો કરવાનો ઇનકાર કર્યો છે. હાઈ કોર્ટે ભૂતપૂર્વ ડેવિસ કપ ખેલાડી સોમદેવ દેવવર્મન અને ભૂતપૂર્વ ડબલ્સ ખેલાડી પૂરવ રાજા દ્વારા દાખલ કરવામાં આવેલી સમીક્ષા અરજીઓને ફગાવી દીધી છે અને તમામ સંલગ્ન રાજ્ય એકમોને સંઘની ચૂંટણીઓમાં મતદાન કરવાની મંજૂરી આપી છે પછી ભલે તેઓએ હજુ સુધી રાષ્ટ્રીય રમતગમત વહીવટ અધિનિયમ અને એઆઈટીએના સુધારેલા બંધારણનું પાલન કર્યું નથી.

જસ્ટિસ તેજસ કારિયા અને જસ્ટિસ મધુ જૈનની ડિવિઝન બેન્ચે સમીક્ષા અરજીઓને ફગાવી દેતા કહ્યું હતું કે અપીલકર્તાઓ એવા મુદ્દાઓને "ફરીથી ઉઠાવવાનો" પ્રયાસ કરી રહ્યા છે જે પરસ્પર ઉકેલાઈ ગયા હતા અને રેકોર્ડ પર એવી કોઈ સ્પષ્ટ ભૂલ જોવા મળી નથી જેના કારણે સમીક્ષા કરવી જરૂરી હોય. આ સમીક્ષા અરજી કોર્ટના ૧૮ જૂનના વચગાળાના આદેશ સાથે સંબંધિત છે, જે દેવવર્મન, રાજા અને એઆઈટીએ દ્વારા ૨૭ એપ્રિલ, ૨૦૨૪ના સિંગલ જજના નિર્ણય સામે દાખલ કરવામાં આવેલી અપીલો પર આધારિત હતી. રાષ્ટ્રીય રમતગમત વહીવટ અધિનિયમ, ૨૦૨૫ અને રાષ્ટ્રીય રમતગમત વહીવટ નિયમો, ૨૦૨૬ હેઠળ નિર્ધારિત સમયમર્યાદાને ધ્યાનમાં રાખીને બંને પક્ષો એક વચગાળાની વ્યવસ્થા પર સંમત થયા હતા. આ અંતર્ગત એઆઈટીએ પહેલા તેના બંધારણ અને પેટા-નિયમોમાં સુધારો કરશે જેથી તેમને નવા રમતગમત કાયદા સાથે સુસંગત બનાવી શકાય અને પછી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધીમાં તેની કાર્યકારી સમિતિ માટે ચૂંટણીઓ યોજાશે.

# રાજકોટ આરટીઓની ટીમે જૂન-જુલાઈમાં નિયમનો ભંગ કરતા ૩,૯૦૦ વાહનચાલકોને ઝડપ્યા, ₹૧.૩૧ કરોડનો દંડ વસૂલ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ રાજકોટ શહેરમાં ટ્રાફિક નિયમોનું પાલન કરાવવા અને માર્ગ અકસ્માતોની સંભાવના ઘટાડવા માટે તંત્ર દ્વારા કડક પગલાં લેવામાં આવી રહ્યા છે. રાજકોટ પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી (આરટીઓ) દ્વારા જૂન અને જુલાઈ એમ બે મહિના દરમિયાન હાથ ધવામાં આવેલી ખાસ ડ્રાઈવમાં ટ્રાફિક નિયમોનો સરેઆમ ભંગ કરતા ૩,૯૦૦ વાહનચાલકોને ઝડપી પાડવામાં આવ્યા છે. નિયમ વિરુદ્ધ વાહન ચલાવતા આ શખ્સો પાસેથી તંત્રએ રૂ. ૧.૩૧ કરોડથી વધુની માતબર રકમનો દંડ વસૂલ કર્યો છે.

રાજકોટ આરટીઓ વિભાગની ટીમે વાહનોમાં વીમા પૉલિસીનો અભાવ, પીયુસી વગરના વાહનો, હેલ્મેટ અને સીટબેલ્ટ વગર વાહન હંકારવું, ઓવરસ્પિડીંગ, લાયસન્સ વગર વાહન ચલાવવું તેમજ વેરિયન્ટ મોડિફિકેશન અને ઓવરલોડિંગ જેવા ગંભીર ટ્રાફિક ભંગ મામલે વાહનચાલકો સામે કાર્યવાહી કરી હતી. અકસ્માતોનું પ્રમાણ ઘટે અને લોકોમાં ટ્રાફિક પ્રત્યે શિસ્તબળતા આવે તે હેતુસર આરટીઓ સ્કોડ દ્વારા અલગ-અલગ વિસ્તારોમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

આરટીઓ અધિકારીઓ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે વાહનચાલકો નિયમોનું પાલન કરતા થાય અને શહેરના રસ્તાઓ સલામત બને તે માટે આગામી દિવસોમાં પણ આ પ્રકારની સઘન ચેકિંગ ડ્રાઈવ સતત ચાલુ રહેશે. ■

# રાજકોટનો કુખ્યાત બૂટલેગર યાકુબ મુસા મોટાણી આખરે ઝડપાયો

## અલગ-અલગ પોલીસ સ્ટેશનોમાં ૬૫ જેટલા ગંભીર ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ રાજકોટ શહેરમાં પ્રોહિબિશનના કાયદાને ખુલ્લેઆમ પડકારનાર અને લાંબા સમયથી પોલીસ માટે વોન્ટેડ બનેલો સૌરાષ્ટ્રનો કુખ્યાત બૂટલેગર યાકુબ મુસા મોટાણી (ઉ.વ. ૫૩) પોલીસના સકંજામાં આવી ગયો છે. રાજકોટ ક્રાઈમ બ્રાન્ચ (પીસીબી)ની ટીમે બાતમીના આધારે કાર્યવાહી કરીને તેને ગ્રીનલેન્ડ ચોકડી પાસેથી ઝડપી લીધો હતો.

યાકુબ મોટાણી વર્ષ ૨૦૦૮થી દારૂના ગેરકાયદેસર ધંધામાં સક્રિય છે. તેની સામે અત્યાર સુધીમાં અલગ-અલગ પોલીસ સ્ટેશનોમાં ૬૫ જેટલા ગંભીર ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. તે અગાઉ ત્રણ વખત 'પાસા' હેઠળ પણ જેલની હવા ખાઈ ચૂક્યો છે. આરોપી યાકુબ મોટાણી હાલમાં રાજકોટ શહેરના વિવિધ પોલીસ સ્ટેશનોના ૬ અને વલસાડ રૂરલના ૧ સહિત કુલ ૭ ગુનાઓમાં વોન્ટેડ હતો.

યાકુબે પોલીસની નજરથી બચવા માટે દારૂ હેરાફેરીનો નવો જ કીમિયો અપનાવ્યો હતો. તે સેલવાસને પોતાનો મુખ્ય અડ્ડો બનાવીને ત્યાંથી કોસ્મેટિક્સ પ્રોડક્ટ્સ અને અન્ય વસ્તુઓના પાર્સલ/બિલ્ટીની આડમાં ટ્રાન્સપોર્ટ મારફતે રાજકોટ તથા અન્ય શહેરોમાં અંગ્રેજી દારૂનો જથ્થો મોકલતો હતો.

ગત દિવસોમાં રાજકોટના ભક્તિનગર સ્ટેશન પ્લોટ અને ટ્રાન્સપોર્ટ ગોડાઉનમાંથી પોલીસે કોસ્મેટિક્સના પાર્સલની આડમાં મંગાવેલો લાખો રૂપિયાનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. આ રેકેટમાં યાકુબનું નામ મુખ્ય સૂત્રધાર તરીકે સામે આવ્યું હતું, જેના આધારે પીસીબીએ સઘન તપાસ હાથ ધરી તેને દબોચી લીધો હતો. પોલીસ કમિશનરની સૂચનાથી શહેરમાં દારૂની હેરાફેરી ઉપર બાજ નજર રાખવામાં આવી રહી છે, ત્યારે આ કુખ્યાત બૂટલેગરની ધરપકડથી પોલીસ વિભાગને મોટી સફળતા મળી છે. હાલ પોલીસે તેની કાયદેસરની પૂછપરછ અને આગળની કાર્યવાહી હાથ ધરી છે. ■

# જૂનાગઢના ઝાંઝરડા ચોકડી વિસ્તારમાં ટેન્કર ચાલકે સ્કૂટરચાલક વૃદ્ધને અડફેટે લેતા મોત

## પોલીસે વધુ પુરાવા માટે આસપાસના સીસીટીવી ફૂટેજ મેળવવાની તજવીજ પણ હાથ ધરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ જુનાગઢ શહેરમાં અકસ્માતોની વણઝાર વચ્ચે વધુ એક ગમખ્વાર અકસ્માતની ઘટના બની હતી. જૂનાગઢ શહેરના વ્યસ્ત ગણાતા ઝાંઝરડા ચોકડી વિસ્તારમાં પૂરપાટ ઝડપે આવી રહેલા દૂધ ટેન્કરના ચાલકે એક સ્કૂટરચાલક વૃદ્ધને અડફેટે લીધા હતા. આ ગંભીર અકસ્માતમાં વૃદ્ધને ગંભીર ઇજાઓ પહોંચતા તેમનું કરૂણ મોત નીપજ્યું હતું. મૃતક વૃધ્ધની ભાણજીભાઈ ઓધવજી પીઠડીયા તરીકે થઈ છે. ૬૭ વર્ષીય ભાણજીભાઈને ગંભીર ઈજાઓ પહોંચતા આસપાસના લોકો તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા, જો કે હોસ્પિટલ ખસેડવામાં આવે તે પહેલા જ ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું. બનાવની જાણ થતાં જ સ્થાનિક પોલીસ સ્ટેશનનો કાફલો ઘટનાસ્થળે અને હોસ્પિટલ પહોંચી ગયો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપીને પકડાયેલા ટેન્કરચાલક વિરુદ્ધ કાયદેસરની ગુનો નોંધીને આગળની સઘન તપાસ હાથ ધરી છે. પોલીસે વધુ પુરાવા માટે આસપાસના સીસીટીવી ફૂટેજ મેળવવાની તજવીજ હાથ ધરી છે. ■

# રાજકોટમાં ખેડૂતોનો સરકાર સામે ઉગ્ર વિરોધ, વીજ લાઈનો અંગેનો ૪ જુલાઈનો પરિપત્ર રદ કરવાની માગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ જિલ્લામાં ગુજરાત કિસાન સંઘર્ષ સમિતિ અને ગુજરાત કિસાન કોંગ્રેસના નેજા હેઠળ ખેડૂતો દ્વારા રાજ્ય સરકારના ૪ જુલાઈ, ૨૦૨૬ના વીજ લાઈનો સંબંધિત પરિપત્ર સામે ઉગ્ર વિરોધ નોંધાવવામાં આવ્યો હતો.

ખેડૂતોએ જિલ્લા કલેક્ટર મારફતે રાજ્ય સરકારને આવેદનપત્ર પાઠવી આ પરિપત્ર તાત્કાલિક રદ કરવાની માંગ કરી હતી. ખેડૂતોએ આક્ષેપ કર્યો હતો કે, આ પરિપત્રમાં ખેડૂતોના હિતોની અવગણના કરવામાં આવી છે અને ખાનગી વીજ કંપનીઓને ફાયદો પહોંચાડવાનો પ્રયાસ થયો છે.

ખેડૂતોએ જણાવ્યું હતું કે વીજ ટ્રાન્સમિશન લાઈનોને કારણે જમીનની




બજાર કિંમતમાં મોટો ઘટાડો થાય છે, છતાં તેના માટે પૂરતું વળતર આપવામાં આવતું નથી. આ સાથે જ વીજ લાઈનોને કારણે જીવનભર રહેતા જોખમો સામે કોઈ સુરક્ષા કે વીમાની જોગવાઈ પણ પરિપત્રમાં નથી. આવેદનમાં ખેડૂતો દ્વારા એમઆરસી કમિટીની રચનાનો પણ વિરોધ કરવામાં આવ્યો છે. ખેડૂતોનું કહેવું છે કે પોતાની જમીનની કિંમત નક્કી કરવાનો અધિકાર ખેડૂતોનો હોવો જોઈએ, સરકાર દ્વારા નિયુક્ત વેલ્યુઅરોનો નહીં.

ખેડૂત સંગઠનોએ રાજ્ય સરકાર સમક્ષ વર્ષ ૨૦૧૩ના જમીન સંપાદન કાયદા મુજબ માર્કેટ ભાવના ચાર ગણાં વળતર, ખેડૂતોની સુરક્ષા માટે સ્પષ્ટ પોલિસી અને હાલનો પરિપત્ર રદ કરીને ખેડૂતોના હિતમાં નવી નીતિ જાહેર કરવાની માંગ કરી હતી. ■

# જામનગરના ધારારનગરમાં સગીરા પર દુષ્કર્મનો આરોપી પર પોકસો એક્ટ હેઠળ ગુનો દાખલ

## પીડિતાના નિવેદન સહિતની જરૂરી કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગર શહેરના ધારારનગર વિસ્તારમાં રહેતી આશરે ૧૪ વર્ષની સગીરા પર દુષ્કર્મ આચરાયાની ગંભીર ઘટના પ્રકાશમાં આવતા ચકચાર મચી છે. સગીરાની માતાની ફરિયાદના આધારે સિટી બી ડિવિઝન પોલીસે એક સગીર આરોપી સામે પોક્સો સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર, ધારારનગર વિસ્તારમાં રહેતી સગીરા પર તે જ વિસ્તારમાં રહેતા એક સગીર શખ્સ દ્વારા અવારનવાર દુષ્કર્મ ગુજારવામાં આવ્યું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. સમગ્ર ઘટનાની જાણ સગીરાએ પોતાની માતાને કરતાં માતાએ સિટી બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદના આધારે પોલીસે પોક્સો કાયદા સહિતની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી આરોપી સગીરની શોધખોળ શરૂ કરી છે. સાથે જ પીડિતાનું નિવેદન સહિતની જરૂરી કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ઘટના કયા સંજોગોમાં બની અને તેમાં અન્ય કોઈ પાસા સંકળાયેલા છે કે નહીં તે સહિતના તમામ મુદ્દાઓની સિટી બી. ડિવિઝન પોલીસ મથકના પીઆઈ અને તેમની ટીમ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી રહી છે. ■




ભાવનગર જિલ્લાના ઘોઘાના તળાવમાં યુવાન ઊંડા પાણીમાં ડૂબી જતા એન ડી આર એફ ની ટીમ દ્વારા શોધખોર હાથ ધરવામાં આવી છે. ભેંસો લેવા જતા ઊંડા પાણીમાં ગરકાવ થયા હોવાની જાણ સ્થાનિકો દ્વારા તંત્રને કરવામાં આવી હતી. (વિપુલ હિરાણી)

# અંજારમાં લગ્નની લાલચ આપી યુવતી પર દુષ્કર્મ, આરોપી સામે ફરિયાદ દાખલ

## મરજી વિરુદ્ધ વારંવાર શારીરિક સંબંધ બાંધવાનો ગંભીર આરોપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ પૂર્વ કચ્છના અંજાર તેમજ સુરત ખાતે યુવતીને લગ્નની લાલચ આપી તેની મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધી, જાનથી મારી નાખવાની ધમકી આપવાના ગંભીર બનાવમાં એક શખ્સ સામે અંજાર પોલીસ મથકે ગુનો નોંધાયો હતો. મળતી વિગતો મુજબ, મેઘપર-કુંભારડીના આદિત્યનગરમાં રહેતા શૈલેષ ભુરા ધરણિયા (વાલ્મીકિ) નામના શખ્સે અંજારની એક યુવતી સાથે પ્રેમ સંબંધ બાંધ્યો હતો. આરોપી શૈલેષે યુવતીને લગ્ન કરવાની લાલચ આપી હતી અને વર્ષ ૨૦૨૧થી અત્યાર સુધીના સમયગાળા દરમિયાન વારંવાર બોલાચાલી કરી, ગાળો આપી તેમજ જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. આ ઉપરાંત, આરોપીએ અંજાર તેમજ સુરતના લસકાણા વિસ્તારમાં ભાડાના મકાનમાં યુવતીની મરજી વિરુદ્ધ વારંવાર શારીરિક સંબંધ બાંધ્યો હોવાનો ગંભીર આરોપ મૂકવામાં આવ્યો છે. ભોગ બનનાર યુવતીની આપવીતીના આધારે અંજાર પોલીસે આરોપી શૈલેષ ધરણિયા સામે કાયદેસરની ફરિયાદ નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

# ભાવનગરમાં મહિલા કોલેજ નજીક સ્કૂટર ચાલકે હડફેટે લેતા વૃદ્ધનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર શહેરના મહિલા કોલેજ સર્કલ નજીક બ્લડ બેન્ક પાસે રોડની સાઈડમાં ઉભેલા ૭૯ વર્ષીય વૃદ્ધને પૂરપાટ ઝડપે આવેલી સ્કૂટર ચાલકે અડફેટે લેતા તેમનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. અકસ્માતમાં અન્ય એક રાહદારીને પણ ઈજા પહોંચી હતી.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગર શહેરના હુડકો આનંદનગર વિસ્તારમાં રહેતા દેશળસિંહ પરમાર (ઉ.વ. ૭૯) મહિલા કોલેજ સર્કલ પાસે આવેલી બ્લડ બેન્ક નજીક રોડની સાઈડમાં ઉભા હતા. તે દરમિયાન દીપક ચોક તરફથી આવી રહેલા સ્કૂટર ચાલકે પૂરપાટ ઝડપે અને બેદરકારીપૂર્વક આવી હતી. સ્કૂટર ચાલકે પહેલાં દેશળસિંહ પરમારને જોરદાર ટક્કર મારી હતી અને ત્યારબાદ નજીકમાં રહેલા રોહિતભાઈ પ્રભુભાઈ રાઠોડને પણ અડફેટે લીધા હતા.

અકસ્માત બાદ આસપાસના લોકોએ ૧૦૮ મારફતે દેશળસિંહ પરમારને સર ટી. હોસ્પિટલમાં ખસેડ્યા હતા, જ્યાં માથા, હાથ અને પગમાં ગંભીર ઈજાઓને કારણે સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. જ્યારે રોહિતભાઈને પગ અને હાથમાં ઈજા પહોંચતાં સારવાર આપવામાં આવી રહી છે. મૃતકના પુત્ર દિલીપસિંહ પરમારની ફરિયાદના આધારે પોલીસે સ્કૂટર ચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ■

# મેઘપર-કુંભારડીમાં મકાન પર પોલીસનો દરોડો

## ₹ ૩.૮૮ લાખની કિંમતનો હાઈબ્રિડ ગાંજો જપ્ત, એક શખસની અટકાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ સ્થાનિક પોલીસે પૂર્વ બાતમીના આધારે અંજારના મેઘપર-કુંભારડી વિસ્તારમાં આવેલા એક મકાનમાં દરોડો પાડી ઉચ્ચ ગુણવત્તા ધરાવતો હાઇડ્રોપોનિક (હાઇબ્રિડ) ગાંજો ઝડપી પાડ્યો હતો. પોલીસે મકાનમાંથી રૂ. ૩,૮૮,૮૫૦ની કિંમતનો ૧૧૧.૧ ગ્રામ હાઇબ્રિડ ગાંજાનો જથ્થો જપ્ત કરી એક શખ્સની અટકાયત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતો મુજબ, આજે વહેલી સવારે સ્થાનિક પોલીસને ચોક્કસ પૂર્વ બાતમી મળી હતી કે મેઘપર-કુંભારડીની રામેશ્વરનગર રેસિડેન્સીના મકાન નંબર-૧૫માં રહેતો રોહિત હીરજી તુરી નામનો શખ્સ પોતાના મકાનમાં માદક પદાર્થનો જથ્થો રાખી તેનું વેચાણ કરે છે. બાતમીના આધારે પોલીસે ત્વરિત તૈયારીઓ કરી સવારે ઉક્ત મકાન પર દરોડો પાડ્યો હતો. દરોડા સમયે આરોપી રોહિત તુરી મકાનમાં જ હાજર મળી આવ્યો હતો.

પોલીસે ઘરમાં દરોડો પાડી રોહિત જે પેટી-પલંગ પર બેઠો હતો, તેની તપાસ કરતા પલંગમાંથી પ્લાસ્ટિકની ચાર થેલીઓ મળી આવી હતી. આ થેલીઓમાં આછા લીલા રંગની ડાળખીઓ ધરાવતો શંકાસ્પદ માદક પદાર્થ જોવા મળ્યો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઇ પોલીસે તાત્કાલિક એફ.એસ.એલ. અધિકારીને સ્થળ પર બોલાવ્યા હતા. પ્રાથમિક પૃથક્કરણ દરમિયાન આ પદાર્થ ઉચ્ચ ગુણવત્તાવાળો હાઇબ્રિડ ગાંજો હોવાનું સ્પષ્ટ થયું હતું. પોલીસે સ્થળ પરથી રૂ. ૩,૮૮,૮૫૦ની કિંમતનો કુલ ૧૧૧.૧ ગ્રામ હાઇબ્રિડ ગાંજો કબ્જે કર્યો હતો. અટકાયત કરાયેલા રોહિત તુરીની કડક પૂછપરછ હાથ ધરાતા તેણે આ માદક પદાર્થનો જથ્થો ચાર દિવસ પહેલા જામનગરના 'લક્કી' નામના શખ્સ પાસેથી વેચાતો લીધો હોવાની કબૂલાત આપી હતી. પોલીસે આ પ્રકરણમાં જામનગરના લક્કી નામના આરોપીને ઝડપી પાડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે. ■

# સામખિયાળીમાં રેકોર્ડ: ૪૬ કલાકમાં નોન-ઇન્ટરલોકિંગ કામગીરી પૂર્ણ, ટ્રેનોની ક્ષમતા-સુરક્ષા વધશે

## એ.આઈ. આધારિત સિગ્નલ સિસ્ટમના અમલીકરણથી માલ પરિવહન કોરિડોરની ક્ષમતા વધશે, તેમજ ટ્રેનોનું સંચાલન વધુ સુરક્ષિત, ઝડપી અને કાર્યક્ષમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ કચ્છના સામખિયાળી જંકશન ખાતે નિર્ધારિત સમયમર્યાદામાં માળખાકીય સુધારણા અંતર્ગત ૪૬ કલાકનું જટિલ નોન-ઇન્ટરલોકિંગ કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરી લેવામાં આવ્યું છે. સામખિયાળી-ભચાઉ રેલવે સેક્શનની ચાર લાઇન અને આધુનિક એ.આઈ આધારિત સિગ્નલ સિસ્ટમના અમલીકરણથી માલ પરિવહન કોરિડોરની ક્ષમતા વધશે તેમજ ટ્રેનોનું સંચાલન વધુ સુરક્ષિત, ઝડપી અને કાર્યક્ષમ બનશે.

અમદાવાદ મંડળના રેલ પ્રબંધક વેદપ્રકાશે વિગતો આપતાં જણાવ્યું હતું કે, સામખિયાળી, વોંધ અને ભચાઉ વચ્ચેના બે બ્લોક સેક્શનમાં ચાર લાઇન અને ઓટોમેટિક સિગ્નલિંગ સિસ્ટમ માટે નોન-ઇન્ટરલોકિંગ કામગીરી હાથ ધરવામાં આવી હતી. અમદાવાદ મંડળ અને ડીએફસી ટુકડીઓના આયોજનના પરિણામે આ પડકારજનક કાર્ય નિર્ધારિત સમયમાં પૂર્ણ થયું છે.

કામગીરી દરમિયાન ૧૬૨ જેટલી ટ્રેનોનું સુચારુ સંચાલન કરાયું હતું, જ્યારે બ્લોક પહેલાં માત્ર એક જ દિવસમાં રેકોર્ડબ્રેક ૩૦ માલગાડીઓ દોડાવીને માલ પરિવહન અવિરત રાખવામાં આવ્યું હતું.

આ નોન-ઇન્ટરલોકિંગ કાર્યની શરૂઆત ૩૧ જુલાઈના રોજ સવારે ૧૧ વાગ્યે કરાઈ હતી અને ૨ ઓગસ્ટે બપોરે ૩ વાગ્યે રિ-કનેક્શન મેળવી લેવાયું હતું. કુલ ૪૫ કલાક અને ૧૫ મિનિટની કામગીરી દરમિયાન ૧૬૭ રૂટ્સ, ૮૨ સિગ્નલ્સ તથા ટ્રેક, ૨૧ ક્રોસ ઓવર અને ૩ લેવલ ક્રોસિંગ ગેટ્સનું સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું હતું. પરીક્ષણ બાદ પોઇન્ટ નંબર ૧૪૨ (રિવર્સ પોઝિશન) સિવાયના તમામ સિગ્નલ ગિયર્સને સંચાલન માટે ફીટ જાહેર કરાયા છે. જોકે, લાઇન નંબર ૦૪,૦૬ અને ૦૭ હાલમાં ઇલેક્ટ્રિક ટ્રેનોના સંચાલન માટે અનફીટ દર્શાવાઈ છે. રેલવે પ્રશાસનના જણાવ્યા મુજબ, નવનિર્મિત રેલલાઇનનું નિયમિત સંચાલન રેલવે સુરક્ષા આયુક્તના નિરીક્ષણ અને મંજૂરી બાદ જ શરૂ કરાશે, જ્યારે વોંધ અને સામખિયાળી વચ્ચેની ઓટોમેટિક સિગ્નલ સિસ્ટમ વોંધ સ્ટેશનનું કામ પૂર્ણ થયા પછી કાર્યાન્વિત થશે. આ સફળ કામગીરી બદલ મંડળ પ્રબંધકે સંકળાયેલા તમામ અધિકારીઓ અને કર્મચારીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા. ■

# પોરબંદર જિલ્લાના ૧૬ ગામની જર્જરિત આંગણવાડીનું ₹ ૨.૦૭ કરોડના ખર્ચે કાયાકલ્પ થશે

## આધુનિક સ્માર્ટ ફ્લોરિંગ અને બાળકો માટે ખાસ આકર્ષક બાળ કાર્પેટ પાથરવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ પોરબંદર જિલ્લાના ૧૬ ગામની જર્જરીત આંગણવાડીનું રૂપિયા ૨.૦૭ કરોડના ખર્ચે નવીનીકરણ હાથ ધરવામાં આવશે. પોરબંદર જિલ્લા પંચાયતના કાર્યપાલક ઈજનેરની કચેરી માર્ગ અને મકાન વિભાગ દ્વારા આંગણવાડીઓના નવીનીકરણ માટે વહીવટી મંજૂરી આપી દેવામાં આવી છે. નવા આયોજન મુજબ, આંગણવાડી કેન્દ્રોનું ૬૦૦ સ્ક્વેર મીટરના વિશાળ વિસ્તારમાં નવું બાંધકામ કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, પોરબંદર જિલ્લામાં હાલ કુલ ત્રણ ઘટકોમાં ૪૮૦ આંગણવાડીઓ કાર્યરત છે. જિલ્લાના જે મુખ્ય ગામો અને વિસ્તારોની જર્જરિત આંગણવાડીઓને આ યોજના હેઠળ આવરી લેવામાં આવી છે,જેમાં ચીકાસા, રાતીયા, ઓળદર, ગોસા, બખરલા, બોરીચા, દેગામ, ખાગેશ્રી, કાટવાણા, મહીરા, નેરાણા, રાણાવાવ,પાસવારી, ગોકરણ અને ખૂંટપુર ગામોની જર્જરીત આંગણવાડીનો કાયાકલ્પ થશે. આ નવી આંગણવાડીઓમાં બાળકોના ભણતર માટે એલ.ઇ.ડી. ટીવી મૂકાશે, આધુનિક સ્માર્ટ ફ્લોરિંગ અને બાળકો માટે ખાસ આકર્ષક બાળ કાર્પેટ પાથરવામાં આવશે, કમ્પાઉન્ડની ખુલ્લી જગ્યામાં પેવર બ્લોક બેસાડવામાં આવશે, પીવાના શુદ્ધ પાણી માટે નવો બોરવેલ અને આધુનિક ફર્નિચરની વ્યવસ્થા કરાશે. ■

કચેરીના અધિકારક્ષેત્ર હેઠળ મુંદરા, મુંદરા મરીન, પ્રાગપર, ગઢશીશા, કોડાય, માંડવી અને માંડવી મરીન પોલીસ સ્ટેશનના વિસ્તારો

# મુંદરામાં નવી વિભાગીય પોલીસ અધિકારીની કચેરી કાર્યરત: મુંદરા-માંડવી પંથકના નાગરિકોને સ્થાનિક સ્તરે જ પોલીસ સહાય મળશે

## બંદરીય મુંદરા અને માંડવીના અરજદારોએ કાયદાકીય રજૂઆતો, ફરિયાદો માટે ભુજ સુધી લંબાવું પડશે નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ ગુજરાત સરકાર અને ગુજરાત પોલીસ વિભાગના નિર્ણય અનુસાર, મુંદરા ખાતે નવી વિભાગીય પોલીસ અધિકારી કચેરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ કચેરી કાર્યરત થવાથી મુંદરા અને માંડવી તાલુકાના નાગરિકોને હવેથી સ્થાનિક સ્તરે જ ત્વરિત પોલીસ સહાય ઉપલબ્ધ બનશે.

નવી કચેરી શરૂ થવાથી બંદરીય મુંદરા અને માંડવી વિસ્તારના અરજદારો તથા નાગરિકોને કાયદાકીય રજૂઆતો, ફરિયાદો અને પોલીસ વિભાગને લગતા કામકાજ માટે જિલ્લા મથક ભુજ સુધી લંબાવું પડશે નહીં, જેનાથી લોકોના સમય અને નાણાં બંનેની બચત થશે.

વર્ષ ૨૦૨૩ બેચના આઈપીએસ અધિકારી અને મુંદરા વિભાગના નવનિયુક્ત એએસપી ગૌતમ વિવેકાનંદે આ અંગે વિગતો આપતાં જણાવ્યું હતું કે, આ કચેરી બંને તાલુકાના તમામ નાગરિકોની સુવિધા માટે શરૂ કરવામાં આવી છે. આ નવી કચેરીના અધિકારક્ષેત્ર હેઠળ મુંદરા, મુંદરા મરીન, પ્રાગપર, ગઢશીશા, કોડાય, માંડવી અને માંડવી મરીન એમ કુલ સાત પોલીસ સ્ટેશનના વિસ્તારોનો સમાવેશ થાય છે.

નાગરિકોની સરળતા માટે આ કચેરી મુંદરાના જૂના બંદર રોડ પર આવેલી પ્રાંત કચેરીના કમ્પાઉન્ડમાં, મરીન પોલીસ મથકની પાસે શરૂ કરવામાં આવી છે. એએસપી ગૌતમ વિવેકાનંદે મુંદરા અને માંડવી પંથકના તમામ રહીશોને અપીલ કરી છે કે, કોઈ પણ પ્રકારની પોલીસ સહાય કે પ્રશ્ન માટે નાગરિકો આ કચેરીનો સીધો સંપર્ક કરી શકે છે. ■

# અમરેલીના રાજુલાના મોટા આગરીયા ગામમાં સાવજો ત્રાટક્યા, પશુપાલકો અને ગ્રામજનોમાં ફફડાટ

## સિંહોના આંટાફેરા વધતા પશુઓ પર શિકારનું જોખમ તોળાઈ રહ્યું છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ અમરેલી જિલ્લાના આંતરિયાળ ગામોમાં સિંહોના આંટાફેરા વધવાની સાથે ડરનો માહોલ જોવા મળી રહ્યો છે. અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના મોટા આગરીયા ગામમાં રાત્રીના સમયે ચાર સિંહો ત્રાટકતા સ્થાનિક પશુપાલકો અને ગ્રામજનોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

ગામની શેરીઓમાં બિન્દાસ ફરતા વનરાજોના ખૌફથી રેઢીયાર પશુઓમાં ભાગદોડ મચી હતી. શિકારની શોધમાં ફરતા ચાર સાવજો સીસીટીવી કેમેરામાં કેદ થયા હતા. મોટા આગરીયા ગામ ખેતી અને પશુપાલન પર નિર્ભર છે. અહીં મોટા પ્રમાણમાં લોકો પશુપાલન કરે છે. વાડી વિસ્તારોમાં સિંહોના આંટાફેરા વધતા ગાય, ભેંસ કે બકરા જેવા મૂગા પશુઓ પર શિકારનું જોખમ તોળાઈ રહ્યું છે. અગાઉ પણ પશુઓનો શિકાર થયાની ઘટનાઓ બહાર આવી ચૂકી છે. આ ઘટનાની જાણ થતાં જ સ્થાનિક વન વિભાગને જાણ કરવામાં આવી હતી.

વન વિભાગની ટીમ દ્વારા વિસ્તારમાં સિંહોની મૂવમેન્ટ પર સતત વોચ રાખવામાં આવી રહી છે. વન વિભાગ દ્વારા ગ્રામજનો અને ખેડૂતોને રાત્રીના સમયે ખેતરમાં એકલા ન જવા, અવરજવર કરતી વખતે સાવચેતી રાખવા અને સાવજ નજરે પડે તો તરત જ વન વિભાગને જાણ કરવા સૂચના આપવામાં આવી છે. ■